


કાઠિયાવાડનો કૃષકકુમાર — પેન્સિલસ્કેચ · જગજીવન શાહ

કુમાર

આવતી કાલનાં નાગરિકો માટેનું આજનું અગ્રણી માસિક

વર્ષ ૨૫ · અંક ૫ · મે ૧૯૪૭ ૨૯૩ સંસ્થાપક · રવિશંકર રાવળ

તંત્રી · બચુભાઈ રાવત



કાઠિયાવાડનું ખેડૂત કુટુંબ અલ્પ સમયમાં ઉતારેલું જલરંગી શીઘ્રાલેખન ચિત્રકાર : છગનલાલ જાદવ·

કલાકારે સ્થાન પર જ બેસીને કરેલા આ ત્વરિત રંગાલેખનમાં કાઠિયાવાડના ભાંગતા ખેડૂતની ગરીબી સ્પષ્ટ ડોકાઈ રહેલી છે.

કુમાર
મે ૧૯૪૭
અંક ૨૮૧

ચિત્રો

નર્મદાતીરનું મંદિર (રેખાંકન) રસિકલાલ પરીખ પૂઠું
અભિસારિકા શાન્તિ શાહ ત્રિરંગી મુખ ચિત્ર
જળઘોધ (ચીની કલાકૃતિ) હુઆંગ ચુન-પી પાછલા પૂઠામાં

કાવ્યો

પ્રાર્થના પિનાકિન ઠાકોર ૧૧૮
વિજન અરણ્યે રાજેન્દ્ર શાહ ૧૧૮

ચરિત્ર

કાર્લ માર્ક્સ અશોક હર્ષ ૧૧૯

વાર્તા

વાઘણનો પ્રેમ (શરદીન્દુ બંદ્યોપાધ્યાય) રમણિક મેઘાણી ૧૨૫

લેખો

અસ્થિ-વિજ્ઞાન [૮](અર્ધેન્દ્રકુમાર ગાંગુલી) સૌ.અપર્ણા ત્રિવેદી ૧૩૦
આપણી વનસ્પતિ-[૩] ગુલમહોર જયંતીલાલ દવેશંકર ૧૩૨
સ્વ. હરિકૃષ્ણ વ્યાસ ર. મ. રા. ૧૩૨
પ્રાચીન નાટ્યશાસ્ત્ર [૯] રસ યોગેન્દ્ર પ્રિયદર્શી ૧૩૩
વિયેટનામ ૧૩૬
ચીનની ચિત્રકળા ૨ ૧૩૮
રોજિંદા જીવનમાં વિજ્ઞાન-૩ નરસિંહ મૂ. શાહ ૧૩૯
કંસારાનું વિજ્ઞાન બંસીલાલ ગાંધી ૧૪૧


વિભાગો તથા પ્રકીર્ણ

નવરસ (ચિત્રબોધ) ૧૧૭
અર્જુનની માનવતા (માસિક મનન) રતિલાલ મો. ત્રિવેદી ૧૧૯
Our Friends Abroad–પરદેશી મિત્રોના પત્રો ૧૩૪
સંસારના શહેરો-[૫૯] સાઈગોન ૧૪૦
માધુકરી ૧૪૨
આ માસનું પંખી-[૧૭] કાબર ૧૪૨
વિટામિન 'સી' નટવરલાલ શાહ ૧૪૫
આ માસ ઇતિહાસમાં ૧૪૫
છેલ્લું પાનું ૧૪૬

ગ્રાહકોને

કોઇ આકસ્મિક કારણે અંક મોડો ન થયો હોય તો 'કુમાર' દર માસની ૧૫મી તારીખે બહાર પડે છે. એટલે તે અરસામાં અંક ન મળે તો તરત તેની ફરિયાદ કરવી. અકસ્માતે ગુમ થએલા અંકોની ફરિયાદોને, અમારી પાસે નકલો હોય છે ત્યાં સુધી તો પહોંચી વળવાનો અમે પ્રયત્ન કરીએ છીએ. પરંતુ એવા ગુમ થએલા કોઈપણ અંકો ભરપાઇ કરી આપવાનું કશું બંધન અમારે માથે રહેતું નથી.

કુમાર કાર્યાલય લિમિટેડ તરફથી તંત્રી મુદ્રક અને પ્રકાશક : બચુભાઈ પોપટભાઈ રાવત, મુદ્રણ-પ્રકાશનસ્થાન કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિ. ૧૪૫૪ રાયપુર અમદાવાદ.
વાર્ષિક લવાજમ રૂા.૭; પરદેશમાં રૂા.૯-૦-૦ અથવા ૧૪ શિલિંગ. છુટક નકલના બાર આના.



નવરસ : કાવ્ય, નાટક, નૃત્ય આદિમાં વસ્તુ પરત્વે ચિત્તનો વિકાર થઈને માણસમાં જુદાજુદા પ્રકારના ભાવનો ઉદ્રેક થાય છે. એ ભાવથી માનવ-હૃદયમાં આનંદ, ભય, ક્રોધ આદિ જે અનેકવિધ લાગણીઓના આત્માનંદનો અનુભવ પ્રકટે છે તેના નવ ભાગ પાડી શાસ્ત્રકારોએ તેને નવ રસ કહ્યા છે. એ નવે રસોનું જે વિસ્તૃત નિરૂપણ આ અંકમાં 'પ્રાચીન નાટ્યશાસ્ત્ર'ની લેખમાળાના હપતામાં આપેલું છે તેને ચહેરાના ભાવમાં વ્યક્ત કરતાં ચિત્રો આ ઉપર આપ્યાં છે, જે એ લેખની સાથે વાંચવાથી સવિશેષ રસબોધક થશે.

પ્રાર્થના

· ઉપજાતિ ·

સો મુગ્ધ મારાં કરણે રહો વસી
પુષ્પો વિષે જેવી રીતે પરાગ;
પ્રસુપ્ત હૈયે પ્રગટો કદી હસી
પ્રચ્છન્ન સાતે સ્વર જેમ રાગ.

પિનાકિન્ ઠાકોર

વિજન અરણ્યે

· અનુષ્ટુપ ·

એકાકી હું અહીં ?
નહિ.
સહ્યાદ્રિ ડુંગરોમાંહીં નૈમિષારણ્ય આ મહા !

ઘટાળા વડલા, આંબા, સાગ ને શીમળા ભગા
આભને ઢાંકીને ઊભાં વૃક્ષ જ્યાં કાળથી જુનાં,
વેલીએ વેલીએ જેહ સંધાયાં છે પરસ્પર.

આભથી યે વળી ઝાઝી ઢંકાઈ છે વસુંધરા,
કેર ને કાશ ને બીજી અડાબીડ વનસ્પતિ
અંગના અંચળા જેવી સોહે છે રંગની ભરી.

ભાનુના તાપ ના આંહીં; પર્ણોના રંધ્ર માંહીંથી
આવતાં કિરણો કેરો વ્યાપ્યો છે શાન્ત વૈભવ.

ઝંઝાના બળથી જે છે અનિરુદ્ધ જગે, અહીં
વાયુએ તે બની નમ્ર મોંઘા દાસત્વને ગ્રહ્યું

મંદ મંદ ડગે એમાં ભમું હું, સ્વપ્નમાં લહ્યા
વિશ્વની સાંપડી જાણે જાગ્રતિમાંહીં સિદ્ધિ આ,
મુગ્ધ આનંદની આંખે નિહાળું વન્ય રિદ્ધિને.

એકાકી હું અહીં ? નહિ.
એકાકી તો પણે, સૌની
મધ્યમાં વસવાં તો યે હૈયાનો મેળ ના જ્યહીં.

મને તો કિંતુ લાધ્યો છે રૂડો સાથ અતીતનો,
અબ્ધિ શા ઉરમાં જેના વહે છે કલ્પનાં જલ,
અનિદ્ર આદિથી જે છે ને.જે છે કોટિ ચક્ષુ :.
સર્વ કૃતિનણો દ્રષ્ટા કિંતુ કૃતિ ન જેહને,
મને તો સાથ છે એવા જ્ઞાનયોગી અતીતનો.
પગલે પગલે દોરે, દાખવે ભૂમિની કથા:

નાનું આ ઝરણું કેવું—
થાકેલી જાનકીજીની એણે ધોઇ હતી વ્યથા,
આજે યે સંસ્મરી જેને— નર્તે આનંદ પાગલ !

ને જો પેલી શિલા જેની શોભા છે સર્વત્યાગની,
શાન્ત હૈયે ઝીલ્યાં જેણે
પ્રિયાના વિરહે વ્યગ્ર રામનાં નેત્રનાં જલ.

આ ગુહા, જીર્ણતાની જ્યાં ઝરી છે રજ ચોગમ,
જાળાંથી પૂર્ણ, છે ભેજ, અંધારાં છે અવાવર.
એકદા આંહીંથી ઊઠી, યજ્ઞના ધૂમ્રની શિખા
વ્યાપતી'ની દિગન્તોમાં, પોતાના ગંધમાં ભરી
રેલાવ્યો'તો જગે જેણે સર્વ કલ્યાણનો ધ્વનિ.

ચરણે ચરણે ન્યાળું યુગના યુગ; આખરી
પેશવાઈ તણી સુણું ગાથા વીરત્વની ભરી,
ફેલાતાં ધસતાં જેણે રોધ્યાં પૂર વિધર્મનાં.

પાગવું સ્હેલ ના તેને પામ્યો:
એકાકી હું નહિ.
દૂરથી જે જુએ તેને પોતાની મોહિની વડે
આકર્ષે, આવનારાને કાજે ધારી ભયાવહ
કાળનું રૂપ જે ડારે, તેવું યે ઘોર કાનન
મને તો દાખવે સંધે અન્યો સાકાર સુંદર.

દર્ભમાં ચરતાં ટોળાં કોમળાંગી મૃગો તણાં
ગમે, તેવી ગમે ઘેરી ગર્જના હિંસ્ર પ્રાણીની.

ડાળીએ ડાળીએ ઊડે પંખીના છંદનો રવ,
રેખાળી ગતિમાં કેવું સરે સૌન્દર્ય સર્પનું !

દર્શને ભવ્ય છે કોઈ, તો કોઇ સ્પર્શ-રમ્ય છે.
કોઇ છે શ્રવણે, કોઈ સ્વાદે, તો કોઈ ગંધથી.

અહો કેવું અનાયાસે
પંચ તત્ત્વો તણું મીઠું પામ્યો હું સાહચર્ય આ !
એકાકી હું નહિ નહિ.

સર્વના સંગનો આંહીં નિધિ છે રગણે ચડ્યો
ને તેમાં ખૂટતું કૈં તો,
હૈયાના પ્રેમની ગાજી રે'છે આનંદ-ઘોષણા.

રાજેન્દ્ર શાહ



અર્જુનની માનવતા

માસિક મનન

લેખક · રતિલાલ મોહનલાલ ત્રિવેદી

મહાભારતના યુદ્ધ દરમિયાન દુષ્ટ અશ્વત્થામા બ્રહ્મરાક્ષસ બન્યો હતો. એ બ્રાહ્મણ, બ્રહ્મબન્ધુ—અધમ બ્રાહ્મણ—થયો હતો. એણે રાત્રિનો ઘોર સંહાર કર્યો ને એથી ન ધરાતાં દ્રૌપદીના નિદ્રાધીન પાંચ નિર્દોષ પુત્રોને મારી નાખ્યા. પુત્રશોકથી સાંત્વન કરવા અર્જુને રુદન કરતી દ્રૌપદીને કહ્યું, 'એ બાલહત્યારા ચાંડાલ બનેલા બ્રાહ્મણનું મસ્તક લાવી તારો શોક હું દૂર કરીશ.' આમ કહી એ અશ્વત્થામાની પાછળ દોડ્યો. અર્જુનને આવતો દેખી અશ્વત્થામાએ એની સામે બ્રહ્માસ્ત્ર સાંધ્યું. શ્રીકૃષ્ણભગવાનની સલાહથી અર્જુને પણ બ્રહ્માસ્ત્રનું સામું સંધાન કર્યું. બંને શસ્ત્રો સામસામાં છૂટ્યાં. બંનેનું સંઘર્ષણ થયું. બંને શસ્ત્રોમાંથી હિંસાનો ભયંકર અગ્નિ સળગી ઊઠ્યો અને સર્વ પ્રજા બળવા માંડી. સર્વત્ર સંહાર થઈ રહ્યો. ભાગવતકારની વાણીમાં કહીએ તો 'આ વેળા પ્રજાનો થતો સંહાર અને ત્રણે લોકનો થતો વિનાશ જોઇને અર્જુને બંને બ્રહ્માસ્ત્રોને પાછાં ખેંચી લીધાં.' પછી વેગથી દોડી જઇ અર્જુને અશ્વત્થામાને પકડી પાડ્યો ને યજ્ઞમાં જેમ પશુને દોરડાથી બાંધે તેમ બાંધ્યો.

અન્તર્યામીભગવાન શ્રીકૃષ્ણે અર્જુનની કસોટી કરવા એ આતતાયી અશ્વત્થામાને મારી નાખવા કહ્યું ને દ્રૌપદી પાસે કરેલી પ્રતિજ્ઞાનું તેને સ્મરણ કરાવ્યું. પરંતુ મનનશીલ, ધર્માત્મા અર્જુને પોતાના પુત્રોને મારનાર છતાં પણ અશ્વત્થામાને ગુરુપુત્ર સમજી મારવાની ઇચ્છા ન કરી. ભગવાન જેને પ્રિય છે ને જેના સારથિ છે એવા (गोविन्द प्रियसारथिः) અર્જુને એ દુષ્ટ બ્રાહ્મણને બાંધ્યો પણ માર્યો નહિ.

અર્જુને અશ્વત્થામાને બાંધી દ્રૌપદી સમક્ષ આણ્યો. ગુરુપુત્રને જોઇ કોમળ સ્વભાવની દ્રૌપદીએ એને પ્રણામ કર્યા ને ચાંડાલ કરતાં પણ અધિક અધમ બનેલા એ બ્રાહ્મણ પ્રત્યે એના પૂર્વ ઉપકારો માટે કૃતજ્ઞતા દર્શાવી. દ્રૌપદી એ ગુરુપુત્રનું બન્ધન પણ સહન ન કરી શકી. તેણે અર્જુનને કહ્યું, 'આ બ્રાહ્મણને છોડી મૂકો. બ્રાહ્મણ તો નિત્યગુરુ ગણાય છે. વળી આ અશ્વત્થામા ગુરુરૂપે જ વિદ્યમાન છે, અને ગુરુપત્ની કૃપી આ વીરપુત્રને લીધે જ જીવતાં રહ્યાં છે. માટે હે ધર્મજ્ઞ અર્જુન! તમારા હાથે ગુરુનું કુળ દુઃખી થવા યોગ્ય નથી; પણ એ પૂજનીય ને નમન કરવા યોગ્ય છે.'

પણ દ્રૌપદીનાં આવાં ધર્મ્ય, ન્યાય્ય, ને કરુણા તથા સમભાવથી ભરેલાં વચન સાંભળી ભીમના અન્તરમાં લેશ પણ સમાધાન થયું નહિ. એ બોલી ઊઠ્યો, 'એ દુષ્ટને અવશ્ય મારવો જોઇએ. કારણ કે એણે નિરર્થક વિનાશ કર્યો છે.' તત્કાલ ભગવાન શ્રીકૃષ્ણ બોલ્યા, 'ब्रह्मबन्धुर्नहन्तव्य: आततायी वधार्हण:'— બ્રાહ્મણ અધમ હોય તોપણ હણવા યોગ્ય નથી; પરંતુ આતતાયી તો હણવા યોગ્ય છે.'

ભગવાનનાં આ મર્મવચનમાંથી અર્જુને અવિરોધ સાધ્યો. એણે અશ્વત્થામાના વિનાશકજ્ઞાનની શક્તિને હરી લીધી. અર્થાત્ એના માથાનો મણિ કાપી લીધો ને એને બંધનમુક્ત કરી કાઢી મૂક્યો ને જીવતો જવા દીધો.

પરંતુ એ દુષ્ટે એની દુષ્ટતા ન છોડી. દ્રૌપદી ને અર્જુને જે ઉદારતા દર્શાવી ક્ષમા આપી તેની એ નરાધમ પર લેશપણ અસર ન થઇ. એણે તો ઉત્તરાના ગર્ભનો નાશ કરવા પ્રયાસ કર્યો. પણ ભગવાનની માયા ભગવતીના પ્રતાપથી ઉત્તરાના ગર્ભનું રક્ષણ થયું ને પાંડવોના વંશનું એકનું એક બીજ પરીક્ષિત બચી ગયો.

આ કથામાં ઉત્તમ સાર સમાયો છે. એમાં ઉદાર ક્ષાત્રભાવનાનું કેવું સુંદર ને મહાન ચિત્ર છે? અર્જુન ને દ્રૌપદીની ક્ષમાવૃત્તિ કેવી અસરકારક છે? આતતાયી જેવાનો પણ વધ ન કરવો પરંતુ એને જીવિતદાન આપવું અર્થાત્ એનાં પાપનો પસ્તાવો કરવા એને જીવતો રાખવો એ અર્જુનની ઉદાર દૃષ્ટિ વર્તમાન જગતમાં કેટલી બધી ઉપયોગી છે? યુદ્ધગુનેગારોને ફાંસીને માંચડે ચઢાવનાર આજના રાજતન્ત્રીઓએ અર્જુનની ઉદાર ક્ષાત્રભાવના અવશ્ય કેળવવા જેવી છે. વૈર ને ડંખ કાઢી નાખી જગતનું કલ્યાણ માત્ર દૃષ્ટિ સમક્ષ રાખનાર મહાવીરોની જગતને આજ કેટલી બધી જરૂર છે? વૈરના નિતાન્ત નાશનું ઉજ્જ્વલ ઉદાહરણ બન્યા વગર અર્થાત્ ચિત્તમાંથી વૈરવૃત્તિ નિર્મૂલ કર્યા વગર જગતની શાન્તિની સફલ સિદ્ધિ શી રીતે થાય? સકલ જગતમાં ડંખ વગરની સ્થિતિ ઉત્પન્ન કરવ એ જ એના વિકાસની વ્યાપક પ્રવૃત્તિ નથી? એ જ જીવનની પરમ કલા નથી?

કાર્લ માર્ક્સ! આજની દુનિયામાં આ નામ જેટલું ચર્ચાસ્પદ છે એટલું ભાગ્યે જ અન્ય કોઈ વ્યક્તિનું થયું હશે. કમ્યુનિસ્ટો એને પોતાનો આરાધ્ય દેવ માને છે અને એની વિચારસરણી પર લેનિન તથા સ્તાલિને કરેલાં ભાષ્યોને પોતાનાં ધર્મશાસ્ત્રો ગણે છે. બીજી બાજુ માર્ક્સવાદમાં નહિ માનનારા સમાજવાદીઓ તથા વ્યક્તિ સ્વાતંત્ર્યવાદીઓ તેને વિદ્વેષનો જનક એક દુરાત્મા માને છે.

માર્ક્સના જીવતાં જ તેની વિચારસરણી સારીપેઠે ચર્ચાસ્પદ થઈ રહી હતી. રૂસો અને મેકિયાવેલીને બાદ કરીએ તો બીજા કોઇ વિચારકની વિચારસરણી આવી ચર્ચાસ્પદ નીવડી હોવાનું ઇતિહાસમાં નથી જણાતું. પોતાની વિચારસરણી જેટલો જ પોતાના વ્યક્તિત્વનો અક્ષુણ્ણ પ્રભાવ જગત પર જમાવી જનારી વિરલ વ્યક્તિઓમાંની એક તે કાર્લ માર્ક્સ છે.

ક્રાન્તિનો એ અડગ ઉપાસક જગતનાં સઘળાં વ્યવહારમૂલ્યો બદલાવી નાખવા માગતો હતો. દુનિયાને તદ્દન નવા જ સ્વરૂપે જોવાની તેની કામના હતી. એની સિદ્ધિ અર્થેની સાધના પાછળ એ પંડનાં અને પોતાના પરિવારનાં હિતોનો પણ ભોગ આપી ચૂકેલો. જોકે એ પોતે તો એ જગત પરિવર્તનકારી સિદ્ધિ વરી નહોતો શક્યો. પણ એના પછી એના શિષ્યોએ એ સિદ્ધિ ખાતર લોહીની નીકો વહેવડાવેલી છે. આજે પણ એક વર્ગ માને છે કે રશિયન ક્રાન્તિ તથા રશિયાની હાલની વિદેશનીતિ માર્ક્સના સિદ્ધાંતોનાં જ ફરજંદો છે, જ્યારે બીજો વર્ગ તેને માર્ક્સના સંપૂર્ણ નિષેધ રૂપ માને છે. આ બંને અંતિમતાઓ વચ્ચે સત્ય કોણ જાણે ક્યાં અટવાએલું પડ્યું હશે!

કાર્લ માર્ક્સનો જન્મ જર્મનીના ર્હાઈનલૅન્ડમાં ફ્રેન્ચ સરહદ પાસે આવેલા ટ્રાયર મુકામે ઇ. ૧૮૧૮ના મેની ૫મીએ યહૂદી કુટુંબમાં થએલો ને માતાપિતા ઉભય પક્ષે એ રબ્બીઓ (ધર્મગુરુઓ) માંથી ઊતરી આવેલો. જોકે એના પિતા ભારે વિદ્વાન, અત્યંત ખંતીલા અને સાફદિલ વકીલ' હતા, છતાં તેમનામાં કે કાર્લની માતામાં એવી કોઈ

આજે આખા જગતની કાયાપલટ કરવા મથતા મહાન ક્રાન્તિકારી સિદ્ધાંત ‘સર્વસમાનવાદ’નો પિતા

કાર્લ માર્ક્સ

અસાધારણ પ્રતિભા નહોતી, જેનો કાર્લને જન્મજાત વારસો મળ્યો હોય. કાર્લના દાદાનું નામ માર્ક્સ લેવી હતું, પણ એ નામનો ઉત્તરાર્ધ ઉડાવી દઇ એણે માત્ર પૂર્વાર્ધ પોતાની અટક તરીકે રાખેલો.

ઈ. સ. ૧૮૨૪માં કાર્લ જ્યારે છ વરસની ઉંમરનો હતો ત્યારે, તેના પિતા હર્શેલ માર્ક્સે સપરિવાર ખ્રિસ્તી ધર્મ અંગીકાર કર્યો અને પોતાનું નામ બદલાવીને હાઇન્રિશ માર્ક્સ રાખ્યું. એ વખતે યહૂદીઓ પર અનેક પ્રતિબંધો લદાએલા હોવાથી તેમાંથી મુક્ત થઇને ‘યુરોપિયન સંસ્કૃતિનું પ્રવેશપત્ર’ મેળવવા એણે આ પગલું ભરેલું કેટલાકો જણાવે છે; જ્યારે બીજા કેટલાકોનું કહેવું એમ છે કે શાતો બ્રિયાંના ખ્રિસ્તી ધર્મના આદરેલા રંગદર્શી આદર્શીકરણની અસરથી તેણે એ પગલું ભરેલું. ગમે તેમ પણ કુટુંબ માટેની તેની આ અગમચેતી ને આકાંક્ષા નિરર્થક નીવડી. તેના બે મોટા છોકરા ને બે પુત્રીઓ ક્ષયથી અકાળે મૃત્યુ પામ્યાં; અને ત્રીજો તથા સૌથી લાડકો કાર્લ પણ તેની આકાંક્ષા પર પાણી ફેરવીને અંતે ઓગણીસમી સદીના એક અતિ કરુણ ઘટનાનાટકનો નાયક બની ગયો દુનિયાને મન કદાચ અતિ પ્રતિભાવાન એ કાર્લ તેની માતાના મતથી ‘અંગારો’ નીકળ્યો. કેમકે તેણે ‘મૂડી કમાવાને બદલે મૂડીનો ઉપહાસ કર્યો.’

કુમારાવસ્થામાં કાર્લ જેવો તેજસ્વી વિદ્યાર્થી હતો, એવો જ ‘અવ્યવહારૂ સ્વપ્નદ્રષ્ટા’ હતો. વિદ્યાર્થીકાળથી જ તેણે પોતાનું જીવન ‘બંધુ-સેવા’ને અર્પણ કરેલું. ઓછામાં ઓછો નફાકારક પણ વધુમાં વધુ રસદાયક ધંધો! જોકે તેના પિતાએ તો તેના પર આશા બાંધેલી ને ઓગણીસમે વરસે કાર્લે જ્યારે પોતાની પડોશની જેની ફૅાન વેસ્ટફાલેન નામની અત્યંત સુંદર છોકરી સાથે સગાઈ કરી નાખી ત્યારે તો પિતાએ પોતાની આશા પર જાણે સોનેરી ઓપ અનુભવ્યો. કેમકે અઢારસત્તરસનો આ યહૂદી જવાનડો ટ્રાયર શહેરના અમીરી સમાજની સર્વશ્રેષ્ઠ સુંદર કન્યાનું દિલ જીતી લે એ ન ભૂતો ન ભવિષ્યતિ હતું.

પરંતુ નાનપણથી જ બંડખોર સ્વભાવના એ છોકરાએ માબાપની બધી આશામગ્નતા ટૂંક સમયમાં આશાભગ્નતામાં પલટાવી નાખી. તોફાનો અને બંડ કરવાને કારણે કાર્લને પહેલાં બૉન મુકામે અને પછી બર્લિન મુકામે મુશ્કેલીમાં મુકાવું પડ્યું. તેના પિતાના એ વખતના પત્રો પુત્રના અહંકાર બદલ, માવિત્રોની ઉપેક્ષા બદલ, તેના ઉડાઉપણા અને જંગલી તોફાનો બદલ ઠપકાથી ભરેલા છે. કાર્લનું હૃદય તેના મગજ જેટલું ઉમદા ન હોવાનું તેમાં જણાવ્યું છે, તેના પર સવાર થએલા લાગતા દૈત્ય બદલ ખેદ દર્શાવવામાં આવ્યો છે, તથા તેની ભાવી પત્ની ‘જેની’ માટે એ જે અનિશ્ચિત ભાવી તે સર્જી રહ્યો હતો તેનો પણ ખ્યાલ આપ્યો છે.

કાર્લની ઉચ્છૃંખલતાને બાદ કરીએ તો તેની બહુમુખી પ્રતિભા આશ્ચર્ય ઉપજાવે તેવી હતી. કોઇ વિષય તેને માટે કઠિન કે દુર્બોધ નહોતો. ઇતિહાસ જેટલો જ રસ એને સાહિત્યમાં, ભૂગોળ જેટલો જ કાયદાશાસ્ત્રમાં અને તત્ત્વજ્ઞાન જેટલો જ રસ કલા-સૌન્દર્યમાં હતો. સર્વજ્ઞ બનવા જાણે એણે કેડ કસેલી હોય તેમ સઘળા જ વિષયો એ વાંચતો અને સઘળા જ વિષયો પર લખતો. કવિતા સુદ્ધાં એણે લખેલી! પુત્રને ઉચ્ચ દરજ્જાનો એક સરકારી અમલદાર અથવા છેવટે વગદાર વકીલ જોવાની પિતાની ઉમેદ ઉપર તેની આ સઘળી પ્રવૃત્તિ ઠંડું પાણી રેડયે જતી. ‘ઊંડા સાગરને તળિયે ડૂબકી મારી . . . તળિયાનાં અમૂલ્ય રત્નોને પ્રકાશમાં લાવવા’ની પોતા-



પોતાની વિચારસરણી જેટલો જ પોતાના વ્યક્તિત્વનો અક્ષુણ્ણ પ્રભાવ જગત ઉપર જમાવી જનાર વિરલ વ્યક્તિઓમાંનો એક

ની, મહત્ત્વાકાંક્ષા હોવાનું તેણે ઈ. સ. ૧૮૩૭ના નવેમ્બરની ૧૦મીએ તેના પિતા પર લખેલા એક પત્રમાં જણાવ્યું છે.

એ અરસામાં તાજેતરમાં જ અવસાન પામેલા જર્મન તત્ત્વજ્ઞ હેગલની કાર્લના માનસ પર બહુ ઊંડી છાપ પડેલી. બર્લિન યુનિવર્સિટીમાં એ તરુણ હેગેલિયનો સાથે જોડાયો. પ્રુશિયાની પછાત અને દમનકારક સરકાર સામે બંડ જગાવવું એ આ તરુણ હેગેલિયનોનો આશય હતો. પરંતુ હેગલની કેટલીક ધર્માભાસી વિચારણા કાર્લનું બંડખોર માનસ સહી ન શક્યું અને એ ચુસ્ત નિરીશ્વરવાદી બન્યો. ડેમોક્રીટસ અને એપીક્યુરસની દર્શનપદ્ધતિ પર થીસીસ (મહાનિબંધ) લખીને એણે જીના યુનિવર્સિટીની પી.એચ.ડી.ની ઉપાધિ મેળવી અને બૉન યુનિવર્સિટીમાં પોતાને પ્રવક્તાપદ મળવાની રાહ જોવા લાગ્યો. એ પદ એને મળ્યું હોત તો સમાજવાદનો ઇતિહાસ કદાચ જુદો જ હોત. પરંતુ યુનિવર્સિટીના સૂત્રધારોને તેની બંડખોર વિચારસરણી પાલવે તેમ નહોતી, એટલે શિક્ષણ-ક્ષેત્રનાં દ્વાર તેના માટે બંધ થયાં.

જેનો લખેલો કૅપિટલ (મૂડી) નામનો મહાગ્રંથ સામ્યવાદીઓને મન આજે વેદવાક્ય સમો છે.



માર્ક્સનો ગુરુ હેગેલ : મહાન જર્મન તત્ત્વશાસ્ત્રી—જેના વિચારસરણીએ પ્રશિયન રાજ્યને ગૌરવાન્વિત કર્યું અને જેની ફિલસૂફીના પાયા પર આગળ વધી માર્ક્સ ક્રાન્તિવાદી બન્યો.

પરિણામે, કાર્લ માર્ક્સે પત્રકારત્વના ક્ષેત્રમાં ઝંપલાવવાનું નક્કી કર્યું. ઇ. ૧૮૪૨ની ૧લી જાન્યુઆરીથી 'હાઇનિશ ત્સાઇટુંગ' નામે પત્ર પ્રસિદ્ધ થવા માંડ્યું, એનો તંત્રી માર્ક્સનો દોસ્ત હતો. એના કહેવાથી કાર્લ એમાં લખવા માંડ્યો. અને એ જ વર્ષના ઑક્ટોબરમાં પોતાના મિત્રની નિવૃત્તિ પછી તે એ પત્રના તંત્રીપદે આવ્યો.

ધોધબંધ વહેતી મુક્ત વિચારધારા અને કોરડાના સટાકા બોલાવતી હોય તેવી જોરબંધ જેવી ભાષાના તેના ચાબખાએ સર્વત્ર ખળભળાટ મચાવી મૂક્યો અને જોતજોતામાં તે ક્રાન્તિકારીઓનો અગ્રણી બની ગયો. એ વખતના વિખ્યાત ઇતિહાસલેખક મોઝિઝ હેસે, બર્થોલ્ડ આવરબાખ નામના નવલકથાકાર ઉપરના પત્રમાં કાર્લનો પરિચય આપતાં લખેલું, 'એ આજના વિદ્યમાન ચિંતકોમાં શિરમોર છે—બલ્કે એ એક જ ખરો ચિંતક-ફિલસૂફ છે. હજુ તો તે કેવળ તરુણ છે—ભાગ્યે જ ચોવીસેક વર્ષ થયાં હશે—પણ ગંભીર ને ઉત્કટ ચિંતનશીલતા સાથે એટલા જ તીણા કટાક્ષનું તેનામાં મિશ્રણ છે. રૂસો, વૉલ્તેર, હૉલબાખ, હાઇન અને હેગલ, એ બધાનો સમન્વય કરો એટલે ડૉ. કાર્લ માર્ક્સનો તમને ખ્યાલ આવશે.'

આવા માર્ક્સની નેતાગીરી નીચે જર્મનીનો બુદ્ધિશાળી યુવકવર્ગ કવિ ગેટેએ શરૂ કરેલી સાહિત્યિક બંડખોરીથી આગળ વધીને સામાજિક બંડખોર બનવા માંડ્યો. કવિતાના પ્રાસ અને નાટકોના પ્લૉટની ક્રાંતિ કરવાની વાતો છોડીને હવે તેઓ ખુદ જીવનનાટકના પ્લૉટ પલટાવી નાખવાને ઉદ્યુક્ત બન્યા.

પણ અંતે રશિયાના ઝારની શાસનપદ્ધતિની નિંદા કરવાના નિમિત્તે મજકૂર પત્ર પર તવાઈ લાવવામાં આવી. એટલે જેનીને સાથે લઈ ૧૮૪૩ના શિયાળામાં એ પારીસ ઊપડ્યો ત્યાં રહીને એણે હેગલના 'કાયદાનું તત્ત્વજ્ઞાન' (Philosophy of Law) નામના ગ્રંથનો પ્રવેશક લખ્યો, જે વૈજ્ઞાનિક સમાલોચનાની નજરે આજે પણ મૂલ્યવાન ગણાય છે.

પારીસમાંના અભ્યાસ, અધ્યયન ને નિરીક્ષણે તેને પાકો ક્રાન્તિકારી બનાવ્યો. ક્રાન્તિના પર્યાયમાં જ એ વિચારવા લાગ્યો. તેનાં એ કાળનાં લખાણોમાં તેની ભાવિ ફિલસૂફીનાં બીજકો વેરાએલાં છે: 'ધર્મ એ તો આમજનતાને ઘેનમાં રાખવાનું અફીણ છે;' 'જ્યાં રાજાશાહી બહુમતિમાં હોય ત્યાં માનવતા લઘુમતિમાં હોય છે.' ગરીબીને એ કુદરતી નહિ પણ મૂડીદારોની અકુદરતી પેદાશ તરીકે જોવા લાગ્યો ને એથી છૂટવા માટે ખાનગી મૂડીના નાશને એ તરણોપાય ગણવા માંડ્યો. તત્કાલીન સમાજરચનાનો સંપૂર્ણ નાશ કરીને 'માનવજાતનો નવજન્મ' સાધવા તે પ્રવૃત્ત થયો. તેના કહેવા પ્રમાણે 'તત્ત્વજ્ઞોએ અત્યાર સુધી તો જગતની માત્ર સમજૂતી જ આપ્યા કરી છે, પરંતુ આપણું કામ તો જગત કેમ બદલાવી નાખવું એ છે.'

માર્ક્સના જીવનનો તેનો મહાન મિત્ર અને સહકારી પણ તેના આ પારીસ-નિવાસ દરમિયાન જ તેને પ્રાપ્ત થયો, અને તે, પ્રુશિયામાં બાર્મેન મુકામે તથા ઇંગ્લંડમાં માંચેસ્ટર મુકામે મિલો ધરાવતા મિલમાલિકનો પુત્ર ફ્રેડરિક ઍંજલ્સ. માર્ક્સ કરતા ઉંમરમાં એ બે વર્ષ નાનો હતો. કૅલ્વિન સંપ્રદાયના પોતાના પિતાની કઠોર ધર્માંધતાએ તથા બાર્મેનના ઔદ્યોગિક કામદારોની પતિતાવસ્થાએ ઍંજલ્સમાં બંડખોરીનાં બી વાવ્યાં હતાં.

બાહ્ય નજરે તો માર્ક્સ અને ઍંજલ્સ એકબીજાથી તદ્દન ઊલટા જ હતા. માર્ક્સ બેઠી દડીનો, મજબૂત અને ભરાવદાર સીનાનો તથા કાજળકાળાં દાઢીમૂછ ધરાવતો હતો; જ્યારે ઍંજલ્સ ઊંચો, પાતળો, ભૂરી આંખો તથા સુંદર વાળ ધરાવતો હતો. માર્ક્સ ગંભીર, ચિંતનરત, અધ્યયનશીલ, અનાકર્ષક અને નાફરમાન હતો; જ્યારે ઍંજલ્સ આનંદી, મળતાવડો અને સંગીત શિકાર તથા અન્ય રમતગમતોનો શોખીન હતો. આમ છતાં ૧૮૪૪માં બંનેની પહેલવહેલી મુલાકાતે જ ઉભયનાં અંતરોએ એકબીજાને પ્રીછી લીધા, કારણ બંનેનો સહાનુભૂતિનો પ્રવાહ એક જ દિશામાં વહેતો હતો. દસ દિવસ સુધી તો એ સતત એકબીજા સાથે વાતો જ કરતા રહ્યા!

બસ, ત્યારથી આ બંને મિત્રોનાં જીવન અને કાર્ય અવિયોજ્યપણે એક સાથે જ સંકળાએલાં રહ્યાં છે.—જોકે માર્ક્સ એ સહયોગમાં પોતાના સ્વભાવ પ્રમાણે વર્ચસશાળી રહ્યો છે, પરંતુ માર્ક્સની ભાવી કારકીર્દિ ઍંજલ્સના જ સાહિત્યિક અને આર્થિક મદદથી સ્થાપિત થવા પામી એ હકીકતનો ઇન્કાર થઈ શકે તેમ નથી.

ફ્રાન્સમાં ત્યારે પ્રૂધોંનો સમાજવાદી પ્રભાવ ખૂબ પડતો. માર્ક્સ એની સાથે કલાકો પર્યંત બેસીને હેગેલના વિરોધવિકાસવાદ (dialectic)ની ચર્ચા કરતો. પરંતુ એ ચર્ચાની કશી ફલશ્રુતિ થતાં પહેલાં જ પ્રુશિયન સરકારના કહેવાથી માર્ક્સને ફ્રાન્સમાંથી હાંકી કાઢવામાં આવ્યો. પ્રૂધોં મૂડીવાદનાં દૂષણો સમર્થપણે દર્શાવી શક્યાં હતો, પરંતુ એ દૂષણોમાંથી છૂટવાનો સહજ માર્ગ તે મેળવી નહોતો શક્યો. વળી પ્રૂધોંનો સમાજવાદ બેનીવિષયક હતો, જ્યારે માર્ક્સ ઔદ્યોગિક સમાજવાદનો હિમાયતી હતો. પ્રૂધોં શબ્દાડંબરમાં જ રાચતો, જ્યારે માર્ક્સ હકીકતોને જ વળગી રહેતો. પરિણામે બંનેના વિચારભેદે ઝગડો ઊભો કર્યો. માર્ક્સે 'દર્શનશાસ્ત્રની દરિદ્રતા' આલેખી અને સામાજિક ક્રાન્તિમાં આર્થિક ક્રાન્તિ પણ અંતર્હિત હોવાનું પ્રતિપાદન કરીને યુરોપિયન સમાજવાદને નવી દિશા આપી.

પણ એ સુખ સની ક્રાન્તિકાર ન હતો. પારીસમાંથી હાંકી કાઢવામાં આવતાં તે બ્રુસેલ્સ ગયો. ઍંજલ્સે પોતાના ગ્રંથાલયનાં શ્રેષ્ઠ પુસ્તકો તેને કાઢી આપ્યાં અને બંને જણ યુરોપનાં મુખ્ય શહેરોમાં

શાખાઓ ધરાવતી તથા જર્મન કામદારોએ ઊભી કરેલી 'લીગ ઑવ ધ જસ્ટ'માં જોડાઇ ગયા. થોડા જ સમયમાં, મુખ્યત્વે એંજલ્સના પ્રયાસે, એ લીગ 'કમ્યુનિસ્ટ લીગ' તરીકે રૂપાંતર પામી. એની બીજી સંમેલન વખતે માર્ક્સ અને એંજલ્સે એમનું જગપ્રસિદ્ધ 'કમ્યુનિસ્ટ જાહેરનામું' પ્રસિદ્ધ કર્યું. એ જાહેરનામાની વિગતોમાં ઊતરવાનું અહીં જતું કરીને એટલું જ કહેવું પૂરતું થઇ પડશે કે અન્યાય સામેના કેવળ વિરોધપ્રદર્શનને સ્થાને એમણે નવી દિશા અને નવું દર્શન પૂરાં પાડ્યાં, તથા સમાજવાદને રાજતંત્ર સામેની માત્ર કાવતરાંખોરીને બદલે ચોક્કસ ઉદ્દેશ તથા ઐતિહાસિક ભૂમિકા પૂરાં પાડ્યાં. એ પુસ્તક દ્વારા જ માર્ક્સે તે જમાનાના યુરોપના કામગારોને એકત્ર કરી ક્રાંતિનો માર્ગ સૂચવ્યો.


'કમ્યુનિસ્ટ જાહેરનામું' બહાર પડ્યા પછી તરતમાં જ પારીસમાં ક્રાન્તિ ફાટી નીકળી. બેલજિયન સરકારે અગમચેતી વાપરીને માર્ક્સને બ્રુસેલ્સમાંથી હાંકી કાઢ્યો. 'જુલ્મગારીએ તમને હાંકી કાઢ્યા છે, પરંતુ આઝાદ ફ્રાન્સ પોતાનાં દ્વાર તમારા માટે ખુલ્લાં મૂકે છે', એવા ફ્રાન્સની કામચલાઉ સરકારના લખાણ પરથી માર્ક્સ પારીસ ગયો, પરંતુ ત્યાં બહુ થોડો જ વખત રોકાયો; કારણકે જર્મનીમાં પણ સર્વત્ર બંડો ફાટી નીકળ્યાં હતાં. એટલે માર્ક્સ 'કમ્યુનિસ્ટ લીગ'ના પોતાના કેટલાક સહકારીઓને લઇને કોલોન ઊપડ્યો અને ત્યાં 'ન્યૂ ર્હાઇનિશ ત્સાઇતુંગ'નું તંત્રીપદ સંભાળ્યું. પણ જર્મન ક્રાન્તિ નિષ્ફળ ગઈ અને 'ન્યૂ ર્હાઇનિશ ત્સાઇતુંગ' પત્રને મોંએ ડૂચો દેવાયો. એટલે કાર્લ પાછો પારીસ ગયો. પરંતુ પારીસમાં યે દમનરાજ શરૂ થએલું હોઇને ફ્રેન્ચ સરકારે ઇ.સ. ૧૮૪૯ના જુલાઇમાં તેને ફ્રાન્સમાંથી હાંકી કાઢ્યો.

જર્મન ક્રાન્તિની નિષ્ફળતાએ તથા 'ન્યૂ ર્હાઇનિશ ત્સાઈતુંગ'ના દમને માર્ક્સને નિષ્કંચન બનાવી દીધો હતો. જર્મનીમાંથી દેશનિકાલ થવાને કારણે એણે પોતાની પ્રુશિયન નાગરિકતાનો ત્યાગ કરી દીધેલો અને ત્યારથી એ એક બેવતન આદમી જ રહ્યો હતો.

એવી કટોકટીની વેળાએ કોઈ પણ દેશ તેને સંઘરવા તૈયાર હોય તો તે ઇંગ્લંડ. યુરોપના સર્વ દેશોમાં ઇંગ્લંડ એ કાળે ઉદાર વિચારવાદી હતું અને 'ક્રાંતિવાદીઓનું કાશી' ગણાતું. આપમુખત્યાર રાજાશાહીથી મુક્ત હોવાને કારણે ક્રાંતિની બીકથી પણ તે મુક્ત હતું ને યુરોપભરના દેશોમાંથી હદપારી પામેલા બધા ઉદ્દામ વિચારવાદી ક્રાંતિકારીઓ અને બંડખોરોને તે આશ્રય આપતું. ઇંગ્લંડની સરકારની આ ઉદાર મહેમાની એ ઓગણીસમી સદીના ઇતિહાસનું એક ઊજળું પાનું છે.

માર્ક્સ ઇંગ્લંડ આવ્યો ત્યારે માત્ર ૩૧ વરસની વયનો હતો. એની પત્ની અને ત્રણ બાળકો સહિત પાંચ જણનું એ કુટુંબ હતું અને થોડાં જ અઠવાડિયામાં છઠ્ઠા (બાળક)નો ઉમેરો થવાનો હતો. આવડા કુટુંબનું પોષણ કરવા માટે કાર્લ પાસે એક દમડી પણ ન હતી. અકિંચન આમ જનતાનો એ ઉગ્ર વકીલ જાતે પણ અકિંચન હતો.

ઇંગ્લંડમાં કોઇકે એ સમયે એનું વર્ણન કર્યું છેઃ 'ઘાટા કાળાવાળ અને મોટી ગોળ દાઢીવાળા કાર્લના હાથ પણ ઘેરા વાળથી ભરેલા છે. અને આડાંઅવળાં બટન ભીડેલો લથરપથર ઓવરકોટ તેણે પહેરેલો છે. પણ બાહ્ય દેખાવે ગમેતેવો લઘરવઘર હોવા છતાં જોતાંવેંત આદરમાન માગી લે એવો સત્તાવાહી તેનો પ્રભાવ છે. એનું હલનચલન વિચિત્ર, પણ હિંમત અને આત્મવિશ્વાસની અડગતાથી નીતરતું લાગે. તેની રીતભાત પણ સામાન્ય સામાજિક વિવેકમર્યાદાની દૃષ્ટિએ બહુ તોછડી લાગે. તેનો દેખાવ ગુમાની અને તુચ્છકાર



માર્ક્સનો મિત્ર : એન્જલ્સ · શ્રીમંત મિલમાલિકનો બુદ્ધિધન પુત્ર—જેણે મૂડીવાદી વિચારસરણી સામે બળવો પોકારી માર્ક્સને જીવનભર તનમનધનથી સાથ આપ્યો.

ભરેલો છે અને ધાતુના રણકા જેવો તેનો અવાજ કર્કશ છે. છાકથી ભરેલો તે વાતવાતમાં છેડાઈ પડે છે અને પોતાથી વિરુદ્ધ અભિપ્રાયવાળાઓને તીણા અસહિષ્ણુ કટાક્ષોથી ડામે છે. આમ છતાં તે જ્યારે સ્વસ્થ હોય છે ત્યારે તદ્દન નિર્માની, સુજન, ઋજુ, વિવેકી અને માયાળુ હોય છે.'

પણ તેનું આ ચીડિયાપણું તેની ઇંગ્લંડમાંની ત્રાસદાયી દશાને કારણે હતું. ઇંગ્લંડમાંનો તેનો વાસ એટલે આર્થિક તંગીની વિટંબના અને યાતનાઓનો ઇતિહાસ. છ માણસનું એ કુટુંબ બે નાની ઓરડીઓમાં ઠસાઇને રહેતું. ગરીબી એવી હતી કે બીજે દિવસે ખાવાનું પણ મળશે કે નહિ તેની ખાતરી ન હતી. કપડાં અને જોડા સુદ્ધાં ગીરવી મૂકી દેવાયાં હતાં, એટલે કાર્લને આખો દિવસ ઘરમાં જ ગોંધાઈ રહેવું પડતું.

ઇંગ્લંડ આવ્યા પછી ત્રીજા વરસની વાત છે. ૧૮૫૨ના ઇસ્ટરમાં તેની નાની પુત્રી બ્રાન્સિસ્કાને બ્રૉંકાઇટિસ થયો. પાસે એક પેન્સ પણ નહિ. ત્રણ દિવસ સુધી રોગની સામે જંગ ખેલી પુત્રી મરણ પામી. એક ફ્રેન્ચ મિત્રે બે પાઉન્ડ આપ્યા ત્યારે એને માટેની કૉફિન ખરીદાઇ. બાળકી જન્મી ત્યારે એને માટે ઘોડિયું ન હતું, મરી ત્યારે કૉફિન ન હતું!

ઘણી ય વાર આખા કુટુંબને નકોરડા ખેંચવા પડતા. પરંતુ આવી સ્થિતિમાં યે જો કોઈ અતિથિ આવી ચડતો તો માર્ક્સ તેનો સત્કાર કરવા આકાશપાતાળ એક કરતો. આખા કુટુંબ માટેની એક રોટીમાંથી અરધોઅરધ તો અતિથિને મળી જ રહેતી.

આવી વિષમ સ્થિતિમાં માર્ક્સ કુટુંબ ટકી રહેલું તે એમના મિત્ર ફ્રેડરિક એંજલ્સને લીધે, જ. પિતાની મિલમાં એ કાળે હિસાબનીસ તરીકે કામ કરતો એંજલ્સ પોતાની મર્યાદિત આવકમાંથી પણ સતત મદદની ધારા વહેવડાવ્યે રાખતો. માર્ક્સ અને તેના કુટુંબ માટે

ઍંજલ્સે કરેલો દિલભર આત્મત્યાગ માનવતાના ઇતિહાસમાં એક ધન્ય ઉદાહરણ છે. એમના આખા મૈત્રીકાળ દરમ્યાન માર્ક્સ તરફથી સતત આર્જવભર્યાં માગણીપત્રો આવ્યા કરેલા અને એટલા જ સાતત્યથી ઍંજલ્સે નાણાંની અખૂટ ધારા વહેવડાવેલી. કોઈ દિ નકાર તો શું પણ આનાકાનીનો યે એક શબ્દ નહિ. એક વખત તો માર્ક્સે એને લખેલું 'ફરી આ મદદની માગણી કરવા કરતાં તો હવે મારો અંગૂઠો કાપી નાખવાનું મને મન થાય છે!' અને જવાબમાં, ઍંજલ્સ તરફથી, હંમેશની જેમ દસ પાઉન્ડનો ચેક મળે છે, પછી પંદરનો મળે છે, ક્રિસ્ટમસ વખતે વળી પચીસ પૌંડની ભેટ મળે છે,—અને એમ એ પ્રવાહ આવ્યે જ જાય છે.

એકાદ બે ટૂંકા ગાળા સિવાય પોતાનું શેષ જીવન તેણે લંડનમાં જ વીતાવ્યું. લંડનમાં એ લગભગ અતડા જેવો જ રહ્યો હતો. જૉન સ્ટુઅર્ટ મિલ જેવા એ જમાનાના અગ્રણી વિચારકની પણ એણે કદી મુલાકાત ન લીધેલી. બધા પ્રત્યે એ સાશંક રહેતો. રશિયન ક્રાન્તિકારી બાકુનિન એની મુલાકાતે આવતો ત્યારે પણ એ તેને ઠંડો આવકાર આપતો, કારણ બાકુનિનને તે પોતાની પાછળ પડેલો સરકારી જાસૂસ માનતો. જુદાજુદા દેશોમાંથી હકાલપટ્ટી પામેલા આદમીનું માનસ એવું શંકાશીલ બની જાય એ અસંભવિત પણ નથી.

લંડનમાં રહીને માર્ક્સે એના મહાગ્રંથ 'કૅપિટલ' પાછળ મુખ્ય લક્ષ આપવા માંડ્યું, જે ગ્રંથ આજે એના અનુયાયીઓને માટે બાઇબલ સમાન થઈ પડેલો છે. સાથોસાથ માર્ક્સ અને ઍંજલ્સ બંનેએ મળીને સમાજવાદીઓની એક આંતરરાષ્ટ્રીય સંસ્થા (ફર્સ્ટ ઇન્ટરનૅશનલ)ની આયોજના કરવા માંડી. 'કમ્યુનિસ્ટ લીગ' ત્યારે પડી ભાંગી હોઇને આવી કોઈ સંસ્થાની જરૂર તો રહેવી જ હતી —

લીગની માફક આ 'ઇન્ટરનૅશનલ'નો પણ માર્ક્સ નેતા થઇ પડ્યો. તેના સ્વભાવનું મોટામાં મોટું દૂષણ એ હતું કે તેની પોતાની વિચારસરણીમાં ન માનનાર સઘળાને તે અપ્રામાણિક લેખતો. પરિણામે ઘણા અસંતુષ્ટ થયા. ઇટાલિયન ક્રાન્તિકારી માત્સિની એ સંસ્થામાંથી અલગ થઈ ગયો. માર્ક્સની અસહિષ્ણુતાથી વધેલો ખટરાગ છેવટે પરસ્પર નિંદા અને ગાળાગાળીમાં પરિણમ્યો.

કાર્લ માર્ક્સનો સિદ્ધાંત

યંત્રની શોધે દુનિયામાં એક નવા જ યુગ યંત્રયુગની શરૂઆત કરી. પૈસો એ સર્વોપરિ વસ્તુ બની. આથી પૈસાપતિઓ, શરાફો, ધનિક વ્યાપારીઓ, કારખાનદારો વગેરેનો એક નવો અમીરવર્ગ ઊભો થયો અને દેશમાં ધીમેધીમે સત્તા ધરાવતો થયો જૂના વખતમાં જેમ જમીનદાર અને ખેડૂત એમ બે વર્ગ હતા તેને બદલે હવે મૂડીવાદી (ઉદ્યોગપતિ, દુકાનદાર, ધનવાન) અને પગારના ગુલામ મજૂરો, એવા બે નવા વર્ગો નિર્માણ થયા.

મૂડીવાદ એ મજૂરીની ચૂસણી ઉપર ઊભો થએલો છે એવો સિદ્ધાંત કાર્લમાર્ક્સ પહેલાં રિકાર્ડોએ જગત આગળ મૂક્યો હતો. પણ એ ચૂસણીનું કારણ શું તથા તે દૂર કરવા શો ઉપાય લેવો જોઇએ તે તેણે બતાવ્યો ન હતો. કાર્લ માર્ક્સે આ બંને વસ્તુઓ બતાવી

તેણે જણાવ્યું કે મજૂરી એ પણ એક ભૌતિક વસ્તુ છે; ને જેમ બજારમાં ખરીદીએ નીકળેલો માણસ કોઇપણ વસ્તુ બને તેટલી સસ્તી ખરીદવા પ્રયત્ન કરે છે તેમ મૂડીવાદીઓ પણ મજૂરીને બને તેટલી સસ્તી લેવા મથે છે. જેમ કોઇ પણ વસ્તુની કિંમત તેને ઉત્પન્ન કરવા જે ખર્ચ થયો હોય છે તેના પરથી અંકાય છે, તેમ મજૂરીની કિંમત પણ મજૂર જીવતો રહીને કામ કરી શકે તે માટે તેને ઓછામાં ઓછા જે પૈસાની જરૂર પડે છે તે ઉપરથી અંકાય છે. આથી મજૂરનું જીવનધોરણ જેમ બને તેમ નીચું રહે તેમાં મૂડીદારને લાભ છે.

કોઈ એક વસ્તુ ઉત્પન્ન કરવા મજૂરને અપાતો પડતો પગાર અને ઉત્પન્ન થએલી તે વસ્તુની કિંમત, એ બેનો જે ફરક તે જ મૂડીવાદીનો નફો. આમ હોવાથી મજૂર એ તેને મન મનુષ્ય નથી પણ પોતાને માટે વધુમાં વધુ નફો મેળવવાનું એક સાધન છે યંત્ર છે મજૂરને જેમ બને તેમ સસ્તામાં ખરીદવો અને તેણે પેદા કરેલી વસ્તુને જેમ બને તેમ મોંઘી વેચવી એ જ તેનો સિદ્ધાત હોય છે. આ માટે જેટલો મૂડીવાદી દોષપાત્ર છે તેટલો જ મજૂર પણ દોષિત છે.

મજૂર, પોતાને જેટલું મળે છે તેથી ઘણું વધુ ઉત્પન્ન કરે છે. તે જેટલું વાપરે છે તેથી અનેકગણું ઉત્પન્ન કરે છે. આ અસમાનતાનું પરિણામ એ આવે છે કે દર વર્ષે જગતમાં વધુને વધુ વસ્તુઓ ખડકાયે જાય છે અને તેના ઢગલા ને ઢગલા થાય છે. આથી પરિણામે એક એવી સ્થિતિ આવે છે કે એ બધી ખડકાએલી વસ્તુઓ ખપી જઇને ખલાસ ન થાય ત્યાં સુધી નવી વસ્તુઓની પેદાશ થોડા વખત પૂરતી બંધ કરવામાં આવે છે. આથી મજૂરો પોતાની નોકરી ગુમાવે છે અને તેની ખરીદ-શક્તિ ઘટે છે. આને લીધે મોટા જથ્થામાં ખડકાઇ પડેલી વસ્તુઓ વેચાતી નથી અને ઠાંસીને ભરાઈ ગએલાં ગોદામો ખાલી થતાં નથી. આનું વિચિત્ર પરિણામ એ આવે છે કે જગતમાં ખૂબ પ્રમાણમાં વસ્તુઓ (Food) નિર્માણ થવાને લીધે જ મજૂર ભૂખે મરે છે!

કાર્લ માર્ક્સે જાહેર કર્યું કે આવી કરુણાજનક પરિસ્થિતિ ઉત્પન્ન થવાનું કારણ મૂડીવાદી વ્યવસ્થા છે! જ્યાંસુધી આ વ્યવસ્થા બદલાય નહિ ત્યાંસુધી આવી આર્થિક કટોકટી દરદસ વર્ષે આવવાની જ તેણે ભાખેલું આ ભવિષ્ય કેટલું સચોટ હતું તે તો ૧૯૩૦થી ૩૯ સુધીમાં આવેલી મોટી મંદી એ સાબિત કર્યું છે.

આ વિચિત્ર દશા દૂર કરવાનો ઉપાય પણ માર્ક્સે બતાવી આપ્યો. તેણે કહ્યું કે રોગની અંદર જ તેને દૂર કરવાનો ઉપાય રહેલો છે. જેમજેમ મોટા ઉદ્યોગધંધા ઉત્પન્ન થતા જાય છે તેમતેમ મૂડી-પૈસો-એ થોડાક લોકોના હાથમાં કેન્દ્રિત થતો જાય છે 'મજૂરોને જ ઉદ્યોગના માલિકો બનાવો અને તેમને પોતાને માટે જ કામ કરવા દો. આમ કરવાથી થોડાંકની લોભવૃત્તિ માટે ઘણાંને સહન કરવું નહિ પડે.' છેવટે તે જણાવે છે કે આપણને ગમે કે ન ગમે, પણ ખુદ મૂડીવાદ જ આ રીતે ધીમેધીમે પણ સંગીનરીતે સર્વસમાનવાદ માટે રસ્તો તૈયાર કરી રહ્યો છે.

આ રીતે કાર્લ માર્ક્સે હાલની આર્થિક વ્યવસ્થાના ખરા રોગગ્રસ્ત ભાગ ઉપર જ આંગળી મૂકી બતાવી છે એ વાત તો કોઈપણ ઈન્કારી શકતું નથી. માત્ર તેણે બતાવેલો ઉપાય સર્વથા યોગ્ય છે કે નહિ તે અત્યારે જ કહેવું મુશ્કેલ છે. જોકે એ નવાઇ જેવું છે કે તેણે છેક ૧૮૭૭માં ભાખ્યું હતું તેમ તેણે ચીંધ્યા મુજબની સામાજિક ક્રાન્તિ સૌ પહેલી રશિયામાં જ આવી! એ વેળા તો કોઈને તેની એ ભવિષ્યવાણીની મહત્તાનો ખ્યાલ પણ નહિ હોય. પણ તેના પરિણામે તેનું તત્ત્વજ્ઞાન રશિયાને મન તો આજે વેદવાક્ય સમું બની ગયું છે.

માર્ક્સના એક સહકારી લેફ્ટેનન્ટ ગુસ્તાફ તેચાહએ લખ્યું છે કે: 'તેનું દિલ જો તેના મગજ જેટલું જ વિશાળ હોત તો હું તેને માટે આગમાંથી પણ પસાર થવા તૈયાર રહેત.' માર્ક્સના વર્ચસાકાંક્ષી સ્વભાવે અનેકોનાં મન દૂભવેલાં, કારણ એને મન સઘળી સમાજવાદી પ્રવૃત્તિ તેના પોતાના 'કમ્યુનિસ્ટ મેનિફેસ્ટો'નો પ્રચાર કરવાનું જ જાણે સાધનમાત્ર હતી.

કેટલોક સમય ગ્રીલીના 'ન્યૂ યૉર્ક ડેઈલી ટ્રિબ્યૂન'નો એ લેખક રહેલો, જે લેખો બદલ એને નાની નાની રકમો મળ્યા કરતી. એમાં હિંદ સંબંધે પણ લેખો એણે લખેલા, પરંતુ એ લેખોમાં એનો પૂર્વગ્રહ આપણે ન કલ્પીએ તો હિંદ સંબંધેનું અજ્ઞાન જ આપણે માનવું પડે. 'ન્યૂયૉર્ક ડેઇલી ટ્રિબ્યૂન'ના (તા. ૮ ઑગસ્ટ, ૧૮૫૩)ના અંકમાં એણે હિંદની પ્રજાને કશો ઇતિહાસ જ ન હોવાનું વિધાન કરીને હિંદ પરનું બ્રિટિશ શાસન ન્યાયી ઠરાવવા માટે એવી વિચિત્ર દલીલનો આશ્રય લીધો છે કે: 'અંગ્રેજોને હિંદ જીતવાનો અધિકાર હતો કે નહિ એ પ્રશ્ન નથી, પરંતુ પ્રશ્ન એ છે કે તુર્કો, ઈરાનીઓ કે રશિયનો હિંદ જીતે તેના કરતાં બ્રિટનનો હિંદ પરનો વિજય વધુ ઈચ્છનીય છે કે નહિ' અને બ્રિટનને વણમાગી સલાહ આપ્યા વિના પણ એ નહોતો રહ્યો કે: 'હિંદમાં ઇંગ્લૅંડ બેવડું કર્તવ્ય બજાવવાનું છે: એક ખંડનાત્મક, બીજું રચનાત્મક. જૂની એશિયાઈ સમાજરચનાને નાબૂદ કરીને એશિયાની ભૂમિ પર એણે પાશ્ચાત્ય સમાજરચનાનો વાસ્તવિક પાયો નાખવાનો છે.'

જેની પાછળ 'મેં મારા સ્વાસ્થ્યનો, મારા સુખનો અને મારા કુટુંબનો ભોગ આપ્યો છે' એમ માર્ક્સે જણાવ્યું છે, એ તેના શકવર્તી ગ્રંથ 'કૅપિટલ'નો પ્રથમ ખંડ ૧૮૬૭માં પ્રસિદ્ધ થયો. એ અરસામાં માર્ક્સની આર્થિક સ્થિતિ એટલી કથળી ગયેલી કે તેને મદદ કરવા સારુ ઍંજલ્સને પોતાના પિતાના અણગમતા વ્યવસાયમાં પાછું જોડાવું પડેલું. પરંતુ એ જે નાનીનાની રકમો મોકલતો તે પર આખા કુટુંબનો નિર્વાહ મુશ્કેલ હતો. પરિણામે પોષણના અભાવે માર્ક્સનાં પુત્રપુત્રીઓ એક પછી એક આ જગત છોડી જવા લાગ્યાં. ઘરાણીવાળાઓનો ત્રાસ, ભાડું ન ભરી શકવાને લઇને મકાનમાલિક તરફથી જપ્તી, ને છેવટે મજૂરોની ચાલીમાં રાખવી પડેલી રહેણાક, એ માર્ક્સના પારિવારિક જીવનના કરુણ પ્રસંગો છે.

એક વાર તો કંઠે પ્રાણ લાવીને માર્ક્સ નોકરીની શોધે પણ નીકળેલો, પરંતુ રેલવે કંપનીએ તેના ખરાબ હસ્તાક્ષરોને લઇને નોકરીમાં રાખવા ના પાડી દીધેલી !

જીવનના ઉત્તરાર્ધમાં માર્ક્સની તબિયત લથડેલી જ રહી: સતત અનિદ્રા, આંખોનો સોજો, માથાનો સખ્ત દુખાવો, સંધીવા, બરોળનો સોજો તથા દિવસોના દિવસો કામ કરવા બેસી ન શકાય તેવું હરસનું જોર; અને ગડગુમડ તો એવાં કે તેના આખા શરીરે પાઠાં પડી ગયેલાં ! આમ છતાં 'કૅપિટલ'નો બીજો ખંડ એણે છપાવવા માટે તૈયાર કરવા માંડેલો. સુખ તો માર્ક્સને બહુ ઓછું પ્રાપ્ત થયેલું, પરંતુ દુઃખસંગાથિની એવી પોતાની પત્ની જેનીને એણે એ અર્પણ કરવાનું નિર્ધારેલું. પરંતુ ઈ. સ. ૧૮૮૧ના ડીસેમ્બરની બીજીએ પત્નીનું પણ અવસાન થયું.

એ અવસાન પહેલાંનો આ પ્રસંગ છે. માર્ક્સ પોતે પણ સખત માંદો હોવાથી એક ઓરડામાં પડયો હતો. પત્ની જેની કૅન્સરથી રીબાતી બીજા ઓરડામાં પડી હતી. ઊઠીને ઊભા થવાની પણ પોતામાં શક્તિ ન હતી, છતાં મહામુસીબતે બેઠો થઇ માર્ક્સ જેનીના ઓરડામાં ગયો. આ અંતિમ મિલન વિષે એમની પુત્રી એક મિત્ર પર લખેલા પત્રમાં લખે છે: 'એ મિલન હું કદી ભૂલીશ નહિ. એક જણ માંદગીથી ખડેર બનેલ હતા, બીજી મૃત્યુની છાયામાં હતી. પણ આખી જિંદગી એકબીજામાં ઓતપ્રોત થએલાં એ વૃદ્ધ દંપતી આ અંતિમ વિદાય પ્રસંગે જાણે યુવાન બની ગયાં હતાં !'

જર્મન ગર્ભશ્રીમંત વર્ગની સર્વશ્રેષ્ઠ સુંદરી ગણાતી એ સ્ત્રીએ જે પ્રભાવશાળી જવાન પર પોતાની જિંદગી ન્યોછાવર કરેલી, તેની ઉદ્દામ વિચારસરણી અને બંડખોર સ્વભાવને પરિણામે એનું આખું જીવન હાલાકીભરી દેશનિકાલીઓ, કઠોર ગરીબી અને યાતનાભરી માંદગીમાં વીત્યું હોવા છતાં એ સમસ્ત સંસારકાળ દરમ્યાન તે અખંડ પ્રેમનિષ્ઠાભરી વહાલસોઈ પત્ની બનીને એના અવિભક્ત આત્મા સમી બની રહી હતી.

દિલનો એકરાર

એક વખત કુટુંબનાં સૌએ મળીને પોતપોતાના 'દિલનો એકરાર' નોંધેલો. તેમાં માર્ક્સે કરેલો આ એકરાર તેના ચારિત્ર્યનો દ્યોતક છે.

તમારો સૌથી પ્રિય સદ્ગુણ કયો ?	—સાદાઇ
પુરુષમાં ખાસ કયો ગુણ હોવો જોઇએ?	—શક્તિ
સ્ત્રીમાં ખાસ કયો ગુણ હોવો જોઇએ?	—અબળાપણું
તમારી પોતાની લાક્ષણિકતા શી ?	—ધ્યેયનિષ્ઠા
સુખની તમારી કલ્પના શી છે?	—સતત યુદ્ધ
દુઃખ તમે શાને માનો છો?	—શરણે જવામાં
કયો દુર્ગુણ તમે માફ કરો?	—મૂર્ખાઇ
કયા દુર્ગુણને તમે ધિક્કારો છો?	—ગુલામી
તમારી સૌથી પ્રિય પ્રવૃત્તિ કઇ?	—વાંચનનાકીડાબનીરહેવુંતે
તમારો પ્રિય કવિ કયો?	—શેક્સપિયર, ઍશીલસ, ગેટે
તમારો પ્રિય ગદ્યલેખક કયો?	—દિદેરો
તમારો આદર્શ જીવનવીર કોણ?	—સ્પાર્ટેકસ, કેપ્લર
તમારી આદર્શ સ્ત્રી કઇ?	—ગ્રેશેન
તારું પ્રિય ફૂલ કયું?	—ડાફન
તમને સૌથી પ્રિય રંગ કયો?	—લાલ
તમારું સૌથી પ્રિય નામ શું?	—લૉરા, જેની
તમને અત્યંત પ્રિય વાનગી કઇ?	—મચ્છી
તમારું પ્રિય સૂત્ર કયું?	—'માનવતા ના કદિ પરાઇ'
તમારો ધ્યેયમંત્ર શો?	—દરેક બાબતમાં સંદેહ રાખો

એના અવસાનથી માર્ક્સના જીવનનું રહ્યુંસહ્યું સામર્થ્ય વછૂટી ગયું. એ આઘાતમાંથી એને કળ જ ન વળી, અને ઇ.સ. ૧૮૮૩ના માર્ચની ૧૪મીએ એ પણ અવસાન પામ્યો. ઍંજલ્સે પોતાની જિંદગીનાં બાકીનાં ૧૨ વર્ષ પોતાના મિત્રની એ મહાન કૃતિ સંપૂર્ણ કરવા પાછળ ખર્ચીને સાચું મિત્રતર્પણ કર્યું.

ઘણા લોકો માને છે તેમ માર્ક્સના શકવર્તી ગ્રંથ 'કૅપિટલ'માં જ એની સમગ્ર વિચારસરણી કેન્દ્રિતનથી થએલી ચાળીસવરસસુધીનાં તેનાં લખાણોમાં તેની વિચારસરણી વેરાએલી પડેલી છે. મૂડીવાદ અને મૂડીવાદીઓના નાશને આજના જમાનાની 'લોખંડી જરૂરિયાત' ગણાવી જનાર માર્ક્સની વિચારસરણીમાં અનેક તર્કદોષો રહેલા છે, પરંતુ અહીં મુખ્યત્વે એના જીવન સાથે જ સંબંધ હોઇને એની વિચારસરણીનું પૃથક્કરણ અસંબદ્ધ બની રહે તેમ છે. **અશોક હર્ષ**

વાઘણનો પ્રેમ!

શ્રી શરદિન્દુ બંદ્યોપાધ્યાયની વાર્તા પરથી અનુવાદક

રમણિક મેઘાણી



ચિત્રકાર
રવિશંકર પંડિત

એક ભયંકર ગર્જના કરતી વાઘણ અંધકારમાં ઊછળી.

એક વાઘણનો શિકાર કર્યો હતો.

હું શિકારી છું. ઘણાં યે વાઘ-રીંછ માર્યાં છે. પરંતુ આ વાઘણને માર્યા પછી એને વિષે જે વાત સાંભળી એથી મારા જેવો અનુભવી શિકારી પણ અવાક્ થઈ ગયો. સામાન્ય વાચક કદાચ આ વાત માનશે પણ નહિ. એને થશે કે હું ઇશ્વરનું નવ-સંસ્કરણ કરી રહ્યો છું, અથવા વાઘણ વિષે એક રંગીલી પરિહાસ-કથા સર્જવા મથી રહ્યો છું. પણ આ વાત એ પ્રકારની નથી. હું આ વાતને ખોટી માની શક્યો નથી. અને વાચકોમાં જો વાઘના ચરિત્ર વિષે જાણકાર કોઇ અનુભવી શિકારી હશે તો એ પણ મારી વાતને હસવામાં કાઢી નહિ નાખે.

હિંદુસ્તાનમાં ઓતરાદા બંગાળ–બિહારની સમથળ ભૂમિ જ્યાં દેવાત્મા હિમાલયનાં ચરણોમાં જઇ અદૃશ્ય બને છે ત્યાંનો પહાડ–જંગલ ભર્યો દુર્ગમ પથરાળ પ્રદેશ હજુ યે માનવીને હાથ પડ્યો નથી. હજુ યે ત્યાં હરણ, શમ્બર, ચગરી, નીલગાય વગેરે જનાવર અને એમના ભક્ષક વાઘ, દીપડા, તરસ વગેરે સ્વચ્છંદે વિહરતાં ફરે છે. પહાડની તળેટીમાં જે નાની ટેકરીઓ છે ત્યાં લોકોએ જંગલ સાફ કરી ગામડાં ઊભાં કરી વસવાટ શરૂ કર્યો છે; છતાં એ બધા પૂરેપૂરા ભયભીત છે,—બીતાંબીતાં સંકોચ સહ ત્યાં રહે છે. જંગલી પશુઓનો હક્ક જ હજુ યે ત્યાં વધુ પ્રવર્તે છે.

શિકારની શોધમાં એક વાર એ તરફ ગએલો. જનપદથી વિરલ એ પ્રદેશના સીમાડા પર ઠેરઠેર નાનીમોટી સરકારી ચોકીઓ છે. એવી એક સરકારી ચોકીએ જઇને ઊભો રહ્યો તો સાંભળ્યું કે પાસેના જ એક ગામમાં એક વાઘણે બહુ ઉત્પાત મચાવ્યો છે. ગામના મુખી જેવા જણાતા બે માણસ એ ચોકીએ આવ્યા હતા. એમને મોઢે એ વાઘણ વિષેની વાતો પણ સાંભળી.

એ બેઉ જાતે પહાડી હતા. ઠીંગણા ને મજબૂત. આંખો વંકી. મોં પર દાઢી-મૂછ તો નહિ જેવાં જ. હું શિકારી છું, એ વાત જાણી એ બંને એક રીતે મને વળગ્યા જ. એમના ગામમાં કેટલાંક વર્ષોથી એ વાઘણ દારુણ ત્રાસ વર્તાવી રહી હતી. કેટલી સ્ત્રીઓ ને ઢોરઢાંખરને એણે હણી નાંખ્યાં એનો શુમાર ન હતો. વચ્ચે એનું હિંસક આક્રમણ થોડા સમય માટે એકદમ બંધ રહેલું. હવે ફરીથી એ શરૂ થયું હતું. બીકથી ગામની સ્ત્રીઓ ઘરના બહાર નીકળી ન શકતી. વાઘણ ખાસ કરીને પુરુષો પર બહુ આક્રમણ ન કરતી, પણ તક મળતાં જ સ્ત્રીઓ પર તૂટી પડતી. પરિણામે ખેતરમાં કામ કરવાનું કે જંગલમાં જઇને લાકડાં ફાડી લાવવાનું સ્ત્રીઓ માટે અશક્ય જ થયું હતું.

આ અંગે ગામલોકો અવારનવાર સરકારને અરજી કરતા, પણ એ ખાસ લાભદાયી નીવડી નહોતી. સરકાર એ વાઘણને મારનાર માટે પચાસ રૂપિયાનું ઈનામ જાહેર કરી નચિંત બની હતી. હવે જો હું એનો શિકાર કરી આ કરાળ વિભીષિકામાંથી ગામને ઉગારું, તો જ ગામ લોકોનો આરો છે. નહિ તો ત્યાં માણસજાતનું નામ નિશાન નહિ રહે.

ચોકી પરના માણસને પૂછતાં એણે અત્યંત ઉત્સાહપૂર્વક મારી વાતને વધાવી લીધી. એના ઉત્સાહનું કારણ હું કળી ન શક્યો. એની પોતાની પાસે બંદુક હતી છતાં વાઘણનો શિકાર એ જાતે જ કેમ નહોતો કરતો? મારા જેવા ધુરંધર શિકારીની વાટ જોવાનું કાંઇ કારણ? પચ્ચાસ રૂપિયાનું ઈનામ શું એને સાવ નજીવું જ લાગતું હતું?

વળતે દિવસે વહેલી સવારે હું એ ગ્રામવાસી સાથે પગપાળો જ ચાલી નીકળ્યો. ગામ માત્ર પચીસ–ત્રીસ માઈલ જ દૂર હતું. એટલું ચાલવું એ શિકારી માટે તો રમત વાત છે. પરિણામે બપોર લગભગ જ અમે મુકામે પહોંચી જશું એ નિશંક હતું બલ્કે જો નશીબ પાધરાં હોય તો આજે રાત્રે જ એ વાઘણનો શિકાર કરી કાલે સાંજે તો પાછા પણ આવી જઇએ.

રસ્તાનું લાંબું વર્ણન નહિ કરૂં. અમે ચારપાંચ કલાક ધારેલા તેને બદલે બે દિવસની લાંબી સફર પછી, પાટાપીંડી વાળા પગ અને લોથપોથ શરીરે અમે ગામમાં પહોંચ્યા! અંતર તો પચીસ માઈલનું જ હતું; મળેલ માહિતી ખોટી નહોતી. કાગડા માટે એ ગામમાં ઊડીને પહોંચવું ખૂબ સહેલું હતું; પણ બે પગાળા માનવીને અહીં આવતાં ત્રણ ઊંચાઊંચા પહાડો પગરસ્તે પાર કરવાના હતા! ક્યારેક વૃક્ષોની ડાળીએ ઝુલતાં ઝુલતાં, તો ક્યારેક ઉંદરના દર જેવા જણાતા અતિ સાંકડા પથ પર થઇને લગભગ સૂઈસૂઇને આગળ વધતા જવું પડતું હતું એ વાત કહેતાં ચોકીવાળા સજ્જન ભૂલી ગયા હતા! તેઓ પચાસ રૂપિયાનું ઈનામ શા માટે જવા દેતા હતા તે એ માર્ગ વટાવ્યા પછી મને સમજાતાં વાર ન લાગી.

શારીરિક સુસ્તી દૂર કરતાં પૂરો એક દિવસ વીતી ગયો. ગામમાં એક બાજુ ઘાસનું એક ઝુંપડું અમને કાઢી દેવામાં આવ્યું. અને દૂધદહીં વગેરે તો એટલા પ્રમાણમાં આવવા લાગ્યું કે દીકરીનાં લગન કરવા હોય તો યે વાંધો ન આવે. વળી એ લોકો એક એવો તો સ્વાદિષ્ટ કબાબ બનાવતા કે એનો સ્વાદ તો હજુ યે મારી દાઢમાં રહી ગયો છે. એમનો ગાળેલો મહુવાનો દારવો કંઈ અજબ જ હતો.

ગામની જનસંખ્યા નાનાંમોટાં બાળબુઢ્ઢાં મળીને શુમારે દોઢસો જેટલી હશે. બધા જ પહાડી. તદુપરાંત ઘેર પાળેલાંપોષેલાં ગાય, બળદ, ભેંશ, ગાડર, બકરાં પણ હતાં. ગામની ચોમેરનું જંગલ કાપી કરીને સરસ ચરાણ ને ઘઉંનાં ખેતરો તૈયાર કરેલાં. આગળ-

સદા અવનવી વાર્તાઓ આપતા 'કુમાર'ના આ ચિરપરિચિત લેખકની એક વધુ નવતર વાર્તા

પાછળ બીજું કોઈ ગામ નહોતું. સૌથી નજીકનું ગામ પણ દસ માઈલ દૂર હતું. પણ દસ માઇલ આ દેશના. દુનિયાના કલહકોલાહલથી એકદમ દૂર, તદ્દન એકાંતમાં, અરણ્યો ને પહાડોની વચ્ચે માનવોનો નાનકડો વાસ હતો. એમનાં જીવનમાં મહાસિંધુનો ઘુઘવાટ ન હતો કે કોઈ રાજવીનો દમામ-હુંકાર ન હતો. માત્ર હમણાંહમણાં એક વાઘણ આવીને એમની નિર્વિઘ્ન, નીરસ જીવનયાત્રામાં અવરોધ ઊભો કરતી હતી ને ભયની ભડક એમનામાં જન્માવતી હતી.

બીજે દિવસે, બીજે પહોરે મીઠા લાગતા તડકામાં બેઠોબેઠો હું બંદુક સાફ કરતો હતો ને ગામજનો પાસેથી વાતો સાંભળતો હતો. સૌ મારી ફરતા બેઠા હતા. માત્ર એક છોકરો પાસેના એક ઝાડની ડાળ ઝાલી મૂંગોમૂંગો મારી સામે જોઇ રહ્યો હતો. પહાડીઓની ઉંમર કળવી આકરી હોય છે, છતાં એની ઉંમર ૨૦–૨૧થી વધુ તો નહિ જ હોય એમ લાગતું હતું. દુબળોપાતળો; મોં સાવ ભાવલેશ વિહોણું એ ન જાણે શા માટે અપલક દૃષ્ટિએ મારી સામે જોઈ રહ્યો હતો. એની એ દૃષ્ટિમાં એક અશાતા સ્પષ્ટ જણાતી હતી.

ગામવાસીઓની વાતો દ્વારા વાઘણ વિષે બીજી માહિતી પણ મેળવી શક્યો. એ અત્યંત નીડર હતી. ધોળે દિવસે પણ એ ગામની આજુબાજુ ફરતી. અથવા તળેટીના જળાશય પાસે આડી પડી રહેતી. સ્ત્રીઓનું પાણીએ જવું તેથી બંધ થયું હતું. પુરુષો ટોળે વળીને લાઠી–કટારી-દાતરડાં વગેરે લઇ પાણી ભરવા જતાં. સ્ત્રીઓનું કામ પુરુષોને કરવું પડતું, તેથી પુરુષો શરમાતા હતા. બીજી પણ એક નવાઈ જેવી વાત સાંભળી. વાઘણે ખાસ કરીને આ ગામ જ પસંદ કરેલું. બીજાં ગામો પર એ જરા યે આક્રમણ ન કરતી.

મારા મનમાં એક ખટકો લાગ્યો. વાઘના ચરિત્રમાં આવો પક્ષપાત જોવામાં આવતો નથી. પ્રથમ તો, વાઘનો સ્વાભાવિક ખોરાક માણસ નથી. એકદમ માથે આવી ન પડે ત્યાં સુધી એ માણસ પર આક્રમણ નથી કરતો. શિકારીઓ જાણે છે કે કોઇ પણ કારણે વાઘનો દાંત ભાંગી પડતાં અથવા પગમાં ઘા વાગતાં એની ગતિ ઓછી થતાં જ્યારે એ શિકાર કરવા નીકળી નથી શકતો ત્યારે જ એ માણસ પર પડે છે. સબળ સ્વસ્થ વાઘ કદી યે માણસને ખાતો નથી. આ વાઘણ જો કોઈ પણ શારીરિક ખામીને અંગે અસમર્થ બની માણસખાઉ બની હોય તો એ માત્ર સ્ત્રીઓ પર જ શા માટે પડે છે? વળી, વીસ માઈલના પરિઘમાં બીજાં યે પાંચ ગામ છે; છતાં એ બધાંને બાજુએ મૂકી એ અહીં આ ગામ ઉપર જ શા માટે ઊતરી છે?

ગામલોકોમાંથી ઘણાંએ એને નજરોનજર જોઈ હતી; પણ કોઈએ એને ખોડંગાતી નહોતી જોઈ એ હૃષ્ટપુષ્ટ ને સ્વસ્થ હતી. એ ઘણીવાર મદભર ડોલતી ચાલે ચાલતી. કયારેક વીજળીની પીતવર્ણ રેખાની જેમ નિમેશમાત્રમાં એક ઝાડીમાંથી બીજી ઝાડીમાં અદૃશ્ય બની જતી. પરિણામે એ વૃદ્ધ બની હોય એમ પણ નહોતું લાગતું.

પૂછ્યું, એ વાઘણ છે કે વાઘ એ તમે કઇ રીતે જાણ્યું? એનો બરાબર ઉત્તર કોઇ આપી ન શક્યું. પણ કેટલાક જુવાનો માથું ધુણાવી ઝાડ નીચે ઊભેલા પેલા છોકરા તરફ જોઇ હસ્યા. મેં પણ ચોંકીને એ તરફ જોયું. એના મોં પર જરા યે ફેરફાર નહોતો. અગાઉની જેમ જ એ એકીટશે મારી સામે જોઇ રહ્યો હતો. સમવયસ્કોનું હાસ્ય જાણે એને કાને જ નહોતું પહોંચ્યું.

બપોર નમતાં ગામલોકો એકએક કરીને સૌસૌને કામે ચાલ્યા ગયા. ફક્ત પેલો છોકરો ઝાડ નીચે ઊભો હતો તેમ ઊભો જ રહ્યો. બધા ચાલ્યા જતાં ધીરેધીરે એ મારી પાસે આવ્યો જરા વાર ચૂપ રહી અચકાતાંઅચકાતાં એ બોલ્યો, 'સાહેબ, એ વાઘણને મારી નાખવાની જરૂર છે? એને અહીંથી હાંકી મૂકીએ તો ન ચાલે?'

અચરજ પામતાં મેં કહ્યું, 'હાંકી મૂકીએ તો ફરીને પણ આવી શકે ને! હું ઓછો અહીં કાયમ રહેવાનો છું કે જ્યારે આવે ત્યારે એને હાંકી મૂકતો રહું?' વધુ કંઇ એ ન બોલ્યો. થોડી વાર એમ ને એમ ઊભો રહી પછી ધીરેધીરે એ ચાલ્યો ગયો.

અહીં સુધી જે લખ્યું એ 'પુસ્તક કરતાં પ્રસ્તાવના મોટી' જેવું થયું. અર્થાત્ વાઘણના શિકારની વાત કરતાં એ વાતની જે વાત વધુ મોટી થઇ ગઇ. પણ હવે વાર નહિ લગાડું.

ખૂબીની વાત તો એ છે કે એના શિકાર માટે અમારે ખાસ દૂર જવું ન પડ્યું. ગામથી અરધોક માઈલ દૂર જળાશય હતું. પહેલાં ત્યાં જ ગયા. જોયું તો જળાશય પાસે મોટાંમોટાં પગલાં પડેલાં. વાઘણ પાણી પીવા ત્યાં જ આવતી, એટલે એની શોધમાં જવાની જરૂર નહોતી. જળાશય પાસે જ એ ઝલાશે એ નક્કી હતું.

જળાશય ખાસ મોટું ન હતું. બન્ને તરફના પહાડો પરથી ઝરતાં પાણીએ ત્યાં એક કુંડ સર્જી દીધો હતો. એની એક બાજુનો પહાડ જાણે ઊભો જ હતો. એટલે અમને બહુ સગવડ પડી. માંચડો બાંધવાની જરૂર જ ન રહી સાંજ થતાં જ એ પહાડ ઉપર સમથળ ભૂમિથી પચીસ હાથ ઊંચે એક સરસ જગ્યા શોધી ત્યાંથી વાઘણની શોધમાં અમે આજુબાજુ જોવા લાગ્યા. અહીં વાઘણ અમને કોઈ રીતે હેરાન કરી શકે તેવું નહોતું. અમે અહીં છીએ એની ગંધ પણ એને ન પહોંચે એવું ઠેકાણું શોધીને અમે બેઠા હતા, અને એ પાણી પીવા આવતાં અમે તુરત એને જોઇ શકીએ એમ હતું. આકાશમાં પૂર્ણિમા જેવો ચંદ્ર હતો, એટલે પાછલી રાત સુધી અજવાળું હતું.

મોડી રાત સુધી રાહ પણ જોવી ન પડી. દસ વાગ્યા–ન વાગ્યા ત્યાં તો એ આવી પહોંચી. જોયું, તો જળાશયની પેલી પાર કાંટાની એક ઝાડી હાલતી જણાઈ, ને તરત જ આવીને વાઘણ ઊભી રહી. એના હળદવર્ણા ચળકતા શરીર પર ચંદ્રપ્રકાશ ઝગમગાટ કરતો હતો. કુદરત પણ વિચિત્ર છે ને? સ્વસ્થ સબળ વાઘ જેવું ઉગ્ર–ભયંકર લાવણ્ય બીજા પશુમાં ભાગ્યે જ દેખાય છે.


એણે આડુંઅવળું કયાંય જોયું નહિ. સીધી જળાશયે જઇ પાણી પીવા લાગી. ચંદ્ર સોળે કળાએ પ્રકાશતો હતો, એટલે એને જોવામાં કંઇ અંતરાય નહોતો. મેં હળવેથી બંદુક ઉઠાવી. ટોટા ભરેલો જ હતો. નિશાન લઇને સેફટીકેચ દાબી. ખટ અવાજ, ને તરત વાઘણે મોં ઊંચું કરી સામે જોયું. પણ મેં સાથોસાથ ઘોડો દબાવ્યો: કડાત્! બંદુકના અવાજમાં અવાજ મિલાવતી, એક જબ્બર ગર્જના કરતી વાઘણ અવકાશમાં ઊછળી, ને વળતી જ પળે ધરતી પર પછડાઇ તરફડવા લાગી. થોડી પળો પછી એ એકદમ શાન્ત થઈ ગઈ.

હજી બીજી દસ મિનિટ હું બંદુક ઝાલીને બેઠો જ રહ્યો. પણ એ ફરીને ન હલી કે ન ચલી, ત્યારે હું ધીરેધીરે નીચે ઊતરીને ગામમાં પાછો ફર્યો. ગામલોકો કાન માંડીને જ બેઠા હતા. નિઃસ્તબ્ધ રાત્રિના ઠંડા પહોરે બંદુકનો અવાજ એમણે સાંભળેલો, પણ એનું પરિણામ જાણ્યા વિના બહાર નીકળવાની હિંમત કોઇ કરી શકે એમ નહોતું. ખબર મળતાં એ બધા આનંદમાં આવી જઇ નાચવા-ગાવા લાગ્યા. ટોળુંએક જુવાનો તુરત જ વાઘણના શબને લઈ આવવા દોડ્યા. ગામનું નારીવૃંદ જે આજ સુધી વાઘણના ભયે ઘરમાં જ પુરાઈ રહેતું તે પણ ટોળેટોળાંમાં બહાર આવી કલબલાટ કરી ઊઠ્યું. ગામના જુવાનો જ્યારે વાઘણના શબને વાંસ સાથે બાંધી ખભે ઝુલાવતા ગામમાં લઈ આવ્યા ત્યારે તો મારા ઉતારાની સામે જ એક જબ્બર ધુણી ચેતી ઊઠી હતી.

એ પછી રાત આખી જાણે ઉત્સવ જ ચાલ્યો. ધડેધડા મહુવાનો દારવો ઝડપથી અંધારાગાં એકથી બીજે સ્થળે ફેરવાવા લાગ્યો. પહાડીઓ નૃત્ય-ગીતોની મહેફિલમાં પૂરબહારમાં ખીલ્યા હતા.

ગ્રામવાસીઓની કૃતજ્ઞતા અજબ હતી. શેકેલું માંસ ને મહુવાનો તાજોતાજો રસ પી હું ધૂણીની બાજુમાં કામળો બિછાવી સૂતો. ઉત્સવના ઢોલ-ઝંજરી વગેરેના અવાજની વચ્ચે ધીરેધીરે હું તંદ્રાવશ થયો. આગનાઆતપ્ત પ્રસાદે, ને સાર્થકતાની નચિંત તૃપ્તિએ તથા ઠાંસીઠાંસીને આરોગેલા આહારને પ્રભાવે સારીનિંદર આવી ગઈહતી.

ઓચિંતો જાગ્યો ત્યારે ઉત્સવમસ્ત ગામલોકો ક્યારના યે ચાલ્યા ગયા હતા, ધૂણીની આગ સળગીને ખાખ થઈ ગઈ હતી, અને ક્યાંક ક્યાંક જલી રહેલા અંગારા પડ્યા હતા. કાંડા પરની ઘડિયાળમાં જોયું તો રાતના ત્રણ થયા હતા. ધૂણી હોવા છતાં રાતના પાછલા પહોરે ઠંડીથી શરીર જરા ટાઢનો ચમકાર અનુભવતું હતું. ઘરમાં જઈને સૂઇ જાઉં કે કેમ એ વિચારતો હતો ત્યાં મારી નજર પડી વાઘણના શબ ઉપર. જોયું તો કો'ક એનું માથું ખોળામાં લઇને અત્યંત પ્રેમપૂર્વક એને પંપાળી રહ્યું હતું. આંખો ચોળીને બરાબર જોયું તો, પેલો વૃક્ષ પાસે હતો એ છોકરો જ! એનું મોં હવે ભાવ



વિહોણું નહોતું. એની આંખમાંથી નીરવપણે આંસુ વહ્યે જતાં હતાં. પ્રિયજનના વિયોગની કાળી વેદના એના મોં પર સ્પષ્ટ જણાતી હતી.

હું આળસ ખંખેરીને બેઠો થયો. આની પાછળ નક્કી કંઇક ભેદ હોવો જ જોઈએ.

હું જાગીને બેઠો છું એમ જોઇ, એ છોકરો વાઘણનું માથું નીચે મૂકી, આવીને મારી પાસે બેઠો. એની આંખમાંથી વહ્યે જતાં આંસુ લૂછવાનો પ્રયત્ન પણ એણે કર્યો નહિ ભાંગેલા અવાજે એ બોલ્યો, 'એની સાથે મારે બહુ દોસ્તી હતી!'

'દોસ્તી?! મને બધી વાત માંડીને કહે.' મેં કહ્યું.

એ પછી એણે જે કહ્યું તે નીચે મુજબ છે. એનું નામ રૂપદમન હતું. રિપુદમનનો અપભ્રંશ હશે એમ લાગે છે.

પાંચ વર્ષ પહેલાં જ્યારે એ સોળ વર્ષનો હતો ત્યારે દાતરડું લઇ જંગલમાં લાકડાં કાપવા જતો. એવએવડા છોકરા જંગલમાં જઇ ઝાડ પર ચડી કાપી શકાય તેવાં ડાળીડાળખાં કાપીને નીચે પાડી આવતા ને પછી એ બધાં ભેગાં કરીને લઇ આવતી સ્ત્રીઓ. લાકડાં ફાડવા જવાની એ લોકોની રીત આ જ હતી.

છોકરાઓ ટોળે વળીને બપોર વેળા લાકડાં કાપવા જતાં, ને પછી કો'ક આ ઝાડે તો કો'ક પેલે ઝાડે એમ ચારે બાજુ વેરાઈ જતા. ક્યારેક લાકડાં કાપવાનું વહેલું પતાવી સૌ ભેગા મળી સંતાકુકડી રમતા અને પછી સૌ સાથે થઇ ઘેર પાછા ફરતા. હમણાંહમણાં એક માણસખાઉ વાઘ ગામને રંજાડી રહ્યો છે તે એ સૌ જાણતા હતા, છતાં એ ઉંમર જ એવી છે કે કોઈ એ વાતની પરવા ન કરતું. વાઘ એમણે બાળવયથી જ જોયો હતો. વાઘે ક્યારે યે કોઇનું અનિષ્ટ કર્યું હોય એમ એમણે જોયુંસાંભળ્યું ન હતું. વાઘ જેમ જ અડગ થઈને ઊભા રહેલું જોઈએ, એમ કરીએ તો વાઘ કંઇ જ કર્યા વિના આપમેળે ચાલ્યો જાય છે,—આ હતું એમને મળેલું શિક્ષણ.

એક દિવસ સંતાકુકડી રમતાંરમતાં રૂપદમને એક બહુ મઝાની જગ્યા સંતાવા માટે શોધી કાઢી. કેટલાક મોટામોટા પથ્થરો એક જગ્યાએ પડ્યા હતા. એમાંનાં એક મોટા પથ્થરની પાછળ ઝાંખરાંમાં નજર કરતાં અંદર પોલાણ જણાયું. જોયું તો ખાસ્સો એક માણસ સહેલાઈથી અંદર ચાલી શકે એટલો મારગ થઈ ગયો હતો. અંદર નાની એવી ઓરડી જેટલી જગ્યા હતી ઉપલી બાજુએ થોડુંક ખુલ્લું જણાતું હતું, પણ એની પાસે ઝાડી-ઝાંખરાં એવાં જામ્યાં હતાં કે આકાશ દેખાતું જ નહોતું. હરિયાળા પ્રકાશ ભર્યા એ છૂપા સ્થાનને જોતાં રૂપદમન ત્યાં જ સંતાયો. એના દોસ્તો શોધીશોધીને થાક્યા, પણ એનો પત્તો કેમ લાગે?

ઘણી વાર સુધી એકલા બેઠાંબેઠાં આખરે એ ઊંઘી ગયો. એ ન મળવાથી એના મિત્રો થાકીને ગામમાં ચાલ્યા ગયા, એની પણ એને ખબર ન રહી. એવામાં એક વિચિત્ર અનુભવે એની ઊંઘ ઊડી ગઇ.

એણે પોતાના મોં પર એક ખરબચડો સ્પર્શ ને કાનમાં શ્વાસોચ્છ્વાસનો ઘેરો અવાજ અનુભવ્યો. આંખો ઉઘાડી જોયું તો સામે જ એક જબ્બર વાઘનું માથું! મૂઢની જેમ તે એ જોઈ રહ્યો. વાઘણ એની પાસે જ બેઠી હતી ને હિંસક નજરે એને નિરખી રહી હતી. એના ગળામાંથી જાડો અવાજ આવતો હતો: ઘર્ર્ર્ર ઘર્ર્ર્ર-...

વાઘનું આવું સાન્નિધ્ય એણે કદી યે અનુભવ્યું નહોતું. એ તો લાગલો જ બેભાન થઈ ગયો. એના શરીરની સ્નાયુપેશીઓ તદ્દન શિથિલ થઈ ગઇ. કેવળ એની છાતી નામમાત્ર ઊંચી નીચી થતી હતી.

ધીરેધીરે એ ભાનમાં આવ્યો. અજાણપણે જ એ થોડુંક હલ્યો ત્યાં તો વીજળી વેગે વાઘણે પંજો ઊંચો કર્યો, એ એક જ પંજો વાગ્યો હોત તો રૂપદમનનો ખેલ ખલાસ થઈ જાત! પણ એ પંજો ઊંચો ઊંચકાએલો જ રહ્યો,—નીચે ન પડ્યો રૂપદમન પણ અંજાઇ ગયો હોય તેમ એ પંજા તરફ જ જોઈ રહ્યો.

પંજામાં કાંટા પાસે સારું એવું લોહી જામી ગયું હતું. રૂપદમને ધ્યાનપૂર્વક જોયું તો અંદર મોટા મોટા શૂળા જેવા કાંટા એને વીંધી રહ્યા હતા. તરત એનો ભય ભાગી ગયો. એ સમજી ગયો કે વાઘણે ઊંચો કરેલો પંજો નીચે પછાડી શા માટે પોતાનો રોટલો કરી નથી નાખ્યો, વાઘણ એની પોતીકી વેદનાએ જ પીડાતી હતી.

કોઇના પણ શરીરે કાંટો વાગ્યો હોય તો તે કાઢવાની વૃત્તિ થવી માણસ માટે સ્વાભાવિક છે. મનોવિજ્ઞાનીઓ આ વાત જાણે છે કે નહિ તેની તો ખબર નથી; પણ શિકારી જીવનમાં તો એ વાત મેં ખાસ જોઈ છે. કોઇનાયે શરીરમાં કાંટો વાગ્યો છે એ જાણતાં જ



હાથ આપોઆપ એ કાઢવા તલપાપડ થઇ રહે છે. અને એ બહાર ખેંચી કાઢ્યા વિના જંપતા નથી.

રૂપદમને ધીરેધીરે વાઘણના પંજા તરફ પોતાનો હાથ લંબાવ્યો. વાઘણ બહુ ઝીણવટથી એને જોતી હતી. હવે એણે જરા યે વાંધો ન લીધો. માત્ર એનાં ગળાનો ઘર્‌ર્‌ર્‌ર ઘર્‌ર્‌ર્‌ર નાદ જરા ગાઢ બન્યો ને મોં વેદના-વ્યથિત બનતાં દાંત પણ થોડાક દેખાઈ આવ્યા.

પણ જ્યાં કાંટા ભોંકાયા હતા ત્યાં રૂપદમનનો હાથ અડતાં જ વાઘણ એવી તો ગર્જી કે જાણે હમણાં જ રૂપદમનનો કોળિયો કરી જશે! પણ એણે એવું કંઈ જ ન કર્યું. પળવાર માટે જે પંજો એણે પાછો ખેંચી લીધેલો તે આપમેળે જ ફરી આગળ ધર્યો. મનોમન એ શું સમજી હશે એ તો એ જ જાણે. પણ હું આ પ્રહ્‌લાદ છાપ છોકરાના ગજબનાક સાહસ અને અખંડ આયખાંની વાત સાંભળી દિંગ જ બની ગયો!

રૂપદમને ફરીને સાવધ રહી પોતાનો હાથ ઊંચો કર્યો. પહેલો કાંટો બહાર કાઢતાં થએલી પીડાને અંગે વાઘણ ઝપટીને એને કરડી ખાવાને બદલે એના ગાલ ચાટવા લાગી. ખરબચડી કડકડ થતી જીભ ઘસાતાં રૂપદમનના ગાલ બળવા લાગ્યા, પરંતુ એ પહાડીએ ચૂંકારો યે ન કર્યો. એ પછી વાઘણ પોતાની સાહજિક પ્રવૃત્તિને દમવા માટે જ ન હોય તેમ રૂપદમનનું અંગેઅંગ ચાટવા લાગી. એ તકનો લાભ લઇ રૂપદમન પણ એક પછી એક કાંટો ખેંચી કાઢવા મંડયો. એ બધા કાંટા સાધારણ કાંટા ન હતા. શૂળા જેવા શાહુડીનાં પીંછાં હતાં. વાઘણ કોઈક શાહુડી પર ત્રાટકી હશે ને પરિણામે આમ થયું હશે એમ જણાતું હતું.

બધા શૂળા બહાર નીકળી ગયા. વાઘણ ખોડંગાતી જરા દૂર જઈને ઘર્‌ર્‌ર્‌ર ઘર્‌ર્‌ર્‌ર કરતી પોતાના ઘાને ચાટવા લાગી. આ તરફ સાંજ વીતીને રાત પડી ગઇ હતી. ગુફામાં કંઈ દેખાતું નહોતું. માત્ર વાઘણની આંખો સળગતા અંગારની જેમ ચળકતી હતી. રૂપદમન ધીમેધીમે ગુફામાંથી બહાર નીકળવા લાગ્યો. વાઘણે એ જોયું છતાં કંઈ વાંધો ન લીધો. બહાર આવી એણે દોટ મૂકી. એણે પાછળ જોયું તો વાઘણ પણ ગુફા બહાર આવી એના મારગ ભણી તાકી રહી હતી, ને થોડીવારે એ ખોડંગાતી ખોડંગાતી પાછી અંદર ચાલી જતી હતી. રૂપદમનને હવે ભાન થયું કે સંતાકુકડીની રમતમાં ભૂલથી વાઘણની ગુફામાં જ જઇ ભરાયો હતો!

એ રાત્રે એને જોરનો તાવ આવ્યો. પણ ત્રણચાર દિવસ બાદ એ સાજો થઇ ગયો.

દસેક દિવસ પછી એ ફરીને લાકડાં કાપવા ગયો. મિત્રોને એણે વાઘણની વાત કરેલી, પણ કોઇએ એ માની નહોતી. છતાં જંગલની એ બાજુએ ન જવામાં જ સલામતી છે એ વાત તો સૌએ સ્વીકારી હતી. પહેલે દિવસે તો રૂપદમન સૌની સાથે જ રહ્યો.

પણ બીજે દિવસે જંગલનો એ ભાગ જાણે એને બોલાવી રહ્યો હતો. મિત્રોથી જુદો પડી તે એ બાજુએ ગયો. અગ્નિ સાથે રમવાની વૃત્તિ માનવીમાં સદા યે રહી છે. જે વિપદ સાથે ઉત્તેજના જોડાએલી છે, એનો મોહ એ મૂકી શકતો નથી.

ગુફાની લગોલગ ગયા છતાં એ આગળ ન વધી શક્યો. એની સ્થિતિ કો'નવીના અભિસારિકા જેવી હતી. આગળ વધું કે પાછળ હટું એમ મનોમન એ વિચારતો હતો ત્યાં પડખેની ઝાડીમાં ખડખડાટ સાંભળતાં ચમકીને એણે એ તરફ જોયું, તો વાઘણ જ આવતી જણાઈ! હવે એ ખોડંગાતી નહોતી. સ્વસ્થ મસ્તીમાં શાર્દૂલવિક્રીડિત ડગલે એ એની તરફ જ આવતી હતી.

રૂપદમન લાકડાના પૂતળાની જેમ જડવત્ ઊભો રહ્યો. વાઘણ એકદમ એની પાસે આવીને લાંબી થઇને બેઠી. ચારે આંખો ઘણી વાર પરસ્પરને જોઇ રહી. વાઘણની પૂંછડીનો છેડો જરાજરા હાલતો હતો અને એના ગળામાંથી ઘર્‌ર અવાજ સંભળાતો હતો. વાઘણ હજુ યે રૂપદમન સંબંધે સંપૂર્ણ નિઃશંક બની નહોતી. રૂપદમન વધુ રહી ન શક્યો. એકદમ રડી પડી એ નીચે બેસી ગયો.

વાઘણ જીભ બહાર કાઢી પ્રેમથી એનું નાક ચાટી રહી. પછી પંજો ઊંચો કરી રૂપદમનની છાતી ઉપર ફેરવવા લાગી. રૂપદમને જોયું કે પેલો ઘા રૂઝાઇ ગયો છે. કાંડા પર જરાક ડાઘ માત્ર રહ્યો છે.

આ રીતે વાઘણ સાથે રૂપદમનને દોસ્તી જામી. એને મૈત્રી કહેવી કે શું, એ સમજાતું નથી. જે હોય તે. રૂપદમને જે કહ્યું તે અહીં એના જ શબ્દોમાં હવે ઉતારું છું:

'સાહેબ, માનવી માનવીને ચાહે એ તો સ્વાભાવિક છે. પણ એ આ વાઘની જેમ ચાહતા હશે કે કેમ એ શંકાની વાત છે. કુતરાં પણ માનવીને ચાહે છે, પણ એ જુદી રીતે. ત્યાં માનવી માલિક હોય છે, કુતરાં એને આધીન હોય છે, પણ અહીં હકીકત જુદી જ હતી. માનવી અને વાઘ સમાન સપાટીએ હતા. કોઇ કોઈનું અધીન નહોતું.

ત્રણ વર્ષ મેં એની દોસ્તીમાં ગાળ્યાં. એ ત્રણ વર્ષમાં ભાગ્યે જ એવો દિવસ ગયો હશે જ્યારે અમે એકબીજાને ન મળ્યાં હોઈએ. તમે તો શિકારી છો. ઘણા યે વાઘ માર્યા હશે. પણ વાઘની સાચી પિછાન તમને નહિ થઇ હોય. એના જેવું સ્નેહાળ ને ઉમદા ખવાસનું પ્રાણી કદાચ બીજું કોઈ નહિ હોય.

અમે બંને પરસ્પરને કેમ કરતાં આટલા ચાહતા થઇ ગયાં એની ખબર મને નથી પડી. એક દિવસ પણ જો એકબીજાને ન જોતાં તો અમે અધીર થઇ ઊઠતાં. મારી સાથે મૈત્રી થયા પછી એણે ગામના લોકો ઉપર કે ગામનાં ઢોરઢાંખર ઉપર આક્રમણ કરવું છોડી દીધું હતું. ગામ બાજુએ એ આવતી પણ નહિ. જંગલનાં શિયાળ અને જંગલી ગાડરબકરાં મારી ખાતી. પણ જો કોઈ પણ કારણે હું એક દિવસ પણ એને મળવા જઇ ન શકતો, તો રાત્રે એ ગામમાં આવતી. ચારે તરફ ફરતી ને બરાડા પાડતી. જાણે મને બોલાવવા જ આવતી! એક વાર ઘણા દિવસ સુધી હું પથારીએ પડેલો. એ રોજ રાત્રે આવીને મને બોલાવતી. ગામલોક અગ્નિ કરી, ઢોલત્રાંસાં વગાડીને પણ એને ભગાડી ન શકતા.

માંદગી પછી જે દિવસે હું ફરીથી પહેલવહેલો જંગલમાં એને ત્યાં ગયો ત્યારે એના આનંદનો પાર ન રહ્યો. મારા હાથપગ અને



અંગે અંગ ચાટીને એણે જાણે મારી કાલજ ઉતારી નાખી. તમે માનતા હશો કે વાઘને હસતાં આવડતું જ નહિ હોય. પણ એ તમારી ભૂલ છે. વાઘ હસતાં જાણે છે. માત્ર હસતાં જ નહિ,—રમૂજ કરતાં પણ એ જાણે છે. મારી સાથે એ એક રમૂજ કરતી,—મને બીવડાવવાની. ઓચિંતી ગર્જના કરતી, જોરથી 'હૉક' કરી મારા પર કૂદીને પડતી. પણ નવાઈ જેવું છે કે મને કદી યે એનો એક નખ સુદ્ધાં વાગ્યો નથી. શરૂશરૂમાં હું બીતો ત્યારે એ મને મૂકી દેતી, ને દૂર બેઠીબેઠી મારા તરફ જોતી હસતી.

'એક દિવસ હું એને માટે એક શકોરૂં ભરીને ખીર લઇ ગયો હતો. એ ખાઈને તે ખૂબ જ ખુશ થઈ હતી. અને વળતે દિવસે જ એક મોટો જંગલી બકરો એણે મારી સેવામાં રજુ કરેલો! પ્રથમ તો હું સમજી જ ન શક્યો કે તે એ મારે માટે જ લાવી છે! પણ એણે કોઇ રીતે માન્યું નહિં. ખભે ઉઠાવીને હું એ બકરાને ગામમાં લઈ ગયો. ગામ આખાએ મોજથી એ ખાધેલો.'

આમ ત્રણ વર્ષ વીતી ગયાં. બીજાં પણ કેટલાંયે વર્ષો વીતી જાત કોણ જાણે, જો એક બીજો બનાવ બન્યો ન હોત તો. ત્યારે રૂપદમન ઓગણીસ વર્ષનો હતો. એનું સગપણ થયું. લગ્ન થવાનાં હતાં. દસ માઇલ દૂર એક ગામમાં. યોગ્ય કાળે વરરાજા બનીને ઢોલ–નગારાં ને શરણાઈઓ સાથે દસ–બાર જાનૈયાઓ સહિત રૂપદમન પરણવા ઊપડયો. છોકરીવાળાનું ગામ દસ માઈલ દૂર હતું. પણ જતાંઆવતાં ત્રણ દિવસ લાગતા. પગપાળા જ પરણાવવા જવાનું હતું. વાહન-વ્યવહાર તો હતો જ નહિ એ કહેવાની જરૂર ખરી?

અહીં એક વાત જણાવી દેવી જરૂરી છે. જે થોડા દિવસ રૂપદમન વિવાહને કારણે ગામ બહાર હતો એ દિવસોમાં વાઘણ ગામમાં આવતી નહિ કે ગર્જના કરતી નહિ. એથી અનુમાન થતું કે રૂપદમન ગામમાંથી ગયો ત્યારે જ એ સમજી ગઈ હતી કે એ બહાર જાય છે,—અથવા એણે વાજાં વગેરે સાથે એને જંગલમાં થઇને જતો જોયો હોય એમ પણ બને. અને લોકો ન જાણે તેમ એ પાછળ ગઇ હોય એ પણ અસંભવિત નથી. વાઘણ રૂપદમનને અનુસરી મેલે ગામ ગઈ હતી અને પાછા ફરતાં રસ્તામાં જ એ રૂપદમનને એની સ્ત્રી સાથે નીરખતી નીરખતી આવી હતી, એમ જો અનુમાનીએ તો હવે પછી આવતી પાછળની ઘટના સાથે એનો મેળ મળે છે.

ચોથે દિવસે સાંજને સમે રૂપદમન નવી વહુને લઈ પોતાને ગામ પાછો ફરતો હતો. ચોથા ભાગનો રસ્તો બાકી રહ્યો હતો. વાજાંવાળાંએ ધીમાંધીમાં વાજાં વગાડવાં શરૂ કર્યાં. ત્યાં જ એક વિકરાળ ગર્જના કરતી વાઘણ કોણ જાણે ક્યાંથી આવીને જાનૈયાઓથી દસ વાર જેટલે છેટે ઘુરકાટા નાખતી લાંબી થઇને પડી. રૂપદમને જોયું તો



વાઘણનો હળદરવર્ણો દેહ તામ્રમણીની જેમ જાણે સળગતો હતો. એનાં અંગેઅંગમાંથી વિદ્યુતશિખા પ્રગટી રહી હતી. વાઘણનું આવું કાળ–કરાળ રૂપ રૂપદમને કદી યે નહોતું જોયું. એની અંગારા જેવી આંખો એકવાર રૂપદમન ઉપર અને એક વાર એની સ્ત્રી પર, એમ વારાફરતી જાણેકે ચોકી ભરતી હતી. એ ફરી એક વાર ગર્જી ઊઠી. લાગતું'તું, જાણે ક્રોધ અને હિંસકતાથી હમણાં જ એ ફાટી પડશે.

એના આ એકાએકના આવી દેખાવાથી સહુ ચિત્રવત્ ઊભા થઈ રહ્યા. ઢોલકવાળો ને શરણાઇવાળો નીરવ જ બની ગયા. પણ કોઈ ડરીને આમ કે તેમ દોડી ન ગયું. એવે વખતે ટોળામાં ઊભા રહેવું વધુ સલામત છે એ તેઓ જાણતા. રૂપદમન સામે જ હતો. એક વાર એને થયું કે ટોળું મૂકીને વાઘણ પાસે જઈ ઊભો રહું. પણ વાઘણનું એ વખતનું રૌદ્ર રૂપ જોઈને એ હિંમત કરી ન શક્યો. એને થયું કે આજે તો કદાચ વાઘણ એને જોતાં જ એના પર તૂટી પડશે. એનો બધો જ પ્રેમ કાતિલ હિંસામાં પલટાઈ જશે. રૂપદમને આગળ પગ મૂકવાની હિંમત ન કરી. પગ આગળ ન મૂકવાનું બીજુ યે એક કારણ હતું. નવવધૂ બીને એને લગભગ વળગી જ રહી હતી.

વાઘણ એ દિવસે કદાચ એને ન જ છોડત. ટોળામાંથી પણ કદાચ એને ઝાલી ઉપાડી જાત. પરંતુ એ જ વખતે એક વિઘ્ન આવી પડયું. ગામલોકોએ જાનનાં વાજાંનો અવાજ સાંભળ્યો હતો, ને એ લોકો ટોળેટોળાં હો–હા કરતા વર–વધૂને સામૈયે આવ્યા હતા. વાઘણે પાછળ માણસોનો કોલાહલ સાંભળી મોં ફેરવીને જોયું. તક જોઈને જાનવાળાએ જોરશોરથી વાજાં વગાડવાં શરૂ કર્યાં વાઘણ વધુ ઝીક ઝાલી ન શકી; નિરર્થકની બે ગર્જના કરી, રોષથી પૂંછડી હલાવતી હલાવતી એ જંગલમાં ચાલી ગઈ. જતાં પહેલાં એક વાર નવદંપતી તરફ આગ વર્ષાવતી નજરે દૃષ્ટિપાત કરતી ગઈ, જેનો અર્થ સમજવો એ રૂપદમન માટે મુશ્કેલ ન હતું.

વળતે દિવસે વાઘણે જંગલમાં લાકડાં લેવા ગએલી એક સ્ત્રીને ફાડી ખાધી. ત્રીજે દીવસે ફરી એક. એ રીતે શરૂઆત કરીને એ ગામના સ્ત્રીવર્ગ સામે જ રોષે ભરાઈ છે તે જાણે પ્રકટ કરતી હતી. પરિણામે સ્ત્રીઓ માટે ઘરની બહાર નીકળવું મુશ્કેલ બન્યું હતું.

આમ કરતાં દોઢ વર્ષ વીતી ગયું. રૂપદમનની સ્ત્રીને મારવાના પ્રયાસમાં વાઘણે મળી એટલી તમામ સ્ત્રીઓને પૂરી કરી હતી. પણ ઈર્ષ્યાઝેરે વિષમય બનેલી એની વૃત્તિ પૂરી સંતોષાઇ નહોતી. રૂપદમન માનતો હતો કે એ વાઘણ જો જીવતી રહી હોત તો એ કદી ન કદી નક્કી એ પોતાની સ્ત્રીનો જીવ લેત જ.

બીજે દિવસે બપોરે હું પાછો ફર્યો. પહેલા પહાડના શિખરે જઈ પાછળ જોયું તો નીચે તળેટીના પ્રદેશમાં એ નાનું ગામ તંદ્રાચ્છન્ન થઇ નચિંત બની આળસમાં બપોરનો તડકો માણતું હતું.

આ ગામમાં, માનવ સમાજથી દૂર એકાન્ત વિજનમાં, જંગલ ને પહાડોના આદિ વાતાવરણ વચ્ચે, સ્વભાવે મહાહિંસક એક પશુની સાથે એક માનવીનો પ્રણયસંબંધ સ્થપાયો. સર્કસના માદકમૂઢ પશુની જેવો, કૌશલ્યથી બતાવાતો માનવી સાથેનો [illegible] પ્રેમ નહિ, પણ સાચેસાચો અકૃત્રિમ પ્રેમ. અને એ પ્રેમ અકૃત્રિમ હતો તેથી જ અંતે આવું ભયાનક રૌદ્ર રૂપ લઇ શકેલો.

ઘણા આ વાત નહિ માને. સાચું છે કે આ વાતને માનવી આકરી છે. પણ એથી જ શું એ અસંભવિત છે? મારો પોતાનો મત કહું તો, હું તો રૂપદમનની વાતને ખોટી માની શકયો નથી.

કલાનાં રૂપરહસ્યની શાસ્ત્રીય સમજણ આપીને રસદૃષ્ટિ ખીલવતી લેખમાળા

અસ્થિ-વિજ્ઞાન

શ્રી અર્ધેન્દ્રકુમાર ગાંગુલીના મૂળ પરથી
અનુવાદક સૌ. શ્રી અપર્ણાબેન ત્રિવેદી

૩–અપરૂપ રીતની અભિનવ રૂપસૃષ્ટિ



પૂર્વ દેશની શિલ્પ-રીતિમાં એક વિશેષત્વ છે. ભારતના શિલ્પીઓ હક્કથી કહે છે કે પોતે વિશ્વકર્માના પુત્ર ને બ્રહ્માના પૌત્ર છે, એટલે સર્જન કરવાની સ્વતંત્રતા તેઓ પાસે છે. તેમની શિલ્પકલ્પના ફક્ત પૃથ્વીનાં પરિચિત રૂપોમાં જ સીમાબદ્ધ નહિ રહે. રેખા અને રૂપ (line and form)ના. નામ માત્રનું અવલંબન લઈ નવાનવાં આદર્શોની રૂપસૃષ્ટિ કરવાનો અધિકાર અને નિપુણતા તેમનામાં છે. કોઇ દિવસ કોઇએ નજરે ન જોયું હોય એવું અપરૂપ અને દિવ્ય રૂપ તેઓ કલ્પનાના બળથી સર્જી શકે છે. અને આ જાતની નવી રૂપસૃષ્ટિ કરવી એ જ ખરીરીતે સાચા શિલ્પીનું કર્તવ્ય છે. અને આ રીતે, આપણે જોઈએ છીએ કે ભારતના શિલ્પીએ અદ્‌ભુત આદર્શવાળી ગણેશની મૂર્તિની અને 'નરસિંહ'ની મૂર્તિની કલ્પના કરી છે. પ્રાચીન મિસર દેશની 'સેખ્‌ મેટ'ની.સિંહના મોઢાવાળા નરદેહની કલ્પના (ચિત્ર નં. ૩૪) ભારતનાં 'નરસિંહ'ની કલ્પનાની જ અનુરૂપ સૃષ્ટિ છે. આ જાતની અભિનવ રૂપસૃષ્ટિના ગુણદોષનો વિચાર કરવો જોઇએ, અને તેમનાં અંગ ને અવયવોના વિન્યાસ તથા પરિમાપના નૈપુણ્યનું વિશ્લેષણ કરી, તેમની અન્તર્નિહિત રેખાસમષ્ટિના મેળ ને માધુર્યનું વિશ્લેષણ કરવું જોઇએ. મૂર્તિનો કોઇપણ રૂપ સાથે સ્વાભાવિક મેળ છે કે નહિ તેના આદર્શની સાથે આ શ્રેણીની નવી રૂપસૃષ્ટિની સરખામણી ન થઈ શકે. ચીન અને જાપાનની વિવિધ પ્રતિમાઓમાં આ શ્રેણીના અભિનવ રૂપની મૌલિક કલ્પનાનાં ઘણાં નિદર્શનો છે. યુરોપના ગૉથિક યુગના શિલ્પમાં ને ગ્રિફિનની મૂર્તિ કલ્પનામાં આ પ્રકારની નવી ઢબની રૂપસૃષ્ટિનાં દૃષ્ટાન્તો છે.

ઉપરઃ ચિત્ર ૩૪ મિસરની મૂર્તિ
નીચેઃ ચિત્ર ૩૫ આસીરિયાનો બળદ



પશુમૂર્તિની કલ્પનામાં પણ આવી નવી રીતની મૌલિક રૂપ સૃષ્ટિને અવકાશ છે. આસીરિયાનો 'બળદ-માનવ' (ચિત્ર નં. ૩૫), ભારતનો 'ગરુડ', દક્ષિણ દેશનો 'યાલી' (ચિત્ર નં. ૩૬) અને શાર્દૂલ એ સર્વની કલ્પના, પરિચિત પશુમૂર્તિનું અતિક્રમણ કરીને સર્જેલી નાનાવિધ વિચિત્ર રસની અને અલૌકિક આદર્શોની રૂપ-સૃષ્ટિ જ છે. ચીન દેશનો 'ડ્રેગન' (Dragon) એ વળી એક નવી જ મૌલિક રૂપ સૃષ્ટિ છે. (ચિત્ર ૩૭) ચીનની Tao Tieh (અથવા કીર્તિમુખ) પણ એવા જ એક અદ્‌ભુત આદર્શની અભિનવરૂપ કલ્પના છે. ગ્રીક દેશમાં પણ,—જ્યાં શિલ્પી, માણસના સુમધુર આકારવાળા દેહને જ સાધારણરીતે શિલ્પકલ્પનાની સીમા તરીકે ગણે છે તે દેશમાં પણ—કોઇકોઇ શિલ્પીઓએ પ્રકૃતિનાં પરિચિત રૂપનું અતિક્રમણ કરી અભિનવ અને અપરૂપ રીતની રૂપસૃષ્ટિ રચી છે. આનાં શ્રેષ્ઠ દૃષ્ટાન્ત છે 'ગર્ગન અને મેડુસાની' મૂર્તિ, તથા પશુ ને માણસના રૂપના સમન્વયથી ઘડેલી 'સેટાર'(Satyr)(ચિત્ર નં.૩૮) અને'પાન'(Pan)ની અપરૂપ કલ્પનાઓ.

શિલ્પીની રૂપકલ્પના ફક્ત પરિચિત માનવ અથવા પશુચિત્રમાં જ સીમાબદ્ધ નથી હોતી.તેના રૂપનું જગત અતિવિસ્તૃત કલ્પનાનું જગત છે, જેના અતલ રૂપ-સમુદ્રમાં એવા બધા નવા ઘાટના, નવા આકારના, નવા પ્રકારના રૂપના આદર્શો છુપાએલા છે કે જે હજી સુધી માણસની નજરે પડ્યા નથી. માત્ર શિલ્પી જ



ચિત્રનં ૩૬ દક્ષિણ હિંદનો યાલી

વચ્ચેવચ્ચે તે પોતાની કલ્પનાના રૂપસાગરમાં અવગાહન કરી, નવાંનવાં રૂપરત્નો લઈ આવી, આપણી નજર આગળ તેને વાસ્તવિકતાનું રૂપ આપીને પ્રકટ કરે છે.



પથ્થર, લાકડું કે ગજદન્ત ઉપરાંત બીજી બે વસ્તુમાં શિલ્પી પોતાના અંતરની કલ્પનાને મૂર્ત સ્વરૂપ આપે છે. એમાંની એક છે માટી (terra cotta), અને બીજી છે પંચ-લોહ (bronze) અથવા વિવિધ ધાતુ (metals). જ્યાં યોગ્ય પત્થરનો અભાવ હોય છે ત્યાં તપાવેલી માટી વડે શિલ્પીઓએ ચિત્તહારી મૂર્તિ ઘડી છે. પત્થરના પ્રચલન પહેલાં હજારો વર્ષ પૂર્વે આદિમ શિલ્પીઓ ફક્ત પોતાની આંગળીઓ ચલાવીને મુલાયમ માટીમાં રૂપસુંદર વળાંકો વાળી સૃષ્ટિનું સર્જન કરી ગયા છે. મોટેભાગે આકારમાં ક્ષુદ્ર એવી તપાવેલી માટીની એ મૂર્તિની રચનામાં નવા ભાવ અને રસની કલ્પનાનો અવકાશ હોય છે. આને ઘડવાની રીત (technique) અને પદ્ધતિ જુદી છે. આ બધા ક્ષુદ્ર આકારોવાળાં માટીનાં રમકડાંમાં કુશળ શિલ્પીએ કુશળ કલ્પનાથી આદીમ યુગનો સહજ-સરળ શિશુભાવ લિપિબદ્ધ કર્યો છે. (ચિત્ર નં. ૩૯) ઑસ્ટ્રિયા દેશમાં એક સ્થૂળ અવયવોવાળી વર્તુલાકારથી વક્ર રેખામાં કલ્પાયેલી 'જગદંબા'ની પ્રતિમા શોધાઈ છે. (ચિત્ર નં. ૪૦). એ પ્રતિમા આકારમાં ઘણી જ નાની છે, પણ માતૃકા ભાવની વિશાળતા અને વિરાટ કલ્પના આ નગણ્ય છતાં ભાવસમ્પદપૂર્ણ એવી માતૃમૂર્તિમાં રહેલી છે. એની ઉમર છે ૨૫૦૦૦ વર્ષ! આને થોડીઘણી મળતી આવતી માટીની મૂર્તિ સિંધુદેશના મોહેન-જો-ડેરોના પ્રાચીન ક્ષેત્રમાં પણ શોધાઇ છે. એમાં વાંકી રેખા કરતાં સહજ સરળ રેખાનું પ્રાધાન્ય વધારે છે. આ જાતની મૂર્તિઓમાં કૃત્રિમ સૌન્દર્ય અથવા કલમની કારીગરી શોધવી એ મૂર્ખતાભરેલું છે. ભાવની ગભીરતા (depth) અને એકનિષ્ઠતા (intensity)માં જ આ જાતની મૂર્તિઓ અતુલનીય હોય છે. પ્રાચીન ગ્રીસ દેશના Tanagra ક્ષેત્રમાં, ક્ષુદ્ર કદની આવી અસંખ્ય માટીની મૂર્તિઓ (terra cotta) શોધાઈ છે. પત્થરની મૂર્તિ કરતાં આના આદર્શો અને કલ્પના જુદાં જ હોય છે. ચીન દેશમાં પણ આવી તપાવેલી માટીની બનાવેલી અપરૂપ કલ્પનાવાળી ઘણી ક્ષુદ્ર મૂર્તિઓ શોધાઈ છે. આ બધી અતિ પ્રાચીન યુગની છે. ગાંભીર્યમાં, તેમજ નાના કદમાં વધારે અર્થ સમાવવાની શક્તિમાં ચીનના પ્રાચીન યુગની માટીની મૂતિઓ-રમકડાં-જગતમાં અદ્વિતીય છે.



ધાતુની મૂર્તિઓ ઘણી વખત પત્થરની મૂર્તિઓ કરતાં વધારે સ્થાયી હોય છે. શિલ્પીઓ ધાતુના અવલંબનથી ઘણી મૂર્તિઓ રચી ગયા છે. ભારતમાં જેમ અષ્ટ ધાતુની દેવ-દેવીઓની મૂર્તિ રચનાનું પ્રચલન છે, તેમ પ્રાચીન ગ્રીસમાં એકાધિક જાતજાતની ધાતુના મિશ્રણથી બનેલી 'બ્રૉન્ઝ' ધાતુ વડે પ્રતિમારચનાની પ્રથા હતી. સીસું, ત્રાંબું, પિત્તળ, રૂપું ને કલઇના મિશ્રણથી એ ધાતુ બનતી હતી. ડેલ્ફીની સુપ્રસિદ્ધ અશ્વચાલકની ધાતુમૂર્તિનું મુખમંડળ દેવતાઇ દિવ્ય સૌન્દર્યથી દીપ્ત છે ઇંગ્લંડના બ્રિટિશ મ્યૂઝિયમમાંની 'નિદ્રાદેવી' (Hypnos)ની ધાતુમૂર્તિમાં ગ્રીક પુરાણની મધુર કલ્પનાને શિલ્પીઓ એક અજ્ઞાત ગ્રીક પ્રતિમાકાર અમર કરી ગયા છે. સફેદ આરસપહાણમાં છાયા અને પ્રકાશના જે વિપરીત ને સૂક્ષ્મ વિરોધી રસનો અવકાશ હોય છે, તેવો અવકાશ ઘેરા લીલા અથવા કૃષ્ણાભ રંગની બ્રૉન્ઝ મૂર્તિમાં હોતો નથી. એ ગભીર શ્યામવર્ણના આવરણમાં ઘડતરની કારીગરી ઘણી વખત છૂપી રહે છે. પણ આ જ ઘેરા લીલા વર્ણની જુદીજુદી આભામાં, શિલ્પી પોતાની મૂર્તિને નવા રસથી અભિષિકત કરી શકે છે. ઘણી જૂની બ્રૉન્ઝની મૂર્તિ કાર્બોલિક ઍસિડ અને oxygenના પ્રભાવથી ઑકસીડાઈઝ થઇને એક સુંદર મધુર લીલા રંગનું આવરણ ધારણ કરે છે. ચિત્રરસિકોને માટે આ રંગ (patina) ખૂબ જ આકર્ષણની વસ્તુ છે.

ભારતમાં બ્રૉન્ઝને બદલે પંચલોહ ને અષ્ટધાતુની મૂર્તિનું પ્રચલન બહુ યુગથી પ્રચલિત છે. મોહેન-જો-ડેરોના પ્રાચીન ક્ષેત્રમાંથી ધાતુની નર્તકી-મૂર્તિ શોધાઈ છે. દક્ષિણ દેશમાં પ્રાચીન બૌદ્ધ સ્તૂપમાંથી કેટલીક પંચલોહની સુંદર બૌદ્ધ મૂર્તિના ભગ્નાવશેષો મળ્યા છે. પણ મધ્ય યુગની નાલંદાની પંચલોહની મૂર્તિ ને દક્ષિણના ચોળયુગની ઘણી શ્રેષ્ઠ પ્રતિમા ભારતવર્ષના ધાતુશિલ્પીઓની અદ્ભુત નિપુણતાનું સ્મરણ કરાવે છે.





મથાળે ચિત્ર: નં. ૩૭ ચીન દેશનો ડ્રૅગન; વચ્ચે: ચિત્ર ૩૮—પશુ અને માનવના રૂપના સમન્વયની યુરોપની કલ્પના 'સેંટાર'; નીચે ડાબી બાજુ: ચિત્ર નં. ૩૯ જમણી બાજુ: ચિત્ર નં. ૪૦

આપણી વનસ્પતિ

દર માસે એકેક વનસ્પતિનો પરિચય આપતી લેખમાળા

લેખક
પ્રો. જયંતીલાલ દેવશંકર ઓઝા

[૩] ગુલમહોર

ખાખરાના જેવી જ ભભકથી, પણ ખાખરાના કરતાં યે ઘેરા લાલ રંગનાં ફૂલ વડે આ (મે અને જૂન) મહીનાઓમાં સૃષ્ટિને રંગમોહક બનાવતો ગુલમોર–ગુલમહોર તો સામાન્યરીતે જાણીતું ઝાડ છે. રેલ્વે સ્ટેશનો, બગીચા તેમજ જાહેર રાજમાર્ગો પર તે ઘણુંખરું નજરે પડે છે. પણ એ મૂળ વતની હિંદનું નહિ;–માડાગાસ્કરનું. આપણે ત્યાં તો એ છેલ્લાં સોએક વર્ષથી જ લાવવામાં આવ્યું છે. અને મોટે ભાગે શોભા-વૃક્ષ તરીકે તેમજ છાયા માટે રોપાય છે. (જોકે ફેબ્રુઆરીથી તે જૂન સુધીના એના પાનખર કાળમાં એ તદ્દન ઝરડાં ધરાવતું ઉઘાડું બની જતું હોઇ ખરી જરૂરને વખતે જ છાયા આપી શકતું નથી)

એનું શાસ્ત્રીય નામ પોઇન્સીઆના રેજીઆ (Poinciana regia Bojer) છે. સત્તરમી સદીમાં થઇ ગએલા એન્ટીલીસના ગવર્નર એમ.ડી. પોઈન્સીના નામ ઉપરથી એ નામ પાડવામાં આવ્યું છે. અંગ્રેજીમાં તેને 'ગુલ મોહર' (Gul Mohur) અગર 'ફ્લૅમ્બૉયન્ટ' (Flamboyant) કહે છે; કેટલાક તેને 'રૉયલ ગોલ્ડ મોહર' (Royal Gold Mohur) પણ કહે છે. 'ગુલ મોહર' શબ્દની વ્યુત્પત્તિ શોધવી મુશ્કેલ છે. 'ગુલ'નો અર્થ ગુલાબ અગર પુષ્પ થાય છે, અને 'મોહર' એ જૂના હિંદી સિક્કા માટેનો શબ્દ છે. સોના મહોર જેવી તેજસ્વી ગોળ પુષ્પ–પાંદડીઓ ધરાવતાં એનાં ફૂલ પરથી એ નામ પડયુ હશે.

આ વૃક્ષ ૪૦ થી ૫૦ ફૂટ ઊંચું ઊગે છે. તેની શાખાઓ ચોમેર ફેલાએલી હોય છે અને તેના પર પીંછાં આકારનાં સુંદર પાન ગોઠવાએલાં હોય છે. દરેક પાન સંયુક્ત હોય છે અને તે ૧૧ થી ૧૮ જોડકાંમાં ગોઠવાએલાં નાનાં પર્ણગુચ્છનું બનેલું હોય છે. આ દરેક નાનું પર્ણગુચ્છ પાછું એવી જ રીતે ૨૦ થી ૩૦ જોડકાંમાં ગોઠવાએલી નાની લંબચોરસ પાંદડીઓનું બનેલું હોય છે. ફેબ્રુઆરી–માર્ચ દરમિયાન આ વૃક્ષ પરથી બધાં પાન ખરી પડે છે, તે ફરી મે માસના અંતભાગ અગર જૂનની શરૂઆતમાં તાજાં પાન વૃક્ષ પર દેખાય છે અને વર્ષાઋતુમાં તો વૃક્ષ પાછું પીંછા આકારનાં સુંદર પાનથી એવું તો ભરપૂર બની રહે છે કે તેની ઘેઘૂર શોભા આકર્ષક હોય છે. એનાં ફૂલોનો પાંગરવાનો કાળ એપ્રિલથી જૂન. ગરમીની શરૂઆત થતાં જ એનાં ફૂલ દેખાવાં શરૂ થાય છે અને લગભગ મેની અધવચમાં તો આખું ઝાડ તેજસ્વી લાલ સુંદર ફૂલોની બહારથી ભભકી રહે છે.





ઉપર: ગુલમહોરનાં પાન તથા પાકી શીંગ; જમણી બાજુ: ગુલમહોરની કળી, ફૂલ તથા લીલી શીંગ

ગુલમહોર શીંબી વર્ગનું વૃક્ષ છે. તેની શીંગ ચપટી, ને તાજી હોય છે ત્યારે લીલી, પરંતુ પાછળથી ઘેરા તપખીરિયા રંગની થાય છે. તેમાં સંખ્યાબંધ લાંબાં બી હોય છે. સામાન્યરીતે આ વૃક્ષ તે એ બી વડે જ ઉગાડવામાં આવે છે, પરંતુ તે કાપકલમથી પણ ઊગે છે.

ગુલમહોરમાંથી પુષ્કળ પીળો અગર ભૂખરો ગુંદર નીકળે છે જે ઉદ્યોગમાં વપરાય છે.

સ્વ. હરિકૃષ્ણ વ્યાસ



અમારે ઘણા ભારે હૈયે દુ:ખદ નોંધ લેવાની છે કે ભાઈશ્રી હરિકૃષ્ણ મોહનલાલ વ્યાસનું ગઇ તા. ૨૩ મે ૧૯૪૭ ને શુક્રવારના રોજ તેમના વતન લાઠીમાં ક્ષયની લાંબી બીમારી પછી અવસાન થયું છે. ગુજરાતી 'લઘુલિપિ' અને 'શીઘ્રલિપિ'ના યોજક તરીકે ખ્યાતનામ એ યુવાન સાહિત્યકાર 'કુમાર'ના વાચકોને તો તેમની ટૂંકી વાર્તાઓ અને વિજ્ઞાનના લેખોથી સુપરિચિત હતા. 'પ્રકંપ' નામના એમના વાર્તાસંગ્રહ ઉપરાંત 'બેઝિક ઈંગ્લિશ', 'એક માસમેં હિંદી' વગેરે એમનાં શિક્ષણોપયોગી પ્રકાશનો એમની યોજનારત બુદ્ધિશક્તિના પુરાવા રૂપ છે. એ ઉપરાંત એક જ માસમાં સંસ્કૃત ભાષા શીખી જવાય ને સાથોસાથ ગીતાનો પણ પરિચય મળી જાય એવી નવતર યોજનાવાળું ગીતા ઉપરનું તેમનું પુસ્તક તૈયાર પડયું છે.

કાઠિયાવાડમાં લાઠી જેવા ખૂણે પડેલા સ્થાનમાં રહીને ફક્ત મૅટ્રિક સુધીનો જ અભ્યાસ કરી હાઈસ્કૂલના શિક્ષકની સામાન્ય કારકીર્દિમાંથી એક શક્તિશાળી લેખક થવાની તેમણે સાધના આદરી હતી. તેમનાં વાંચન અને વિચારસરણીમાં ચોક્કસાઇ તથા પ્રમાણ મેળવવામાં તે સફળ થયા હતા. પોતે વૈજ્ઞાનિક મનોવલણવાળા હોઈ ગણિત અને વિજ્ઞાનના લેખોમાં ખૂબ રસ જમાવી શકતા. તેમનું ગદ્ય તેજસ્વી હતું, રસવૃત્તિ સંસ્કારી અને પ્રભાવિત હતી અને સાહિત્યનાં વિધવિધ અંગો વિકસાવવા એક પ્રકાશનયોજના પણ ઘડી હતી. આ ઉપરાંત વૈજ્ઞાનિક શોધખોળના પણ તેમણે ખૂબ પ્રયોગો કર્યાં હતા. જેમાં 'ઑટોલીન' નામના એક સ્વર-વાજિંત્રનું તો પેટન્ટ મેળવ્યું હતું. એમાં ગાનારના સ્વર પ્રમાણે આપોઆપ આરોહ-અવરોહ

(અનુસંધાન પાછળના પાને)

પ્રાચીન નાટ્યશાસ્ત્ર તથા તેની અનુષંગી કળાઓ (નૃત્યાદિ)નો પરિચય આપતી લેખમાળા

[૯]

રસ

આપણે જે આઠ ભાવ જોઈ ગયા તે આઠ ભાવોમાંથી આઠ રસની ઉત્પત્તિ થાય છે. શાસ્ત્રમાં રસની એવી વ્યાખ્યા કરી છે કે આત્માનંદનું આસ્વાદન અથવા અનુભવ તે રસ. માણસ જેમ સ્વાદિષ્ટ રસનો આસ્વાદ લઇને આનંદ પામે છે, તેમ વિવિધ ભાવોને પણ આસ્વાદી શકાતા હોવાથી શાસ્ત્રમાં શૃંગાર વગેરેને રસ કહ્યા છે. એ આઠ રસનાં નામ આ પ્રમાણે છે: (૧) શૃંગાર, (૨) હાસ્ય, (૩) કરુણ, (૪) રૌદ્ર, (૫) વીર, (૬) ભયાનક, (૭) બીભત્સ અને (૮) અદ્‌ભુત. કેટલાંક શાસ્ત્રોમાં 'શાંત'ને નવમો રસ ગણવામાં આવ્યો છે.

હવે આપણે એ રસોનું સ્વરૂપ તેમજ તે ઉત્પન્ન થવાનાં કારણો તથા તેનાં લક્ષણો (જેને શાસ્ત્રમાં વિભાવ અને અનુભાવ અથવા આલંબન અને અનુલંબન કહેવામાં આવે છે) તે જોઈશું.

શૃંગાર: સ્ત્રી—પુરુષનો પરિપૂર્ણ રતિભાવ તે શૃંગાર. શૃંગાર રસ નાયક અને નાયિકાને આધારે રહેલો છે.

આલંબન: પ્રિય વસ્તુની પ્રાપ્તિ કે પુષ્પ, આભૂષણ, ઉદ્યાન વગેરે કોઈ પણ મધુર વસ્તુ તેનું ઉદ્દિપન કે આલંબન છે.

અનુલંબન: નેત્રચાતુર્ય, ભ્રૂક્ષેપ, મુખ-પ્રસન્નતા, લલિત અંગહાર, મધુર વાણી વગેરે તેના અનુલંબનો કે લક્ષણો છે.

હાસ્ય: હાસની પરિપૂર્તિ તે હાસ્ય.

આલંબન: પરચેષ્ટાનું અનુકરણ, વિપરીત વેષ, આચાર, અલંકાર, અસંબદ્ધ પ્રલાપ, વિકૃત અંગચેષ્ટા ઈત્યાદિ.

અનુલંબન: હોઠ ગાલ ને નાકનું સ્પંદન, મોં લાલ થઇ જવું વગેરે.

કરુણ: શોકનો પરિતોષ તે કરુણ.

આલંબન: ઐશ્વર્યનાશ, ઈષ્ટજનવિયોગ, વગેરે.

અનુલંબન: અશ્રુપાત, આક્રંદ, મુખશોષ, વર્ણભેદ, સ્વરભંગ કે ગદ્‌ગદ્‌ કંઠ, નિઃશ્વાસ, ગાત્રશિથિલતા વગેરે.

રૌદ્ર: પરિપૂર્ણ ક્રોધ તે રૌદ્ર.

આલંબન: ધર્ષણ, કલહ, વિવાદ, પ્રતિકૂલતા, અવમાન, દ્રોહ, અસત્યતા, શકાર ઇત્યાદિ.

અનુલંબન: ઉગ્ર નેત્ર, ભ્રૂકુટિ (ભ્રમર ચડવી), ઉત્ફુલ નાસા (નાક ફૂલવું), હાથ દાંત અને હોઠ પીસવા વગેરે. મારવું, પીટવું, પીડવું, છેદવું, ભેદવું વગેરે રૌદ્રનાં કર્મો છે.

વીર: પરિપૂર્ણ ઉત્સાહ તે વીર.

આલંબન: સામર્થ્ય, પ્રતાપ, પરાક્રમ, શૌર્ય, શક્તિ, પ્રભાવ, નિશ્ચય ઇત્યાદિ.

અનુલંબન: સ્થિરતા, ત્યાગ, ધૈર્ય દાન, ઈત્યાદિ.

ભયાનક: ભયનો પરિતોષ કે સર્વ ઇન્દ્રિયોનો વિક્ષોભ તે ભયાનક.

આલંબન: વિકૃતાકારનું દર્શન, ઘોર ધ્વનિનું શ્રવણ, અપરાધ, રાત્રી કે અંધકાર, શૂન્યાગાર, અરણ્યવાસ, સંગ્રામ વગેરે.

અનુલંબન: શરીરકંપન, રોમાંચ, મુખશોષ, સ્વર-ભંગ, વર્ણભેદ, સ્વેદ, અંગશિથિલતા, હૃદયકંપ, શુષ્ક ઓષ્ટકંઠ ઈત્યાદિ.

બીભત્સ: જુગુપ્સાનો પરિતોષ કે સર્વ ઇન્દ્રિયોનો સંકોચ તે બીભત્સ.

આલંબન: દુઃસ્વાદ, દુર્ગંધ કે કોઇપણ જુગુપ્સાજનક વસ્તુનું દર્શન, શ્રવણ, સ્પર્શ વગેરે.

અનુલંબન: નાક, કાન, આંખ વગેરે સર્વ અંગોનો સંકોચ. મુખ મચકોડવું, નાક-કાન આંખ ઢાંકવાં વગેરે.

અદ્‌ભુત: વિસ્મયનો પરિતોષ તે અદ્‌ભુત.

આલંબન: વિચિત્ર કે આશ્ચર્યજનક વસ્તુનું દર્શન, શ્રવણ વગેરે તેમજ માયા, જાદુવિદ્યા, સહસા દર્શન વગેરે.

અનુલંબન: અનિમેષ પ્રેક્ષણ, રોમાંચ, પ્રશંસા, હર્ષ, ભ્રૂવિક્ષેપ (ભવાં ચઢવાં), સ્તબ્ધતા, નેત્રવિસ્તાર (આંખો ફાડવી) વગેરે.

શાંત: વૈરાગ્યનો પરિતોષ તે શાંત

આલંબન: કામ, ક્રોધ, લોભ વગેરે વિષયો તથા દુન્યવી બાબતોથી વિરક્ત રહેવું તે.

અનુલંબન: ધ્યાનસ્થ વૃત્તિ, સાંસારિક વિષયો પ્રત્યે વિરક્તિ, નિર્વિકાર સ્થિરતા, નિશ્ચલતા વગેરે.

આ રસોમાં શૃંગાર, રૌદ્ર, વીર ને બીભત્સ એ ચાર રસો મૂળ છે. ને એ પૈકી શૃંગારમાંથી હાસ્ય, રૌદ્રથી કરુણ, વીરથી અદ્‌ભુત ને બીભત્સથી ભયાનક ઉદ્‌ભવ્યા છે. શૃંગારનું અનુકરણ તે હાસ્ય, રૌદ્રનું કર્મ તે કરુણ, વીરનું કર્મ તે અદ્‌ભુત ને બીભત્સનું દર્શન તે ભયાનક.

અન્યોન્ય વૈરી ભાવ: શૃંગાર ને બીભત્સ, વીર ને ભયાનક, હાસ્ય ને કરુણ, રૌદ્ર ને અદ્‌ભુત તે અન્યોન્યના વૈરી ભાવવાળા રસ છે.

ભાવ અને રસના જન્ય જનક ભાવ: આ પ્રમાણે છે: શૃંગારનો સ્થાયી ભાવ રતિ, હાસ્યનો સ્થાયી ભાવ હાસ, કરુણનો સ્થાયી શોક, રૌદ્રનો સ્થાયી ક્રોધ, વીરનો સ્થાયી ઉત્સાહ, ભયાનકનો સ્થાયી ભય, બીભત્સનો સ્થાયી જુગુપ્સા, અદ્‌ભુતનો સ્થાયી વિસ્મય અને શાંતનો સ્થાયી ભાવ નિર્વેદ છે.

રસોના વર્ણો: શાસ્ત્રમાં દરેક રસના વર્ણો (રંગો) દર્શાવવામાં આવેલા છે. શૃંગારનો વર્ણ શ્યામ, હાસ્યનો શ્વેત, કરુણનો કપોત (રાખોડી), રૌદ્રનો રક્ત (લાલ), વીરનો સ્વર્ણ (સોનેરી), ભયાનકનો કૃષ્ણ (કાળો), બીભત્સનો નીલ (ભૂરો) ને અદ્‌ભુતનો પીત (પીળો).

રસ-દેવતા: શાસ્ત્રમાં વળી પ્રત્યેક રસના દેવતા પણ નક્કી કરવામાં આવેલા છે. શૃંગારના દેવતા વિષ્ણુ, હાસ્યના ભૂત, કરુણના યમ, રૌદ્રના શિવ, વીરના ઈંદ્ર, ભયાનકના ભૂત, બીભત્સના મહાકાલ અને અદ્‌ભુતના દેવતા ગાંધર્વ.

સ્વર-યોજના: કયા કયા રસની ઉત્પત્તિ માટે કયા કયા સ્વર યોજવા તે પણ શાસ્ત્રમાં જણાવવામાં આવ્યું છે. તેમાં દર્શાવ્યા અનુસાર શૃંગાર ને હાસ્યરસની ઉત્પત્તિ માટે મધ્ય અને પંચમ (મ, પ) સ્વર યોજવા જોઇએ; કરુણમાં ગાંધાર ને નિષાદ (ગ, ની) સ્વર યોજવા જોઇએ; રૌદ્ર, વીર ને અદ્‌ભુતમાં ષડજ ને ઋષભ (સા, રી) તથા બીભત્સ તેમજ ભયાનકમાં ધૈવત (ધ) સ્વર યોજવા જોઇએ.

સ્વ. હરિકૃષ્ણ વ્યાસ (અનુસંધાન પાછળના પાનથી)

આપતા સ્વરો નીકળે એવી યોજના હતી. તેમની 'લઘુલિપિ'ની રચના બીજી સર્વ પ્રાંતભાષાઓની યોજનાઓ કરતાં સરળ અને ઝડપી હતી એવો અનુભવીઓનો મત હતો. એમની તીવ્ર જ્ઞાનપિપાસા અને વિશાળ વાંચન વિરલ હતાં. ઘણી આશાઓ ભર્યા એ યુવાન ભાઈના અવસાનથી ગુજરાતની ખોટમાં વધારો થયો છે ને પાછળ મૂકેલાં નાનાં બાળકો અને વિધવા પત્નીનો જીવનપથ કપરો બન્યો છે. પ્રભુ તેમને યોગ્ય ધૈર્ય અને સહાય આપો. **ર.મ.રા.**

Our Friends Abroad

પરદેશી મિત્રોના પત્રો

—આ પત્ર મેળવનાર : ગિરધારીલાલ શ્રૉફ, C/o રામગોપાલ ગિરધારીલાલ, ૭૧૧-૩ સાકર બજાર-અમદાવાદ-૨.—

Odensalagatan, 22 Ostersund
Sverige (Sweden) ૭-૧-૪૭

પ્રિય ગિરધારીલાલ,

પરમ દિવસે મને મળેલાં ૨૪મી નવેમ્બરના તમારા પત્ર, પોસ્ટકાર્ડ અને છબિઓ માટે ઘણો આભાર. મારા પિતા ટપાલની ટિકિટો નહિ, પણ સિક્કાઓ ભેગા કરતા; પણ મેં થોડા દિવસો પરના પત્રો પરથી ટિકિટો ઉખાડી લીધી છે અને ઈંગ્લંડમાં એક પત્રમિત્રને પણ બને તેટલી ઇંગ્લિશ ટિકિટો મોકલવા લખ્યું છે, એટલે તમને થોડી ટિકિટો હું મોકલીશ. ઉપરાંત કેટલાક સિક્કા પણ મોકલીશ; પરંતુ તે વધુ જૂના હોવાથી તેમનું મૂલ્ય જાણવું મુશ્કેલ છે.

મેં તમને એક વખત સ્વીડિશ લેખકો વિષે કાંઈક જણાવવાનું લખેલું. આ સાથે મોકલેલી ટિકિટ પર અમારા એક સૌથી મહાન લેખક, વિક્ટર રિડબર્ગ Vitor Rydberg ની છબિ છે. એ ૧૮૨૮માં જન્મ્યા હતા ને ૧૮૯૫માં મૃત્યુ પામ્યા. ઘણા દુઃખદ યૌવનકાળ પછી તે "Goteborjs Handes -och Sgopart-tiding" નામના સામયિકમાં વાર્તાઓ લખતા થયા અને તેની પ્રથમ નવલો 'બાલ્ટિકનો ચાંચિયો'



(૧૮૫૭) અને 'છેલ્લા ઍથેન્સવાસી' (૧૮૫૯) ચાલુ નવલકથા રૂપે તેમાં પ્રગટ થઈ. એમની છેલ્લી નવલકથા સ્વીડિશ સાહિત્યમાં નવ-પૌરાણિક પ્રવાહની સૌથી મહાનકૃતિ ગણાય છે.

વચ્ચે દસ વર્ષ તેણે કાંઇ જ લખ્યું નહિ અને ઈટાલીના પ્રવાસ પછી જૂની કલા વિષે 'આરસમાં રોમન પાદશાહો' નામે અનેક નિબંધો લખ્યા, જે 'રોમન દિવસો' નામના તેના ગ્રંથ (૧૮૭૭)નો એક ભાગ છે. તેણે જર્મન કવિ ગટે Goethe ની મહાન કૃતિ Faust ફાઉસ્ટ (૧૮૭૬)નું સુંદર ભાષાંતર પણ કર્યું છે.

જોકે તેનો સૌથી મહાન સાહિત્યફાળો તો તેનાં ઊર્મિગીતો Dikter (૧૮૮૨) છે. તેમાં તેણે પોતાની બધી રસોર્મિઓ સીંચી છે. તેને પૌરાણિક અને જૂની દંતકથાઓ કે આખ્યાનોમાં વધુ રસ-શ્રદ્ધા છે. રિડબર્ગ સિદ્ધાંતે ભાવનાવાદી છે. જોકે ૧૮૮૦ના અરસામાં ભાવનાવાદીઓ અને વાસ્તવવાદીઓ (કાવ્યમાંતાદૃશતા-વાસ્તવિક્તા ઉતારવા મથનારા) વચ્ચે ચાલેલા સંઘર્ષણમાં તે તટસ્થ રહેલો.

૧૮૮૪માં કૉલેજ-અધ્યાપક તરીકે તે સ્ટૉકહોમ રહેવા ગયો તે સમયથી તે ચિંતક અને સ્વપ્નશિલ્પી થવા લાગ્યો. ૧૮૮૦ના અરસામાં તે ઉત્તરપ્રદેશોની જૂની પૌરાણિક કથાઓની સૃષ્ટિમાં ખૂબ વિહરવા લાગ્યો જેને પરિણામે ૧૮૮૬-૮૯માં તેણે 'ટ્યુટોનિક પૌરાણિક કથાશાસ્ત્રમાં અન્વેષણો' અને ૧૮૮૭માં 'પિતા વિષે પૌરાણિકકથા' પ્રગટ થયાં. ૧૮૯૦માં તે ફરી પાછો નવ રોમાંચક-રંગદર્શી ભાવનાથી પ્રેરિત થયો અને કાવ્યોનો બીજો સંગ્રહ 'Diktre II' પ્રકટ થયો, જે પૈકી 'ચિંતક', 'પૂર્વને' તથા 'ઝંખના' કાવ્યો ગહનભાવદર્શી છે. ૧૮૮૭માં તે સ્વીડિશ ઍકૅડેમીનો સભ્ય બન્યો.

તમારા છેલ્લા પત્રમાં જણાવ્યા મુજબ હવે હું અમારા Crown of Light(તેજમુકુટ)અને Lucia 'લુસિયા' નામના ઉત્સવોનો ખ્યાલ આપું. અમે સ્વીડનમાં તે ઉત્સવને 'લુસિયાનો દિવસ' કહીએ છીએ. દંતકથા એવી છે કે લુસિયા સાઈરાકુઝની એક કુમારી હતી અને તે ઇ. ૩૦૪ માં શહીદ થઈ. તેનો દિવસ ૧૩મી ડિસેમ્બરે, શિયાળાની જૂની ઉત્તરાયણે (જ્યારે સૂર્ય વિષુવવૃત્તથી છેક દૂર સ્થિર જેવો થઈ રહે છે) આવે છે. હવે તો એ દિવસે ઘણા વહેમી આચારો પણ દાખલ થયા છે. એમાંનો એક ખ્યાલ એ છે કે અમારા વર્ષની એ સૌથી લાંબામાં લાંબી રાત્રીએ દેખા દેતા પ્રેતોની એ દેવી છે, અને શ્વેતવસ્ત્રધારિણી, માથે વાળમાં દીપકો પ્રગટાવતી એ બાળા વહેલાં પ્રભાતમાં આનંદમંગળ લાવતી મનાય છે. 'લુસિયા' લેટિન શબ્દ Lux પરથી ઊતરી આવેલો છે, જેનો અર્થ પ્રકાશ-તેજદીપક-થાય છે. આ ઉત્સવમાં અમે સ્વીડનમાં એક જાતની પુરી ખાઈએ છીએ, જેનો આકાર ક્રૉસ જેવો હોય છે અને રંગ પીળો.

હમણાં અમારા નાતાલના તહેવારો ચાલે છે. શાળા ૧૩મી જાન્યુઆરી સુધી ઊઘડશે નહિ. એટલે હું હમણાં તો રોજ બરફ પર સરકું છું. તમારા હિંદમાં બરફ પડે ખરો કે? મને નથી લાગતું કે પડતો હોય. જોકે ઇટાલીમાં કેટલોક બરફ વરસ્યો છે એમ સાંભળ્યું હતું. પણ હવે અટકું.

તમારો સહૃદયી બ્યૉર્ન હૉલસ્ટ્રમ
(Bjorn Hallstrom)

પરદેશનાં પત્રમિત્રોનાં સરનામાં

(1) E. Madhi, 179, Main Road, Newlands, Johannesburg, South Africa; (2) Daya Govan, Bovan Street, Middleburg, Transval, South Africa; (3) Eric Du Sart, 169, Main Road, Newlands Johannesburg, South Africa; (4) Solly Alexander, 83, Twist Street, Albertsville, Johannesburg, South Africa; (5) Harold Du Sart, 169, Main Road, Newlands, Johannesburg, South Africa; (6) Bert Goldbaum, 731, So Hamen Avenue, Chicago, (U.S.A.); (7) Cartin Vanus, 184, National Avenue, Chulavista, California, (U.S.A.); (8) Bob Field, 5838, Green Wood Avenue, Chicago, (U.S.A.); (9) N.M. Perera. Basic College, Galle, Ceylon; (10) Richards Domingues Valdes, San Ignacio, 10, Havana, Cuba; (11) Miss Yvonne Hairtoo, 8-14, West, 111th Street, Newyork, (U.S.A.); (12) Miss May Lambeth, 45, Cannon Avenue, Sydanham, Durban, South Africa; (13) Miss Ellen Van Zyl, Mayer Street, Albertsville, Johannesburg, South Africa; (14) Miss Dolores Mayer, 36, Bree Street, Newtown, Johannesburg, South Africa; (15) & (24) Miss Ellen and Janet Esbach, 181, Main Road, Newlande Johannesburg, South Africa; (16) Miss Lora Jackson, Du Preez street, Albertville, Johannesburg, South Africa; (17) Miss Doreen Kwang, Morris Street, Martindale, Johannesburg South Africa; (18) & (25) Miss Shiela and Sybil Peters, 123, Italian Road, Newlands, Johannesburg, South Africa; (19) Miss Yvonne Du Sart, 6, Ford Street, Salt-River, Capetown South Africa; (20)

Miss Marian Domingo, 161, Main Road, Newlands, Johannesburg, South Africa; (21) Miss "Katty" Dodds, 156, Main Road, Newlands Johannesburg, South Africa; (22) & (23) Miss Marian and Amina Dadabhay, 24, Market Street, Johannesburg, South Africa.

(ઉપલાં સરનામાં : ટનુ. એલ. દેસાઇ દ્વારા મળ્યાનો ઉલ્લેખ કરવો)

હિંદી પત્રમિત્રોને સૂચના

આજકાલ ઘણા હિંદી પત્રમિત્રો પરદેશના પત્રમિત્રો સાથે પત્રવ્યવહાર કરી રહ્યા છે, એ ઘણા આનંદની વાત છે. પરદેશી પત્રમિત્રોના 'કુમાર'માં વખતોવખત પ્રસિદ્ધ થતા પત્રો પરથી પરદેશના લોકો હિંદ વિષે કેવા ખોટા કે વિચિત્ર ખ્યાલો ધરાવે છે તેમજ હિંદ વિષેની માહિતી જાણવા કેવા આતુર છે તે જોઇ શકાશે. ખાસ કરીને અત્યારે જ્યારે હિંદ ગુલામીના ગાઢ અંધકારમાંથી સ્વતંત્રતાના ઉજ્જવલ પ્રકાશમાં આવી રહ્યું છે તે વખતે તેમની ઉત્સુકતા વધી હોય એ સ્વાભાવિક છે. ઇતિહાસની આ અગત્યની પળે અમે હિંદી પત્રમિત્રોને સૂચના કરીએ છીએ કે પરદેશમાં તમે જે પત્ર મોકલો તેમાં હિંદ વિષે વિપુલ માહિતી મોકલો. હિંદનો વૈભવશાળી ઇતિહાસ, તેની ભૌગોલિક માહિતી, તેના મહાન નેતાઓ, તેની ઉચ્ચ સંસ્કૃતિ, તેની વિશિષ્ટતાઓ ઈત્યાદિનો ખાસ ઉલ્લેખ તેમાં હોવો જોઇએ. અમે આશા રાખીએ છીએ કે વધુ ને વધુ હિંદી પત્રમિત્રો પરદેશમાં વસતા પત્રમિત્રોને આવી માહિતી મોકલી હિંદની મહત્તાનું તેમને ભાન કરાવશે. આ પણ હિંદની એક સેવા જ છે ને !

નવાં હિંદી પત્રમિત્રો

એપ્રિલ અંકમાં પ્રકટ થએલાં નામ પૈકી નં. (૧૯૫)નો પોસ્ટ બૉક્સ નં. ભૂલથી ૧૪૧ છપાયો છે તે ૧૧૪ જોઇએ.

(૨૧૦) પ્રતાપરાય કરસનદાસ જોષી, યુનિવર્સલ સેઇલ્સ એસોસીએશન, ૧૦૯ પોદાર ચેમ્બર, પારસી બજારસ્ટ્રીટ, કોટ, મુંબાઈ-૧—વય : ૨૦, શોખ : ચિત્રકળા, તરવાનું; (૨૧૧) જોઇતારામ મોહનલાલ ચોકશી, બજારમાં, વડનગર—વય : ૩૦, શોખ : સાહિત્ય; (૨૧૨) ગુણવંતલાલ કૃષ્ણલાલ શાહ, ૧૦૨૯ ટોકરશાની પોળ, જમાલપુર, અમદાવાદ—વય : ૨૦, શોખ : સાહિત્ય, ધર્મ, ફિલ્સૂફી, પત્રો અંગ્રેજીમાં; (૨૧૩) સુમન શાહ, નલિન પેન ફ્રેન્ડઝ કલબ, વઢવાણ કૅમ્પ—વય : ૧૯, શોખ : ટિકિટસંગ્રહ, બાગબાની, રમતો; (૨૧૪) કુ. ઉષા સિંધિયા, બી.એ., સ્ટેનોગ્રાફર, ઈસ્ટર્ન ફેડરલ યુનિયન, નિકોલ રોડ, કરાચી-૨,—વય : ૨૨, શોખ : જૂના સિક્કાસંગ્રહ, ફોટોગ્રાફી, પત્રકારત્વ; (૨૧૫) મણિલાલ ભીમભાઈ દેસાઇ, ગજાનન હિંદુ હૉટેલ, ખત્રીવાડ, વલસાડ,—વય:૨૧, શોખ:સંગીત, ફોટોગ્રાફી; (૨૧૬) બલવંત પી. વ્યાસ, પારેખવાડી 'એ'બ્લોક, ચોથે દાદરે, રૂમ ૭૯, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબાઇ-૪,—વય :૨૦, શોખ : વિજ્ઞાન, ફોટોગ્રાફી; (૨૧૭) કુ. ભાનુમતી આર, શુદ્ધ ઘી ભંડાર, સદર બજાર, હૈદ્રાબાદ (સિંધ),—વય : ૧૬, શોખ : ફોટોગ્રાફી, ટિકિટસંગ્રહ; (૨૧૮) કુ. નિર્મલા દેસાઇ, લેખડિયા શેરી, સૈયદપરા, સૂરત,—વય: ૧૭, શોખ : સંગીત, ટિકિટસંગ્રહ, વાંચન; (૨૧૯) ભગવાનદાસ પી. ઠક્કર, મઝગામ કચ્છી લોહાણા નિવાસગૃહ, જૂની ચાલ, મુંબઇ-૧૦—વય : ૧૬, શોખ : ક્રિકેટ, પ્રવાસ; (૨૨૦) વીરજી પુરૂષોત્તમ ધામે, કચ્છી લોહાણા નિવાસગૃહ, મઝગામ, મુંબઈ-૧૦—વય : ૧૭, શોખ : વાંચન; (૨૨૧) કાન્તિલાલ આર. ધ્રુવ, C/o પી.ડી. મણીઆર, ૪૧, ભોઇવાડો બીજો. ભુલેશ્વર, મુંબઇ-૨—વય : ૩૦, શોખ: ટિકિટસંગ્રહ, સિક્કાસંગ્રહ, આધ્યાત્મિક વિદ્યા; (૨૨૨) કાનજી ફકા પરમાર, ખોભાત્રી બજાર, માંડવી-કચ્છ—વય : ૧૭, શોખ : ટિકિટ સંગ્રહ, મેચલેબલ સંગ્રહ; (૨૨૩) રામજીભાઈ મો. કડીઆ, કડીઆવાસ, ધીણોજ, મહેસાણાપ્રાંત—વય : ૧૬, શોખ : પ્રવાસ, ફોટોગ્રાફી; (૨૨૪) તરંગ ગણાત્રા, C/o રવજી ખીમજી ગણાત્રા, હીરાલાલ ગણાત્રા રોડ, કરાંચી-૧—વય : ૧૭, શોખ : ફોટોગ્રાફી, સામાજિક કાર્ય; (૨૨૫) અશોકકુમાર છોટાલાલ વોરા, દાભોળકરનો વાડો, દાંડિયા બજાર, વડોદરા—વય : ૨૩, શોખ : પ્રવાસ; (૨૨૬) વિનયચન્દ્ર ડી. સોનેટા, કચ્છી લોહાણા નિવાસગૃહ, વીરજી પેરાજ ચાલ, મઝગામ, મુંબઇ-૧૦—વય : ૧૮ શોખ : સાહિત્ય; (૨૨૭) શાંતિલાલ ભાણાજી, સદર બજાર, હૈદ્રાબાદ, (સિંધ)—વય: ૧૯, શોખ : વાંચન; (૨૨૮) સૂર્યકાન્ત ઈશ્વરલાલ ત્રિપાઠી, માંગનાથ સ્ટ્રીટ, જુનાગઢ—વય : ૧૮, શોખ : ટિકિટસંગ્રહ, ફોટોગ્રાફી; (૨૨૯) ચીમનલાલ સોમનાથ ભટ્ટ, ૬૬૩, નાઈવાડો, રાયપુર, અમદાવાદ—વય : ૧૯, શોખ : વિજ્ઞાન, સાહિત્ય, કાવ્ય લેખન; (૨૩૦) ફિરોઝ આર. ખંભાતા, દેલીવાલા બિલ્ડિંગ, પ્લોટ નં ૧૧, માણેકવાડી, ભાવનગર—વય : ૧૬, શોખ : ટિકિટસંગ્રહ, દીવાસળી તથા સીગારેટની પેટીના લેબલો, ક્રિકેટ, પત્રો અંગ્રેજીમાં; (૨૩૧) ફરહાદ આર. ખંભાતા, ૧૧, માણેકવાડી, ભાવનગર—વય : ૧૮, શોખ : ટિકિટસંગ્રહ, સંગીત, કુદરત, દીવાસળીની પેટીના લેબલોનો સંગ્રહ; (૨૩૨) મણીકાન્ત યાજ્ઞિક C/o ઓઝળે કાનપુર ટ્રેડિંગ કંપની લિમીટેડ, ૫૧૫૬, કલેકટર ગંજ, કાનપુર, (યુ.પી)—વય : ૧૬, શોખ : ફોટોગ્રાફી, સિક્કાસંગ્રહ, ટિકિટસંગ્રહ (૨૩૩) વિનયચન્દ્ર તન્ના, પો.બો.નં. ૧૯૫૭, મુંબાઈ-૧-વય: ૨૩, શોખ: સંગીત, કલા, પ્રવાસ; (૨૩૪) કાન્તિલાલ પ્રાણલાલ મહેતા, આદમજી જીવણજી બીલ્ડિંગ, નિકોલસ સ્ટ્રીટ, રામસ્વામી ગાડીખાતા, કરાંચી, (સિન્ધ)—વય : ૧૯, શોખ : ટિકિટસંગ્રહ, પર્યટન, દેશીરમતો; (૨૩૫) પ્રાણલાલ વેલજી કોઠારી, નવાપુરા, વાઘેશ્વરી શેરી, માંડવી, (કચ્છ)—વય : ૧૭, શોખ : ટિકિટ તથા સિક્કા સંગ્રહ, જુદીજુદી ભાષા શિખવાનો; (૨૩૬) એ.બી. મલેક, મુ. ઝેકડા, પોસ્ટ-વારાહી, (ઉ.ગુજરાત)—વય : ૨૦, શોખ : વિજ્ઞાન, ચિત્રસંગ્રહ, ફોટોગ્રાફી; (૨૩૭) પરમ્, જી.પી.ઓ. બૉક્સ ૨૨૬, કરાંચી—વય : ૧૯, શોખ : સાહિત્ય, ફોટોગ્રાફી, લલિતકળા; (૨૩૮) શશીકાન્ત શાહ, સરસ્વતી ભુવન, ૧લે માળે, ૧૮૦, લેમીંગ્ટનરોડ, મુંબાઈ-૭—વય : ૨૨, શોખ : જ્યોતિષ, હસ્તરેખા, શરીરવિજ્ઞાન; (૨૩૯) જયંત મોહનલાલ રાજાજી, C/o મોહનલાલ રાજાજી, રણજીત જામોરીય પાછળ, જામનગર—વય : ૨૩, શોખ : ફોટોગ્રાફી, ચિત્રકલા; (૨૪૦) અંબાલાલ ટી. પરમાર, C/o બહારપુરા, વાંકેર નિવાસ, ખેડા—વય: ૨૦, શોખ: ચિત્રકલા, રાજકારણ, ધર્મ; (૨૪૧) પ્રવીણ વોરા, C/o મહીપતરામ એ. વોરા, શાંતિભુવન પાસે, પો. ધનબાદ (માનભૂમ)—વય : ૧૪, શોખ : ચિત્રકલા, ફોટોગ્રાફી; (૨૪૨) કુ. શાન્તા એન. ઝવેરી, C/o કાન્તિલાલ એન. ઝવેરી, રાણેશ્વર રોડ, માંડવી (કચ્છ)—વય : ૧૫, શોખ: સંગીત, ટિકિટસંગ્રહ; (૨૪૩) ઉપેન્દ્ર પુરૂષોત્તમરાય દેરાસરી, C/o પુરૂષોત્તમરાય ભોળાનાથ દેરાસરી, છોટાલાલ મિલ્સ, ચેકર ઑફિસ, કલોલ—વય: ૧૪, શોખ: ચિત્રકલા, હુન્નરઉદ્યોગ, ફોટોગ્રાફી; (૨૪૪) મગનલાલ શાહ, C/o શાહ મુરજી નપુ, કુંભારવાડા, ૪થી લેન, મુંબાઈ-૪—વય : ૧૮, શોખ : સંગીત, ટિકિટસંગ્રહ; (૨૪૫) રજની ભટ્ટ, નાનજી માણેકલાલની ચાલ, પ્લોટ નં. ૬૧૭, માણેકવાડી, સ્ટેશન સામે, ભાવનગર—વય: ૧૬, શોખ : સંગીત, વિજ્ઞાન, ટિકિટસંગ્રહ.

(અનુસંધાન પાછળના પૂઠા પરની અંદરની આર્ટપ્લેટની સામે)

વિયેટનામ

એક નવા લોકશાહી પ્રજાતંત્રના સ્વાતંત્ર્ય સંગ્રામની કથા



એ નામ વર્તમાનપત્રોમાં દેખાયું ત્યારે સૌને કૌતુક થએલું કે એ શું અને ક્યાં આવ્યું. એ હિંદીચીનના પ્રજાસત્તાકનું નામ છે, અને ગયા ડિસેમ્બર માસથી તેની અને ફ્રેન્ચ સત્તા વચ્ચેની અથડામણો આપણે સાંભળતા આવ્યા છીએ. પણ તેની રેખાવતાર માહિતી બહુ ઓછા જાણતા હશે.

આપણા પડોશી બ્રહ્મદેશને અડીને, અને ચીન તથા સીઆમની બગલમાં આવેલો એ 'ફ્રેન્ચ ઈન્ડો ચાયના' અથવા 'હિંદી ચીન'ના નામથી ઓળખાતો પ્રદેશ આપણો પડોશી એશિયાઈ દેશ છે અને હિંદ તથા ઈન્ડોનેશિયાની માફક છેલ્લા દોઢ-બે દાયકાથી પોતાના સ્વાતંત્ર્ય માટે ઝૂમી રહ્યો છે. પોણાત્રણ લાખ ચોરસ માઈલનું ક્ષેત્રફળ અને બે કરોડ ને ત્રીસ લાખની વસતિ ધરાવતા એ વિશાળ અને દૂઝણી ગાય જેવા પ્રદેશ પર ફ્રેન્ચ સામ્રાજ્યની હકૂમત જામેલી હતી. ગયા મહાયુદ્ધમાં જપાને એ દેશ પર કબજો મેળવ્યો. પણ જપાનની શરણાગતિ પછી તે સ્વતંત્ર બન્યો અને ત્યાંના રહેવાસીઓ જે અન્નામીઓ તરીકે ઓળખાય છે તેમણે ત્યાં પોતાનું સ્વતંત્ર પ્રજાસત્તાક તંત્ર સ્થાપ્યું. 'વિયેટ' એટલે 'પ્રજા' અને 'નામ' એટલે 'અન્નામ સંબંધી'. ટૂંકમાં 'વિયેટનામ' એટલે 'અન્નામની પ્રજા' એવો શબ્દાર્થ થાય. પણ વ્યવહારમાં વિયેટનામ એ શબ્દ હિંદીચીનમાં અસ્તિત્વમાં આવેલા નવા રાષ્ટ્રીય લોકશાહી પ્રજાતંત્રને માટે વપરાય છે.

ફ્રાન્સના સામ્રાજ્યમાં રત્ન જેવો ગણાતો આ પ્રદેશ ઘણો જ ફળદ્રુપ છે. દુનિયામાં બહુ જ ઓછા દેશોમાં અહીંના જેટલા વિપુલ પ્રમાણમાં ચોખા પાકે છે. ૧૯૩૯માં દુનિયાભરમાં જેટલી ચોખાની નિકાસ થઈ હતી તેનો ૨૫ ટકા ભાગ એકલા આ પ્રદેશમાંથી થઈ હતી. રબ્બરની પણ અહીં જંગી પેદાશ છે અને તેમાં તેનો દુનિયા ભરમાં ત્રીજો નંબર આવે છે. દૂર પૂર્વના પ્રદેશને કોલસો પણ આ હિંદીચીન જ પૂરો પાડે છે. અનેક જાતના કાચા માલની તો આ પ્રદેશ ખાણ છે. અને કારખાનાંઓનો અહીં બહુ વિકાસ નહિ થએલો હોવાથી તૈયાર માલ વેચવા માટે આ પ્રદેશ સરસ બજારની પણ ગરજ સારે છે. ટૂંકમાં કામધેનુ જેવો આ પ્રદેશ છે.

૭૦ વર્ષ સુધી ફ્રાન્સે આ પ્રદેશ ઉપર એકચક્રે રાજ્ય કર્યું. આ સમય દરમ્યાન એ કામધેનુને લૂંટવા સિવાય ફ્રાન્સે બીજું કશું જ કર્યું નથી. ત્યાં આટઆટલી ઉપજ હોવા છતાં ત્યાંના અન્નામી લોકોને અર્ધભૂખ્યા અર્ધનગ્ન દશામાં ચાર આના રોજ પર કૂલી તરીકે એ મજૂરી જ કરાવતું. પોણા સૈકાના ફ્રેન્ચ અમલ છતાં આજે ત્યાં ફક્ત ૧૧ ટકા લોકો જ ભણેલા છે. ફ્રેન્ચ સરકાર જાતે ત્યાં અફીણ ને દારૂનો વેપાર કરતી, અને લોકો એ ઝેર વધુ ને વધુ ખાય તે માટે પ્રોત્સાહન આપતી. દેશનો રાજ્યકારભાર થોડાક ખાંધિયા ધનિક અન્નામીઓ મારફત ફ્રાન્સ પોતાની ઈચ્છા મુજબ ચલાવતું. દેશની કોઈપણ નીતિ ઠરાવવામાં અન્નામી લોકોને બિલકુલ અધિકાર ન હતો.

આ ધૂંસરીમાંથી મુક્ત થવા ત્યાં એકએકથી ચડિયાતાં આંદોલનો થયાં. પહેલા મહાયુદ્ધની શરૂઆતમાં લગભગ રોજ ત્યાં ફ્રેન્ચો વિરુદ્ધ એકાદ કાવતરું કરવામાં આવતું. એ મહાયુદ્ધમાં હિંદી ચીને એકલાખ માણસોની સૈનિક તથા મજૂર તરીકેની મદદ કરેલી, છતાં એ તેને કશા પ્રકારની સ્વતંત્રતા મળી નહિ. એ મહાયુદ્ધ પછી લડાઈને મોરચેથી પાછા ફરેલા સૈનિકોએ આવીને આર્થિક અને રાજકીય સ્વતંત્રતાની માગણી કરી. એ જ અરસામાં ચીનમાં ચાલતી રાજકીય ક્રાંતિની પણ એને પ્રેરણા મળી. પણ કાંઈ સંગીન પરિણામ આવ્યું નહિ. અને ચળવળ દાબી દેવાના પ્રયત્નો થયા. અંતે ૧૯૩૦ના ફેબ્રુઆરીમાં (આપણી દાંડીકૂચની પહેલાં એક મહીને) આખા દેશમાં લોકોએ પોતાના ઉપર થતા જુલમ અને અત્યાચાર સામે વિરાટ આંદોલન શરૂ કર્યું. સભાઓ ભરવા માંડી અને સરઘસો નીકળવા માંડ્યાં. આ ચળવળ દાબી દેવા માટે ફ્રેન્ચોએ બધી જ જાતના ક્રૂર ઉપાયો લીધા. તેમણે સરઘસો પર ગોળી વરસાવીને તેને વિખેરી નાખવાનો પ્રયત્ન કર્યો; ચળવળના નેતાઓને વીણી વીણીને ફાંસીને માંચડે લટકાવી દીધાં; છતાં જનતાનું આ આંદોલન સતત એક વર્ષ લગી ચાલ્યું. પછી એ ધૂંધવાતો અગ્નિ ૧૯૩૬માં કોલસાની ખાણના તથા રબ્બરના બાગમાં કામ કરતા મજૂરોની હડતાળ રૂપે પ્રગટ્યો. તેમણે ટ્રેડ યુનિયન બનાવવાની, ભાષણ કરવાની તથા સભા ભરવાની માગણી કરી. એ માગણીઓ પણ ધુત્કારી કાઢવામાં આવી અને આંદોલન શરૂ થતાં જ તે વખતની ફ્રાન્સની 'સોશિઆલિસ્ટ' સરકારે તેને કડક હાથે દાબી દઈ અન્નામી નેતાઓને પકડીને જેલના સળિયા પાછળ ધકેલી દીધા.

પણ ૧૯૩૭માં જ્યારે જપાનનું આક્રમણ હિંદી ચીનના સીમાડા સુધી આવી પહોંચ્યું ત્યારે તેના રક્ષણનો પ્રશ્ન ફ્રાન્સ આગળ આવી પડ્યો. પરંતુ ફ્રાન્સ પોતે એ વેળા ખુલ્લીરીતે જપાન સામે થઇને એ જવાબદારી લેવા તૈયાર ન હતું, એટલે તેણે છટકબારીઓ શોધવા માંડી. એ વેળા અન્નામી નેતાઓએ આગળ આવીને કહ્યું કે જો દેશના રાજકારભારમાં યોગ્ય ફેરફાર કરવામાં આવે તો પ્રજા જપાનનો સફળ મુકાબલો કરવા તૈયાર છે. પણ સામ્રાજ્યવાદના મદવાળું ફ્રાન્સ આવી માગણીઓ મંજૂર કેમ રાખે ? તેણે અસ્વીકાર કર્યો.

બીજી બાજુ જપાને 'એશિયા, એશિયાવાસીઓ માટે'નો નાદ જગાવ્યો. આનું પરિણામ એ આવ્યું કે જપાને આક્રમણ કરતાં જ હિંદી ચીન એક પાકેલા ફળની માફક જપાનના હાથમાં જઈ પડ્યું. દરમિયાન જર્મનીના આક્રમણ સામે ફ્રાન્સનો જુસ્સો નમી પડ્યો અને ત્યાં જર્મનીના હાથમાં રમનારી માર્શલ પેતાંની 'વીશી સર-

કાર' આવી. તેણે હિંદી ચીનમાં નવો ગવર્નર નીમ્યો અને તેને જપાનને સર્વ પ્રકારની મદદ કરવાની તાકીદ કરી. યુદ્ધનાં પૂરાં પાંચ વર્ષો સુધી આ ફ્રેન્ચ ગવર્નર તથા તેના અમલદારો જપાનના હાથનાં પૂતળાં બનીને હિંદી ચીનની અન્નામ જનતાને પીસતા રહ્યાં.

યુદ્ધના એ વખતથી હિંદી ચીનના સ્વાતંત્ર્યયુદ્ધનો નવો તબક્કો શરૂ થયો અને ૧૯૪૦ના ઑક્ટોબર-ડીસેંબરમાં સમસ્ત અન્નામી પ્રજાએ પોતાનું વિશાળ સંગઠન કર્યું. નૅશનાલિસ્ટ પાર્ટી, ન્યૂ અન્નામી પાર્ટી, ઈન્ડો-ચાઇનીઝ કમ્યુનિસ્ટ પક્ષ, કિસાન સંઘ, નવયુવક સંઘ, રાષ્ટ્રીય સૈનિકદળ, એવાં બધાં અલગ જૂથોએ એકતાર થઈ જઇને એક જબ્બર રાષ્ટ્રવ્યાપી આંદોલન જગાવ્યું અને એક જ અઠવાડિયામાં વીસ ઠેકાણે નાનીમોટી અથડામણો થઇ અને એની સાથે સાત જિલ્લાઓમાં બળવો થયો. તેને દબાવવા માટે ફ્રેન્ચ સરકારે લશ્કરની મદદ લીધી. ઠેરઠેર ધરપકડ અને ગોળીબાર થયાં. એકલા સાઇગોનમાં જ ૧૦૦૦થી વધુ માણસોની ધરપકડ થઈ.

પણ જાગૃત થએલો રાષ્ટ્રપ્રાણ હવે દબાય તેમ ન હતો. ઈ.સ. ૧૯૪૧માં હો-ચી-મીન આદિ વિપ્લવવાદી નેતાઓએ ઉપલા સર્વ પક્ષોને સમાવતી 'વિયેટ-મીન' નામની ઉદ્દામ રાષ્ટ્રીય સંસ્થા શરૂ કરી. ટૂંકવખતમાં જ આ સંસ્થાના સિત્તેર હજાર ઉપરાંત સભાસદો નોંધાયા. ૧૯૪૪માં એ સંઘે જપાનીઓને હાંકી કાઢવા માટે ગોરીલા ટુકડીઓ તૈયાર કરવાનો આદેશ આપ્યો. લીગના ખેડૂત સભાસદોએ મ્હેસુલ ભરવાની ના પાડી અને બજારમાં ચોખા મોકલવાનું બંધ કર્યું. પરિણામે જપાનીઓએ ફ્રેન્ચ પૂતળા સરકારની મદદથી હજારો ખેડૂતોની ધરપકડ કરી અને સેંકડોને ગોળીએ ઉડાવી દીધા, ને તત્કાલ પૂરતી એ લડતને ડામી દીધી.

પણ યુરોપમાં હવે જર્મનીનાં વળતાં પાણી થયાં. એટલે ફ્રાન્સ જર્મનીના પંજામાંથી મુક્ત થયા પછી કદાચ હિંદી ચીનના ફ્રેન્ચ અધિકારીઓ પોતાની સાથે દગો કરશે એવી બીક લાગવાથી ૧૯૪૫ના માર્ચ મહીનામાં જપાને હિંદી ચીનનો રાજ્યવહીવટ પોતાના હાથમાં લીધો અને અન્નામી રાજા બાઓ દાઈની આગેવાની નીચે 'પૂતળા સરકાર' સ્થાપીને તેની માર્ફત રાજ્ય ચલાવવા માંડ્યું.

પરંતુ ૧૯૪૫ના ઑગસ્ટમાં જપાન હારીને મિત્રરાષ્ટ્રને શરણે ગયું. એ અન્નામીઓને મોટો સુવર્ણ-અવસર મળી ગયો. દેશભરમાં જબરદસ્ત આંદોલન કરીને જનતાએ રાજા બાઓ દાઇને સત્તાત્યાગ કરવાની ફરજ પાડી અને દેશના ઇતિહાસમાં પહેલી જ વાર, ૨૫મી ઑગસ્ટ ૧૯૪૫ના શકવર્તી દિવસે, હો-ચી-મીનના પ્રમુખપણા નીચે પહેલી આઝાદ પ્રજાસત્તાક સરકાર 'વિયેટ નામ'ની સ્થાપના કરવામાં આવી. સિત્તેર વર્ષના અવિશ્રાંત શ્રમ, ત્યાગ અને બલિદાનનું ફળ પ્રજાને મળ્યું. સ્વાતંત્ર્યનો મધુરો પ્રકાશ તેમને અનુભવવા મળ્યો. જપાને પણ હવે આ સરકારને ટેકો આપ્યો, કારણકે મિત્રરાષ્ટ્રો માટે જેટલી વધારે મુશ્કેલી ઊભી થાય તેટલું તેને જોઈતું જ હતું.

પણ હજુ હિંદી ચીનની મુશ્કેલીઓનો અંત આવ્યો ન હતો. સ્વાતંત્ર્યનું જે અમૃતફળ તેણે મેળવ્યું હતું તે ઝૂંટવી લેવાની તક જ ફ્રાન્સ શોધતું હતું, તે તેને મળી. શરણાગતિની શરતો અનુસાર હિંદી ચીનમાંના જપાનીઓનાં હથિયાર છોડાવવાની ફરજ અંગ્રેજો અને ચીનને માથે આવી પડી. તેમાં અંગ્રેજોને મદદ કરવાને બહાને બ્રિટિશ સેના સાથે ફ્રેન્ચ લશ્કર પણ આવ્યું અને ૨૩મી સપ્ટેમ્બર ૧૯૪૫ની સવારે સાઇગોન ઉપર હુમલો કરીને ફ્રેન્ચોએ એ નગર જબરદસ્તીથી વિયેટનામની આઝાદ સરકાર પાસેથી પડાવી લીધું, અને મહિના પહેલાં જ જેની ગૌરવભરી જાહેરાત કરવામાં આવી હતી તે વિયેટ નામ ઉપર ફ્રેન્ચોએ પહેલો પ્રહાર કર્યો. ઠેરઠેર ફ્રેન્ચ મશીનગનો ગોઠવાઇ ગઇ. જપાનીઓ પાસેથી મેળવેલાં તૂટ્યાંફૂટ્યાં હથિયારોવાળા અન્નામીઓ ઉપર છેલ્લી ઢબનાં હથિયારો—મશીનગન, ટૅંક, એરોપ્લેન—થી સુસજ્જ એવું ફ્રેન્ચ દળ ત્રાટક્યું. સ્વતંત્ર થએલાં અન્નામીઓને ફરી ગુલામ બનાવવા ફ્રેન્ચોએ કમર કસી.

પણ એમ કંઇ આઝાદીની જ્વાલા બુઝાય? અન્નામીઓએ પણ તેનો જવાબ તેટલી જ અસરકારકરીતે આપવા માંડ્યો. ભલે તેમની પાસે હથિયારો છેલ્લી ઢબનાં નહોતાં, પણ તેમનાં હૃદયમાં આઝાદીની અખંડ ચિરાગ બળતી હતી અને તે ચિરાગ જલતી રાખવા માટે ગમે તે કિંમત આપવાની તેમની તૈયારી હતી. ફ્રેન્ચો અને યુરોપીયન વિરુદ્ધ તેમના ક્રોધનો દાવાગ્નિ સર્વજ્વાળાએ ભભૂકી ઉઠ્યો. જ્યાંજ્યાં ફ્રેન્ચ દેખાય ત્યાંત્યાં તેને ઠાર કરવા માંડ્યો. આખા દક્ષિણ વિસ્તારમાં ગેરીલા યુદ્ધ શરૂ થઈ ગયું. સ્ત્રીઓએ પણ હથિયાર સજ્યાં, એક પણ યુરોપિયનની જિંદગી સલામત ન રહી. અન્નામીઓએ અનેકને ઝેર આપ્યાં, અનેકને ગોળીથી ઠાર કર્યાં.

વિયેટનામ પ્રજાસત્તાકના પ્રમુખ : હો–ચી–મિન



વિયેટનામ પ્રજાતંત્રના પ્રમુખ ને ક્રાંતિના આગેવાન હો-ચી-મીનનો જન્મ અન્નામમાં થયો હતો. ૧૯૧૧માં ૧૯ વર્ષની વયે ફ્રેંચ વિરોધી ચળવળ માટે તેના પર વૉરન્ટ નીકળ્યું. પરન્તુ ફ્રાન્સ જતા એક જહાજમાં તે ભાગી છૂટ્યા ને પારીસ પહોંચી ગુએન આઈ ક્લોકનું ઉપનામ ધારણ કરી ફોટો-રીટચર તરીકે જીવન ગુજારવા માંડ્યું. ત્યાં તે કમ્યુનિસ્ટો સાથે ભળ્યા ને તેમના તરફથી મૉસ્કોમાં મળેલી 'આંતરરાષ્ટ્રીય કિસાન પરિષદ'માં પ્રતિનિધિ તરીકે તેમને મોકલવામાં આવ્યા.

રશિયા તેમને ગમતું હતું. ત્યાં તે રહ્યા ને નામ રાખ્યું સોંગ માં યો. સાત વર્ષ સુધી તેમણે કોમીન્ટર્નમાં કામ કર્યું અને સોવિયેટ નાગરિક થયા. આજે પણ આ અધિકાર તે ધરાવે છે.

આ પછી તે દેખાય છે ચીનમાં કૅન્ટન ખાતે સોવિયેટ એલચી ખાતામાં ભાષાંતરકાર તરીકે. એ પછી ચાંગ-કાઈ-શેકના સલાહકાર તરીકે ૧૯૨૭માં આવેલા માઈકલ બોરોડીનના સ્ટાફમાં તેની બદલી કરવામાં આવી. ચીનાઓ સાથે પુનઃ તે મુશ્કેલીઓમાં આવ્યા અને ત્યાંથી સિયામ ગયા. ત્યાં પુનઃ તકલિફમાં આવ્યા અને ગુએન શાનાહના નામ હેઠળ તે હૉંગકૉંગ ગયા. અહિંથી તેમણે હિંદી ચીનની ક્રાંતિ યોજી. બીજા વિશ્વયુદ્ધનો અંત આવતાં જ એ હો–ચી–મીન તરીકે મૂળ નામથી પ્રગટ થયા અને નવા પ્રજાતંત્રના પ્રમુખ નીમાયા.

રહેર ગોરાઓ અન્નામીઓની ગોળીના ભોગ થઇ પડવા માંડ્યા. યુરોપીયનો તથા ફ્રેન્ચોનાં માથાં માટે મોટાંમોટાં ઇનામો જાહેર કરવામાં આવ્યાં.

અંતે હારીને ફ્રાન્સે હેનોઈમાં છઠ્ઠી માર્ચ ૧૯૪૬ને દિવસે વિયેટનામ સાથે પ્રાથમિક સંધિ કરી. સંધિની શરતોમાં (૧) વિયેટનામ લોકશાહી પ્રજાસત્તાકને સ્વતંત્ર સરકાર તરીકે ફ્રાન્સે કબૂલ રાખી; (૨) વિયેટનામને પોતાની પાર્લામેન્ટ, લશ્કર તથા નાણાતંત્ર હોવાના અધિકારને ફ્રાન્સે મંજૂર રાખ્યો; અને (૩) ટેન્કીન, અનામ, અને કોચીન ચીન નામના હિંદી ચીનના ત્રણ પ્રાંતોના યૂનિયન અંગેના પ્રશ્નનો સામાન્ય લોકમતથી નિર્ણય લેવાનું ઠરાવ્યું.

આ સંધિ પછી શાંતિ સ્થપાશે એવી આશા રાખવામાં આવી હતી. પણ તે નિષ્ફળ નીવડી. ફ્રેન્ચ પ્રત્યાઘાતીઓએ પોતાની મેલી રમત રમવી શરૂ કરી દીધી. હિંદી ચીનની પ્રજામાં એકતા ન સધાય તે માટે તેમણે કોશિશ કરવા માંડી. કોચીન-ચીન એ હિંદી ચીનનો નાનો પ્રાંત હોવા છતાં અતિ ફળદ્રુપ પ્રદેશ છે. આખા હિંદી ચીનની ૭૫ ટકા મહેસુલની આવક એકલા આ પ્રાંતમાંથી ઉપજે છે. એટલે આ કોચીન ચીન પોતાને હસ્તક રાખવાનાં ચક્રો તેમણે ચલાવવા માંડ્યાં અને કોચીન ચીનને પોતાનું આગવું સંસ્થાન ગણાવીને ત્યાં જૂન ૧૯૪૬માં ફ્રેન્ચોએ એક પૂતળા સરકાર ગોઠવીને તેને સ્વશાસનનો જુદો અધિકાર આપ્યો અને એવો પ્રચાર શરૂ કર્યો કે કોચીન ચીનની પ્રજા વિયેટનામ પ્રજાસત્તાક સાથે જોડાવા રાજી નથી, કેમકે કોચીન ચીનની પ્રજાને ટોંગકીનના લોકો પ્રત્યે અણગમો છે અને તેથી તેઓ 'અલગતાવાદી' છે! ટૂંકમાં, અંગ્રેજોએ આયર્લાંડમાં જેમ અલ્સ્ટર ઊભું કર્યું અને હિંદમાં જેમ પાકિસ્તાનની ઝુંબેશ પ્રેરાઈ, તેમ ફ્રાન્સ કોચીન ચીનને હિંદી ચીનનું પાકિસ્તાન બનાવવાનો પેંતરો રચી રહ્યું છે.

પણ કોચીન ચીનની પ્રજાને પોતાના જ દેશબંધુઓ સમા અન્નામીઓ પ્રત્યે અણગમો હોય અને પરદેશથી આવેલા ફ્રેન્ચો પ્રત્યે હેત ભરાઈ જાય એ કેમ માની શકાય? એટલે આ પ્રશ્નના નિરાકરણ માટે છઠ્ઠી માર્ચની સંધિમાં ઠરાવ્યા પ્રમાણે કોચીન ચીનની પ્રજાની મતગણત્રી (રેફરેન્ડમ) કરવાનું વિયેટનામ હવે ફ્રાન્સ ઉપર દબાણ કરી રહ્યું છે. પણ દેશની અશાંતિનું બહાનું બતાવી ફ્રાન્સ એ રેફરેન્ડમ દૂર ઠેલી રહ્યું છે. દરમ્યાન કોચીન ચીનની પૂતળા સરકાર સામે લોકોએ એવો તો ધિક્કાર વરસાવ્યો કે ૯મી નવેંબર ૧૯૪૬ સુધી તેના પ્રધાનોને રાજીનામાં આપી દેવાં પડ્યાં.

વિયેટનામને કચડી નાખી હિંદી ચીનમાં ફરી પોતાનો અમલ બેસાડવાની ફ્રાન્સની મેલી મુરાદ છે. તે માટે તેણે આફ્રિકાના ફ્રેન્ચ પ્રદેશમાંથી તથા ફ્રાન્સમાંથી સુસજ્જ ફ્રેન્ચ લશ્કરો હિંદી ચીનમાં રવાના કર્યાં અને ૬ઠ્ઠી માર્ચની સંધિનો ખુલ્લો ભંગ કરીને હાઇ-ફોંગથી ૨૫ માઈલ દૂર આવેલાં લૅંગસન નગર ઉપર આક્રમણ કર્યું. ૧૯૪૬ની ૨૧મી નવેમ્બરે ફ્રેન્ચ ફોજે વિયેટનામના નૅશનલ ગાર્ડસના કૅમ્પ ઉપર હુમલો કર્યો. ૨૦મી ડિસેમ્બરની સવારે વિયેટનામ પ્રજાસત્તાકના પ્રમુખ હો-ચી-મીને વિયેટનામમાં કટોકટીની સ્થિતિ જાહેર કરી અને વિયેટનામના સ્વાતંત્ર્યજંગને ટેકો આપવાની વિનંતિ કરતાં કહ્યું કે 'વિયેટનામ ગુલામી કરતાં મોતને પસંદ કરશે.' આ સમય દરમિયાન ફ્રેન્ચ અધિકારીઓએ ઉત્તર હિંદી ચીનમાં માર્શલ લૉ જાહેર કર્યો ને વધુ ચાંપતાં પગલાં લેવાં માંડ્યાં.

ફ્રાન્સ આજે બધી શરતોનો ભંગ કરી વિયેટનામ પર વિજય મેળવવા કોશિશ કરી રહ્યું છે. વધુને વધુ ફ્રેન્ચ લશ્કર તે હિંદીચીનમાં લાવી રહ્યું છે. વિયેટનામ પણ દબાયું નથી. પોતાના પૂરા સામર્થ્ય સાથે તે ફ્રેન્ચ શાહીવાદ સામે ઝૂઝી રહ્યું છે. વિયેટનામ અને ફ્રાન્સ વચ્ચે ચાલી રહેલું આ યુદ્ધ એશિયાઈ પ્રજા અને યુરોપીય શાહીવાદ વચ્ચેના સનાતન સંગ્રામના પ્રતીક સમું છે. જે ફ્રાન્સમાં સૌથી પહેલો "Freedom, Equality, Fraternity"નો પ્રખ્યાત જયઘોષ થયો તે જ ફ્રાન્સ પોતાની માફક જ સ્વતંત્રતા ઉપભોગવાની ઈચ્છા ધરાવતા વિયેટનામને કચડી નાખવા મથી રહ્યું છે, એ પણ ઇતિહાસની બલિહારી છે! પણ વિયેટનામ એક તસુ પણ નમતું આપશે નહિ. હિંદી ચીનનો એકેએક અન્નામી પોતાના રાષ્ટ્રીય સન્માનનું રક્ષણ કરવા ગમે તે ભોગ આપવાને તૈયાર થઇ વિયેટનામની પાછળ ઊભો છે. જ્યાં સુધી ફ્રાન્સ પોતાની સામ્રાજ્ય-પિપાસા નહિ છોડે ત્યાં સુધી વિયેટનામનો સ્વાતંત્ર્યયજ્ઞ ચાલુ રહેશે. સ્વાતંત્ર્યરક્ષણના તેના આ મહાન પ્રયત્નમાં જગતના સર્વ દેશોની દિલસોજી હોવી જોઇએ.

ચીનની ચિત્રકળા

પાછલા પૂઠામાં આપેલા ચિત્રની અનુષંગી નોંધ

ચીનની ચિત્રકળા વિષેનો આપણો ખ્યાલ બહુ જ નજીવો અને ઉપરછલ્લો છે. જૂની પેઢીઓમાં કાચ પર થએલી કેટલીક ભોગમો અને પેશ્વાઓની છબિઓને આપણે 'ચીનાઈ ચિત્રો' તરીકે ઓળખીએ છીએ, પણ ચીનની ખરી ચિત્રશક્તિ તો તેના રેશમના પટો અને કાગળના પડદા ઉપરનાં કાળી શાહીનાં ચિત્રોમાં પ્રકટ થાય છે. સર્વસાધારણ જન સમજે એવો એનો નમૂનો, આ અંકમાં પાછલા પૂઠાની અંદર આપેલું 'જળયોધ' નામનું હુઆંગ ચુન–પીનું ચિત્ર છે.

પશ્ચિમની ચિત્રકળાથી એ કેટલું જુદું પડે છે? ચીનાઓ જે પીંછીથી અક્ષરો લખે છે તે જ પીંછીથી ચિત્રો કરે છે, એટલે તેઓમાં પીંછીના સપાટા અને ઝટકાની અવનવી લાક્ષણિકતા કેળવાઇ છે. આ રીતે ચીતરવાની પ્રથા ચીનમાં બે હજાર કે તેથી યે વધુ વર્ષથી ચાલુ છે અને ભાગ્યે જ આજ સુધી તેમાં મોટો ફરક પડ્યાં છે. ચીન સૈકાઓ સુધી બહારની અસરોથી મુક્ત હતું, એટલે યુરોપમાં જેવો કળાનો પુનરુત્થાનકાળ આવ્યો તેવો ત્યાં કદિ આવ્યો નથી. એમની સુપ્રસ્થાપિત શિષ્ટ classical (ક્લાસિકલ) કળાશૈલી સજીવનપણે વહેતી આવી છે અને તેથી તેઓએ બીજી કોઇ અસંસ્કૃત કળાનાં આક્રમણોને નમતું આપ્યું જ નથી. એમની પરિપાટી એકવાર બરોબર ઘડાઇ છે અને જરા પણ પાછી પડ્યા વિના ખીલતી જ રહી છે. જુદાજુદા યુગમાં મહાપ્રતિભાશાળી જનોએ તેમાં કંઇકંઇ સહેજ નવીનતા અને ચમત્કાર મેળવ્યાં છે, પણ ચીનની સમગ્ર કળાનું શાસન તો અતિ પ્રાચીન કાળમાં ઘડાએલા વિગતભર્યા નિયમો પ્રમાણે જ ચાલુ છે. આજથી દોઢ હજાર વર્ષ પૂર્વે છેક લગભગ છઠ્ઠા સૈકામાં તો એમની કળાચર્ચાના સેંકડો પ્રમાણિત ગ્રંથો લખાઈ ચૂક્યા છે, અને તેમાં એટલે સુધી ઝીણવટ આવી છે કે ચીની ચિત્રકાર પીંછીના દરેક જાતના લસરકા, રેખા અને ગતિને પ્રત્યેકને જુદું નામ આપી શકે છે, એટલું જ નહિ પણ રેખામાં પ્રભાવ મેળવવા ગુરુગમ પ્રસાદની અપેક્ષા રાખવામાં આવે છે.

ચીનની જનતામાં ચિત્રકળાની બાબતમાં જન્મજાત સંસ્કારો ને અભિપ્રાય વ્યાપેલા છે અને તેમાં તેમણે ચોક્કસ અધિકાર તથા સૌંદર્યદૃષ્ટિ કેળવ્યાં છે. પીંછી-લેખન-પદ્ધતિમાંથી જ ચીનની ચિત્રકળા પ્રકટી છે, પણ હવે યુરોપિયન સાધનોથી ચિત્રો કરવાની પ્રથા ત્યાં પ્રસરી છે, એટલે કેવું પરિણામ આવશે તે કોણ કળી શકે? એ પ્રજામાં અક્ષરો લખવાને પીંછીનો ત્યાગ જેવો થશે કે તુરત પીંછીથી વિકસતા ચમત્કારો પણ અદૃશ્ય થવાના. **ર.**

રોજિંદા જીવનમાં વિજ્ઞાન

આપણા રોજ બ રોજના જીવનમાં રહેલો વિજ્ઞાનનો ફાળો તથા તેનું મહત્ત્વ સરળ ભાષામાં સમજાવતી લેખમાળા—

—લેખક ડૉ. નરસિંહ મૂ. શાહ એમ. એસસી. પી.એચ.ડી.—

[૩] બીજા તેજાબો

હાઈડ્રોફ્લોરિક ઍસિડ

આ રસપહાણના ટુકડા જેવા ફ્લ્યોર સ્પાર યા ફ્લ્યોરાઈટ નામના ખનિજના સ્ફટિકો ઘણી જગ્યાએથી મળી આવે છે. આ સ્ફટિકોનો એક ગુણ એવો છે કે જો તેને પ્રકાશમાં ધરવામાં આવે તો વાદળી રંગની છાંટ દેખાય છે—જેમ કિવનાઈનના દ્રાવણમાં દેખાય છે તેમ. આ ફ્લ્યોરાઈટ, ધાતુઓના ખનિજને શુદ્ધ કરનાર પદાર્થ તરીકે ઉપયોગમાં લેવાય છે. ભઠ્ઠીમાં ફ્લ્યોરાઇટ અશુદ્ધિઓ સાથે સંયોજાઈ જઇને તેમને સાથે લઈ પ્રવાહી રૂપે ધાતુથી જુદો પડે છે. આ ઉપરથી તેનું નામ ફ્લ્યોરાઇટ પડયું છે, કારણકે લૅટિન ભાષામાં ફ્લ્યુઓ એટલે વહેવું એવો અર્થ થાય છે. આ ખનિજમાં ફ્લોરીન નામનું તત્ત્વ છે. વનસ્પતિ તેમજ મનુષ્યશરીરના ઘડતરમાં આ તત્ત્વ આવશ્યક છે. આપણાં હાડકાંઓમાં તેમજ દાંતના ઇનૅમલમાં કૅલ્શ્યમના ક્ષાર રૂપે પણ આ તત્ત્વ હોય છે. એટલે ઊંચી જાતનાં ટૂથપેસ્ટની બનાવટમાં ફ્લોરીનના ક્ષાર ઉમેરવામાં આવે છે.

એ ફ્લોરીનનું હાઇડ્રોજન વાયુ સાથે સંયોજન થવાથી હાઇડ્રોફ્લોરિક ઍસિડ બને છે. પરંતુ મોટા જથ્થામાં બનાવવા માટે ફ્લ્યોરસ્પારને સલ્ફયુરિક ઍસિડ સાથે આસવવામાં આવે છે. આ ક્રિયા કાચના વાસણમાં થઈ શકતી નથી, કારણકે હાઇડ્રોફ્લોરિક ઍસિડ કાચને ખાઈ જાય છે. એટલે તેમાં સીસાનાં વાસણો વાપરવાં પડે છે. આ ઍસિડ પણ એટલા જ કારણસર રબરની યા મીણની બાટલીઓમાં રાખવામાં આવે છે.

હાઇડ્રોફ્લોરિક ઍસિડ વાયુ છે અને પાણીમાં તે ખૂબ દ્રાવ્ય છે. બજારમાં મળતો ઍસિડ ૩૦ ટકા થી ૬૦ ટકાનું દ્રાવણ છે. તેનો ઉપયોગ ફ્લોરાઇડ ક્ષારો બનાવવા માટે થાય છે. કાચની કોતરણી (etching)માં તથા પથ્થરોના ઘડતરમાં તે ખૂબ વપરાય છે. ઉપરાંત લોઢાના ઢાળામાંથી રેતી કાઢવા માટે, જંતુવિનાશક તરીકે તથા લાકડું સડી ન જાય તેના રક્ષણ માટે પણ તે વપરાય છે.


કાચ કોતરવા માટે, જે કાચની ચીજ પર કોતરણી કરવી હોય તેના પર ગરમ પૅરૅફીન (મીણ)નું પડ ચોપડવામાં આવે છે. તે ઠરી ગયા પછી તેમાં તીક્ષ્ણ સાધન વડે જોઈતી આકૃતિઓ કોતરવામાં આવે છે. એ ચિત્રામણ સિવાયનો બીજો બધો કાચ મીણથી ઢંકાએલો રહે છે. પછી સીસાના પતરાથી મઢેલી ઊંડી રકાબીમાં કે બીજા અનુકૂળ વાસણમાં ફ્લ્યોરસ્પારના ભૂકાને સલ્ફયુરિક ઍસિડ સાથે મેળવી તેના પર મીણની આકૃતિવાળી આ કાચની ચીજ ધરી રાખવાથી આકૃતિવાળો કાચનો ભાગ હાઇડ્રોફ્લોરિક ઍસિડ સાથે સંસર્ગમાં આવે છે, એટલે તે જગ્યાએ ઍસિડ કાચને ખાઈ જાય છે ને કાચમાં ચિત્રામણ પડે છે. પણ મીણવાળા ભાગ પર કાંઈ અસર થતી નથી. પછી મીણ કાઢી નાખીએ એટલે ચિત્રામણવાળો કાચ તૈયાર થાય છે.

આ ઍસિડ સાથે કામ ખૂબ સાવચેતીપૂર્વક લેવું. ચામડી પર પડે તો ખૂબ પીડા થાય છે, અને તેના ચાઠાં રૂઝાતાં ખૂબ વખત લાગે છે.

આ ઍસિડની જગતની વાર્ષિક ઉત્પન્ન લગભગ ૪૫ લાખ પોંડ જેટલી છે, એ ઉપરથી તેની ઉપયોગિતાનો ખ્યાલ આવશે.

ફૉસ્ફોરિક ઍસિડ

હાડકાંની રાખ યા ફૉસ્ફેટ શિલાઓના ભુક્કા સાથે સલ્ફયુરિક ઍસિડ મેળવીને ફૉસ્ફોરિક ઍસિડ બનાવાય છે. આ ઍસિડ ટૉનિક દવાઓમાં ગ્લીસરીન સાથે સંયોજીને ઉપયોગમાં લેવાય છે: આ 'ગ્લીસરોફોસ્ફેટ' ઈસ્ટર્ન સીરપ ને એવી દવાઓમાં ખૂબ વપરાય છે. તેના ક્ષારો પણ આપણા જીવનમાં ઉપયોગી થાય છે. ટ્રાય સોડિયમ ફૉસ્ફેટ સાબુની બનાવટમાં, ભારે પાણીના શુદ્ધીકરણમાં તેમજ બૉઈલરની ખારી (scale) કાઢવામાં વપરાય છે. ડાય સોડિયમ ક્ષાર પણ ભારે પાણીને સાફ કરવામાં ઉપયોગી થાય છે. મોનો સોડિયમ તેમજ મોનો કૅલશિયમ ક્ષાર 'બેકિંગ પાઉડર'ની બનાવટમાં કામ આવે છે. અન્ય ફૉસ્ફેટ ક્ષારો ખાતર તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે. આ બેકિંગ પાઉડર પાંઉ બનાવવામાં ખાસ વપરાય છે, એટલે ઘરગથ્થુ બેકિંગ પાઉડરનું પ્રમાણ નીચે આપીએ છીએ: સોડિયમ બાઈ કાર્બોનેટ: ૨૬.૭૩ ટકા; બારીક મેંદો: ૩૯.૮૪ ટકા; મોનો કૅલશિયમ ફૉસ્ફેટ: ૩૩.૪૩ ટકા; બેકરીવાળા જે બેકિંગ પાઉડર વાપરે છે તેની વસ્તુઓ છૂટી વેચાય છે અને તેને ભેગી કરીને તેઓ પોતાનો માલ બનાવી લે છે. તેમાં ૩૦.૬ ટકા સોડિયમ બાઈકાર્બોનેટ, ૨૯.૦૩ ટકા મેંદો અને ૪૦.૪ ટકા સોડિયમ પાઇરો ફૉસ્ફેટ આવે છે. આ મિશ્રણ ૧૭ ટકા કાર્બન ડાય ઑકસાઈડ ગૅસ આપે છે.



એસેટિક ઍસિડનું ઉદ્યોગોમાં સ્થાન

ફૉસ્ફોરિક ઍસિડ ખૂબ સ્થિર છે. તેનું સહેલાઈથી વિઘટન થતું નથી. તેને ગંધ નથી. 'લેમોનેડ' બનાવવા માટે તેના જ પાણીવાળું દ્રાવણ વપરાય છે. ફૉસ્ફરસને નાઇટ્રિક ઍસિડ સાથે ઓક્સાવવાથી શુદ્ધ ફૉસ્ફોરિક ઍસિડ બને છે.

આ બધા તેજાબો 'અચેતન ઍસિડો'—inorganic acids—કહેવાય છે. આવા બીજા પણ ઘણા ઍસિડો છે, પરંતુ તેઓનું મહત્ત્વ કાંઈ ખાસ નથી. માત્ર રસાયનના વિશિષ્ટ અભ્યાસીઓને એમાં ખૂબ રસ પડે,—સામાન્ય જનતાને નહિ.

હવે કાર્બનિક રસાયણના કેટલાક ઉપયોગી ઍસિડો જોઇએ. આમાં ઍસેટિક ઍસિડ, સાઇટ્રિક ઍસિડ, ટાર્ટરિક ઍસિડ અને

ઑક્ઝૅલિક ઍસિડ આપણા ખાસ ઉપયોગમાં આવે છે. આ ચાર પૈકી પહેલો ઍસિડ પ્રવાહી છે: બાકીના પાસાદાર સફેદ ઘન પદાર્થો છે.

ઍસેટિક ઍસિડ

ઍસેટિક ઍસિડનું પાતળું દ્રાવણ વીનેગર (સરકો) તરીકે જાણીતું છે. દારૂને લાંબો વખત ઉઘાડો મૂકી રાખવાથી તે ખાટો થઈ જાય છે. આ ખટાશ તેમાં ઍસેટિક ઍસિડની ઉત્પત્તિને લીધે આવે છે. ખોરાકમાં ખટાશ લાવવા માટે આ વીનેગર (સરકો) જ ઉપયોગમાં લેવામાં આવે છે. પશ્ચિમની પદ્ધતિ અનુસાર રહેનારાઓના ખાવાના ટેબલ પર વીનેગરની બાટલી તમે જોશો જ. પારસીઓ, ખ્રિસ્તીઓ તથા મુસલમાનોના ખોરાકમાં વીનેગર (સરકો) એ રોજિંદી વપરાશની ચીજ લેખાય છે. જોકે વીનેગરને બદલે લેક્ટિક ઍસિડ વપરાવા લાગ્યો છે, કેમકે શરીરને તે વિશેષ ફાયદાકારક પુરવાર થયો છે. દૂધને મેળવવાથી દહીં થાય છે. દહીંમાં લેક્ટિક ઍસિડ હોય છે.

પરંતુ શુદ્ધ ઍસેટિક ઍસિડ વીનેગરમાંથી કદી બનાવાતો નથી. ઍસેટિક ઍસિડ ઉદ્યોગોમાં પુષ્કળ વપરાય છે, અને તેની બનાવટની જુદીજુદી રીતો અસ્તિત્વમાં આવી છે. લાકડાને હવા વિનાના વાતાવરણમાં ગરમ કરવાથી તેમાંથી એક પ્રવાહી નીકળે છે જેને પાઈરોલિગ્નીઅસ ઍસિડ કહેવામાં આવે છે. આમાંથી ઍસેટિક ઍસિડ તૈયાર કરવામાં આવે છે. કૅલ્શિયમ કારબાઈડને પાણી સાથે મેળવવાથી ઍસેટીલીન બને છે અને તે વાયુને સંસર્ગપદાર્થની મદદ વડે પાણી સાથે સંયોજીને પછી ઑક્સાવવાથી ઍસેટિક ઍસિડ બને છે. શુદ્ધ ઍસેટિક ઍસિડને ઠંડીમાં રાખવાથી તે ઘન બની જાય છે.

ઍસેટિક ઍસિડ અતિ ઉપયોગી દ્રાવક છે. સફેદાની બનાવટમાં ઍસેટિક ઍસિડની ખૂબ જરૂર પડે છે. સીસાને ઍસેટિક ઍસિડમાં ઓગાળવાથી લેડ ઍસીટેટ (સીસાની સાકર) બને છે. સીસામાંથી સફેદો બનાવવા માટે આ ક્રિયા પ્રથમ કર્યા પછી કાર્બન ડાયોક્સાઈડ વાયુ પસાર કરવામાં આવે છે. વળી આ ઍસેટિક ઍસિડના રંગીન ક્ષારો રંગ તરીકે ઉપયોગી પદાર્થોની બનાવટમાં પણ કામ આવે છે. કાપડ છાપવામાં અને રંગવામાં આ ઍસિડના ક્ષારો કાપડની મીલોમાં ખૂબ વપરાય છે.

કૅલ્શિયમ ઍસીટેટને આસવવાથી ઍસિટોન બને છે. આ ઍસિટોન સળગી ઊઠે એવો પ્રવાહી છે અને તેનો ઉપયોગ દારૂગોળાની બનાવટમાં પુષ્કળ થાય છે. ઍસેટિક ઍસિડ, પ્લાસ્ટિક, બનાવટી સુગંધી પદાર્થો અને અન્ય કાર્બનિક પદાર્થોની બનાવટમાં પણ ઉપયોગમાં લેવાય છે.

સાઇટ્રિક ઍસિડ

સાઇટ્રિક ઍસિડ લીંબુના રસમાં હોય છે. બધાં ખાટાં ફળોના રસમાં થોડેઘણે અંશે તો આ ઍસિડ માલૂમ પડે જ છે. તેના ક્ષારો ઘણી વનસ્પતિમાં હોય છે. લીંબુના રસમાં તો ૭-૮ ટકા જ આ ઍસિડ હોય છે, પરંતુ મોટા પાયા પર જોઈએ તે માટે તો આ ઍસિડ સાકરને સરકાવીને બનાવાય છે. આ ઍસિડની સાથે લોઢાનું સંયોજન કરીને બનાવેલો 'ફેરિક ઍમોનિયમ સાઇટ્રેટ' દવામાં પણ વપરાય છે. આ ઍસિડ મનુષ્યના શરીરમાં જરા યે નુકસાનકર્તા નથી. મિઠાઈ પીપરમેન્ટ ઈત્યાદિની બનાવટમાં તે ખૂબ વપરાય છે. લેમન, રાસ્પબેરી વગેરે મીઠાં પીણાંની બનાવટમાં પણ તેનો જ ઉપયોગ થાય છે: સોડિયમ સાઇટ્રેટ ઔષધમાં વપરાય છે.

ટાર્ટરિક ઍસિડ

ટાર્ટરિક ઍસિડ આંબલી, કોકમ, દ્રાક્ષ વગેરેમાં હોય છે. દ્રાક્ષમાંથી દારૂ બનાવતી વખતે તેનો પોટૅશિયમ ક્ષાર જુદો પડે છે. આપણા દાંત પર જે છારી બાઝે છે તેમાં પણ આ ઍસિડનો ક્ષાર હોય છે; એટલે જ એ દાંતની છારીને અંગ્રેજીમાં ટાર્ટર કહે છે. બીજાં ઘણાં ફળોના રસોમાં પણ આ ઍસિડ મળી આવે છે. તેનો ટાર્ટર ઍમેટિક નામનો ક્ષાર દવામાં તેમજ કાપડ રંગવામાં વપરાય છે. રોશેલ સૉલ્ટ નામનો તેનો ક્ષાર રૂપાનો ગિલ્ટ ચડાવવામાં ઉપયોગી છે.

ઑક્ઝૅલિક ઍસિડ

ઑક્ઝૅલિક ઍસિડ સાકરને નાઇટ્રિક ઍસિડ સાથે ગરમ કરવાથી બને છે. પણ મોટા પાયા પર જોઈએ ત્યારે તો દેવદારના લાકડાના ઝીણા વેરને કૉસ્ટિક સોડા સાથે ગરમી વડે થીજવીને આ ઍસિડ બનાવવામાં આવે છે. આ રીતમાં પ્રથમ તેનો સોડિયમ ક્ષાર તૈયાર થાય છે, જેમાંથી ઍસિડ છૂટો પાડવામાં આવે છે.

આ ઍસિડનું પાતળું દ્રાવણ શાહીના ડાઘા કાઢવામાં ઉપયોગી છે. ડાઘા પડેલા કાપડના ભાગ પર આ ઍસિડના દ્રાવણમાં બોળેલું રૂનું પોતું ઘસવાથી ડાઘ નીકળી જાય છે. પણ આ ઍસિડ ઝેરી પદાર્થ છે, એટલે ઘરમાં તેની બાટલી ખૂબ સાવચેતીથી રાખવી. વળી તેના સ્ફટિકો અને રેચક તરીકે વપરાતા વિલાયતી મીઠા (મૅગ્નેશ્યમ સલ્ફ)ના સ્ફટિકો લગભગ સરખા દેખાવના હોય છે, એટલે ભૂલથી એકને બદલે બીજું આપી દેવાના ઘણા દાખલા બને છે; આવું બને ત્યારે દર્દીને ચુનાનું નીતરૂં પાણી પાવું.



૫૯—સાઇગોન

'ફ્રેન્ચ હિંદીચીન'ને દક્ષિણ છેડે સાઇગોન નામની નદીને જમણે કાંઠે આવેલું આ શહેર ત્યાંનું મોટામાં મોટું બંદર અને અતિ અગત્યનું વ્યાપારી મથક ગણાય છે. તેની વસતી પોણા બે લાખની છે. દક્ષિણ ચાયના સમુદ્રથી ૩૪ માઈલ અંતરાળમાં હોવાં છતાં નદીના ઊંડાણને લીધે મોટીમોટી સ્ટીમરો તેના બારા સુધી સહેલાઈથી આવી શકે છે. ચોખાના ભંડાર સમા કોચીન પ્રાંતની આ શહેર રાજધાની છે અને એ પ્રાંતના ઘણા ખરા ચોખા આ જ બંદરેથી પરદેશ ચડે છે. આવા વ્યાપારી મહત્ત્વ ઉપરાંત દૂર પૂર્વમાં સિંગાપુર પછી બીજા નંબરની લશ્કરી અગત્ય તે ધરાવે છે.

બન્ને બાજુએ વૃક્ષોની સુંદર હાર વાળા રસ્તાઓ તથા સુશોભિત બગીચાઓને લીધે દૂર પૂર્વનું તે અતિ સુંદર શહેર ગણાય છે. સરકારી ઈમારતો, ન્યાયકોર્ટ, નાટકગૃહ તથા દેવળ એ ત્યાંના જોવાં જેવા મકાનો છે. ઓતરાદી દિશાએ તે છેક પડોશના કોલન શહેર સુધી લંબાએલું છે અને ટ્રામ તથા વીજળિક વ્યવહારથી તેની સાથે જોડાએલું છે.

૧૮૫૯માં ફ્રેન્ચોએ આ શહેર જીતી લીધું તે પહેલાં તે 'ગાઈ-ડીન-થાન' એ નામે ઓળખાતું અને અન્નામી સામ્રાજ્યની રાજધાની હતું. જાપાનની શરણાગતિ પછી 'વિયેટનામ' હકુમત નીચે એ સ્વતંત્ર થયું. પણ ૧૯૪૫માં ફ્રેન્ચોએ ફરી વિયેટનામ પાસેથી તેને ઝૂંટવી લીધું છે અને પોતાનો પગદંડો ત્યાં ફરી જમાવ્યો છે. આજે ફ્રેંચ નૌકાદળ એ બંદરને ઘેરીને પડ્યું હોવાથી વિયેટનામનો જગત સાથેનો વ્યવહાર બંધ પડી ગયો છે. શહેરમાં હજુ પણ વચ્ચેવચ્ચે વીએટનામના સૈનિકો અને ફ્રેન્ચો વચ્ચે ચકમક ઝર્યા કરે છે.

આપણા ધંધા-કારીગરીમાં વિજ્ઞાનતત્ત્વનો વિચાર કરતી લેખમાળાનો પહેલો લેખ

કંસારાનું વિજ્ઞાન

આપણામાં કહેવત છે કે 'બાર ગાઉએ બોલી બદલાય.' હિંદુસ્તાન જેવા વિશાળ પ્રદેશમાં બોલી તો શું, પણ રહેણીકરણી, રીતરિવાજ, પહેરવેશ, ઘરગથ્થુ વસ્તુઓ—તમામમાં સ્થળે સ્થળે ફેર જોવા મળે છે. એ ફેરફારો દરેક સ્થળનાં હવામાન, ભૌગોલિક પરિસ્થિતિ, જનસમાજની પરંપરાગત જરૂરિયાતો વગેરેને અવલંબીને થએલા હોય છે અને તેની પાછળ કાંઈક અંશે વૈજ્ઞાનિક યોજના પણ હોય જ છે, પણ આપણે તેનો વિચાર કર્યો નથી હોતો અને આજે તો પરંપરાગત ચાલી આવતી વસ્તુઓ ચાલ્યા કરે છે. આજના વિજ્ઞાનની દૃષ્ટિએ તેની વિચારણા કરવી જરૂરી હોવાથી આપણે એક પછી એક ધંધામાં રહેલા વિજ્ઞાન-તત્ત્વનો વિચાર કરીશું. અહીં આપણે કંસારાના વિજ્ઞાન પરત્વે વાસણોનો જ વિચાર કરીશું.

ગુજરાત, કાઠિયાવાડ, મારવાડ, સંયુક્ત પ્રાંત, બંગાળા તથા દક્ષિણના વિભાગોમાં વપરાતાં વાસણો (રાંધવાનાં, ખાવાનાં, પાણી પીવાનાં, પાણી ભરવાનાં બધાં જ) જો તપાસીએ તો તેમાં થાળી, વાટકા, લોટા, દેગડા, ઘડા વગેરેના જુદાજુદા ઘાટ નજરે પડશે. આ બધા ઘાટ ગતાનુગતિક ચાલ્યા આવેલા છે માટે જ વપરાય છે કે તેનાં કાંઈ ખાસ વિશિષ્ટ કારણોને લીધે વપરાય છે તે તપાસવું જોઈએ.

દાખલા તરીકે આપણે આબુની આજુબાજુના ડુંગરાળ પ્રદેશમાં વપરાતા લોટા, લોટી કે બોઘરણાં જોઈએ તો તે બધાં એક જ ઘાટનાં દેખાશે. તે વાસણ કદાચ આડું પડી જાય તોપણ તેમાં ભરેલાં દૂધ કે પાણી બહુ જ ઓછાં ઢળે એવો તેનો ઘાટ હોય છે. એનું કારણ એ કે આબુ એ ડુંગરાળ પ્રદેશ હોવાથી સપાટ પ્રદેશની સમથલ જમીન ત્યાં નથી હોતી, એટલે ડુંગરાળ પ્રદેશ માટે એ ઘાટ જ અનુકૂળ કહી શકાય. પરંતુ એ ઘાટનાં વાસણોને અંદરથી માંજવાનો પ્રયત્ન કરતાં સાચે જ મુશ્કેલી જણાશે.

પણ આવી એકાદ વાસણ પૂરતી કે સ્થળ પૂરતી વાત આપણે જવા દઈએ. અને કંસારાના વિજ્ઞાનમાં કઈ કઈ વસ્તુઓનો સમાવેશ થઈ શકે તેનો પ્રથમ વિચાર કરીએ. રાંધવાના વાસણમાં સામાન્યરીતે નીચે મુજબના ગુણો હોવા જોઈએ:

(૧) ઓછા બળતણે ગરમ થાય; (૨) સાફ કરતાં મહેનત ઓછી પડે તથા વાસણને ઘસારો પણ ઓછો પડે; (૩) કલાઈ સારી રીતે અને સરળતાથી ચડાવી શકાય; (૪) આમલી, કોકમવાળાં દાળશાક તથા કઢી જેવાંમાં આવતા હળવા તેજાબની એકદમ અસર ન થાય; (૫) ઘોબા જલદી ન પડે; અને (૬) વજનમાં હલકાં હોવા છતાં પણ અંદર ભરેલી વસ્તુના વજનથી લચકાઈ કે ઉથલી ન પડે. આપણા ગુજરાતમાં વપરાતાં વાસણો ઉપરમાંની કેટલીક શરતો પૂરી પાડે છે; પરંતુ ઓછા વજન સાથે જરૂરી મજબૂતી ને ઓછો ઘસારો પડે એવાં તે નથી.

આજે તો કંસારાનો જૂનો કસબ જાણે વિલાઈ ગયો છે. પિત્તળનાં પતરાં તૈયાર મળે છે અને તેમાંથી મશીનમાં દબાવાઈને વાસણ બનાવાય છે. વાસણનો ધંધો કરનાર તો માત્ર વેચી જ જાણે કે બહુ તો ઘોબા ઉપાડી જાણે કે નામ પાડી જાણે!

જેમ જુદા જુદા ઉપયોગમાં લેવા માટે જુદી જુદી જાતનું પોલાદ તૈયાર કરી વાપરવું પડે છે, તેમ વાસણ માટે પણ કંઈક તેવું હોવું જોઈએ. સામાન્ય વપરાશની થાળી થોડો સમય વપરાયા પછી વચમાંથી તેમાં ખાડો પડે છે અને કાંઠા બેસી જાય છે. પતરાની ઓછી મજબૂતી ઉપરાંત માંજવાની ઢબના દોષને કારણે પણ આમ થાય છે. થાળીને પથ્થર ઉપર ઊભી રાખી ઉપલે કાંઠે ભાર દઈ ઘટ-ફીએ એટલે સહેજે જ થાળીનો ઘાટ બગડે. પરંતુ તળિયું મજબૂત હોય તો એવું ઓછું બને. થાળીનાં તળિયાં ઘટતાં મજબૂત બનાવવાં જોઈએ તપેલી જલદી તપે એવી જોઈએ, જ્યારે થાળી-વાડકા તેવાં ન હોય તો નભી શકે.

આપણા કૂવાનાં પાણીમાં કેટલાક ક્ષારો સામાન્યપણે હોય છે. આમાંનાં કેટલાંક પાણીમાં અમુક ક્ષારનું એટલું બધું પ્રમાણ હોય છે કે તેવાં પાણીથી ઉટકાતાં વાસણો કાળાં પડે છે અને તેમનો ઓપ ચાલ્યો જાય છે. ન કટાય એવું મજવેલ (stainless steel) જો બની શકે તો વાસણો કેમ ન બની શકે? આ સંબંધે ઘટતી શોધખોળ કરી શકાય. આપણા વિવિધ વપરાશનાં ત્રાંબાપિત્તળનાં વાસણો જુદા-જુદા વપરાશ મુજબ બંધબેસતું કામ આપે તે માટે તેમાં કઈકઈ ધાતુ કેટકેટલા પ્રમાણમાં ઉમેરવી જોઈએ તે પણ પ્રયોગો કરી નક્કી કરવું જોઈએ.

વાસણમાં સગવડ એ મુખ્ય વિચાર હોવો જોઈએ. આપણે ત્યાં વપરાતાં લોટા-પવાલાં કરતાં મુરાદાબાદી લોટા, પવાલાં વધારે સગવડ-વાળાં છે, કેમકે તેને પડઘી હોવાથી તે ઢળી પડતા નથી ને પહોળાં મોઢાં વાળા હોવાથી સારીરીતે સાફ કરી શકાય છે. એકંદરે તેની મજબૂતાઈ પણ સારી હોય છે. પણ તે ઢાળાનાં હોય તો ભાંગી વહેલાં જાય.

પહેરવાનાં કપડાં માફક વાસણમાં પણ નવો ઘાટ નીકળ્યો માટે તે લાવવાં જ, એવી ઘેલછા યે કેટલાકને હોય છે ને એ ઘેલછાને સંતોષવા વેપારી અને કંસારા પણ નવાનવા ઘાટ ઉપજાવે તે સ્વાભાવિક છે. પરંતુ તે ફક્ત વેપારી નીતિથી જ ન થવું જોઈએ. વૈજ્ઞાનિક કારીગરની દૃષ્ટિથી થવું જોઈએ. નવા ઘાટ સર્જવા પાછળ તો નવીનતા ને સૌંદર્યની દૃષ્ટિના સાથોસાથ વૈજ્ઞાનિક દૃષ્ટિ સૌ પહેલી હોવી જોઈએ.

વિશેષમાં મોટાં શહેરોમાં જેમ સંગ્રહસ્થાનો હોય છે, એમ જુદા જુદા પ્રાંતમાં તેમજ દેશપરદેશમાં વપરાતાં ચાલુ તેમજ જુદાજુદા જમાનાનાં વાસણોનું એક સંગ્રહસ્થાન હોવું જોઈએ. તેમાં દરેક વાસણની ધાતુની બનાવટ, ઘડતરની પદ્ધતિ, ઉપયોગ, વપરાશની દૃષ્ટિએ તે વાસણના વપરાશમાં પડતી સગવડ--અગવડો ઇત્યાદિની નોંધ પણ દરેક વાસણ સાથે હોય. ચિત્રકળાનાં પ્રદર્શનોની જેમ આવાં પ્રદર્શનો તો ઘણાં ઉપયોગી નીવડે. આપણા જીવનની જરૂરિયાતોને વૈજ્ઞાનિકની દૃષ્ટિએ તપાસવાનો સમય આવી પહોંચ્યો છે. જમાનાને અનુકૂળ ફેરફારો એ માગે છે. જીવનમાં વૈજ્ઞાનિક રીતોનો અમલ આજે આવશ્યક બન્યો છે. એમાં પરંપરા અને ગતાનુગતિકતાને ઓછું સ્થાન છે.

બંસીલાલ ગાંધી

કૉલેજોનાં વિદ્યાર્થીઓ અને વિદ્યાર્થિનીઓ માટે નિબંધ-હરીફાઈ

શ્રી ફાર્બસ ગુજરાતી સભા તરફથી ગુજરાતી ભાષામાં "હાલની સ્થિતિને અનુકૂળ નવું સમાજ બંધારણ સ્વતંત્ર હિન્દમાં કેવું હોવું જોઈએ?" એ વિષય ઉપર ૪૦થી ૫૦ ફૂલ્સકૅપના કદના નિબંધની હરીફાઈ રાખવામાં આવી છે. નિબંધ તા. ૩૦ જૂન સુધીમાં નીચેને સરનામે મોકલવો. વિદ્યાર્થીઓ તેમજ વિદ્યાર્થિનીઓના નિબંધોમાંથી પસંદગી પામનાર દરેકને રૂ. ૫૦ સુધીનું એક, એમ બે ઇનામો આપવામાં આવશે. શરતો વગેરે માટે સભાના મંત્રીને, શ્રી ફાર્બસ ગુજરાતી સભામંદિર, ૩૬૫, વિઠ્ઠલભાઈ પટેલ રોડ, મુંબાઈ-૪ એ સરનામે લખવું.



માધુકરી

જુઓ હર જખ્મથી ઝરતી હજારો રક્તધારા,
જુઓ છાના જલે અન્યાયના અગ્નિ-અંગારા;
તુટે છે આભ-ઊંચા આપણા આશા-મિનારા,
હજારો ભય તણી ભૂતાવળો કરતી હુંકારા;
છતાં વહેશે સમર્પણની સદા અણખૂટ ધારા,
મળે નવ માવડીને જ્યાં સુધી મુક્તિ-કિનારા.

—સ્વ. ઝવેરચંદ મેઘાણી

ડૉ. મેઘનાદ સાહા-જ્યોતિર્ભૌતિક વિજ્ઞાનના મહાપંડિત

જ્યોતિર્ભૌતિક વિજ્ઞાન એટલે આકાશીય ગ્રહોની ભૌતિક પરિસ્થિતિ, વાયુમંડળની દશા અને રચના, તથા ધરાતલ અને રસાતલની સર્વ ઘટના પર વિસ્તૃત રીતે પ્રકાશ વિચારતું વિજ્ઞાન. અગર જોકે આ એક અલ્પવયસ્ક અંગ છે છતાં જ્યોતિષશાસ્ત્રમાં તે એક સજીવ અંગ છે; અને થોડા સમયમાં એ એટલું વિકસિત થશે કે જ્યોતિષશાસ્ત્ર પોતાના સર્વાંગસ્વરૂપે પણ તેનો મુકાબલો નહિ કરી શકે એવી આશા અસ્થાને ન ગણાય. વિજ્ઞાનના આ અંગના મુખ્ય બે ભાગ સ્પેક્ટ્રોસ્કોપી અને ફોટોમેટ્રી છે.

આપણા જે ગણ્યાગાંઠ્યા વૈજ્ઞાનિકોએ આંતરરાષ્ટ્રીય ખ્યાતિ પ્રાપ્ત કરી છે તેમાંના એક આ જ્યોતિર્ભૌતિક વિજ્ઞાનના વિષયમાં પોતાની વિદ્વત્તાથી જગનામી થનાર શ્રી મેઘનાદ સાહાનો જન્મ ઢાકા જિલ્લાના સિઓરાતાલી નામના ગામમાં ૧૮૯૩માં થએલો. એમના પિતા જગન્નાથ સાહા એક સામાન્ય વેપારી હતા. બાલપણમાં અભ્યાસકાળથી જ ડૉ. સાહાએ પોતાની શક્તિથી શિક્ષકોને ચકિત કરી દીધા હતા. ઢાકા જિલ્લામાં સૌથી પ્રથમ આવીને તેમણે સરકારી સ્કૉલરશીપ મેળવી. ૧૯૦૯માં તેઓ પૂર્વ બંગાળમાં મૅટ્રિકમાં પહેલા આવ્યા અને વિશ્વવિદ્યાલયના ગણિતના વિષયમાં સૌથી વધારે માર્ક લઈ આવ્યા. ૧૯૧૧માં ઇન્ટરમાં રસાયણશાસ્ત્ર અને ગણિતમાં સૌથી પ્રથમ આવ્યા. ત્યાર પછી કલકત્તાની પ્રેસીડેન્સી કૉલેજમાં આચાર્ય પ્રફુલ્લચંદ્ર રાય અને સર જગદીશ બસુ જેવા મહાન આચાર્યોના હાથ નીચે અભ્યાસ શરૂ કર્યો ને તેમના પ્રીતિપાત્ર થઇ પડ્યા. ૧૯૧૩માં ગણિતનો વિષય લઈ બી.એસસી. પસાર કરી અને ૧૯૧૫માં એમ.એસસી માં પ્રથમ વર્ગમાં આવ્યા. પાસ થયા બાદ તરત કલકત્તા વિશ્વવિદ્યાલયની વિજ્ઞાનની કૉલેજ-માં ગણિત અને ભૌતિકવિજ્ઞાન (Physics)માં લેકચરર તરીકે તેઓ નિમાયા. જ્યાં સર ચન્દ્રશેખર વેંકટરમણ (સી.વી.રામન)ની સાથે પરિચયમાં આવ્યા અને તેમની સાથે શોધખોળમાં રસ લેવા માંડ્યો.

તેમના વૈજ્ઞાનિક સંશોધન માટે ૧૯૧૯માં તેમને પ્રેમચંદ રાયચંદ શિષ્યવૃત્તિ મળી. એ જ વર્ષે એમણે કલકત્તા વિશ્વવિદ્યાલયની ડી.એસસી.ની પરીક્ષા માટે પોતાની મૌલિક શોધો પર એક અગત્યનો મહાનિબંધ લખ્યો. એમનો એ નિબંધ વિલાયતના પહેલી હરોળના ત્રણ વિદ્વાનોએ તપાસી તેમની શોધ અને નિબંધ પર છૂટે દિલે પ્રશંસા વેરી.

ત્યાર પછી તો તેઓ જ્યોતિર્ભૌતિક વિજ્ઞાન-(ઍસ્ટ્રોફીઝિક્સ)માં ઊંડાં અને ઊંડા ઊતરતા ગયા અને અનેક નવી મૌલિક શોધો કરી. સૂર્યનાં રશ્મિચિત્રો અંગેની કેટલીક જટિલ અને મહત્ત્વની ગૂંચોનો ઉકેલ એમણે આરંભ્યો. એ માટે ઘણા વૈજ્ઞાનિકો અનેક વર્ષોથી સતત પ્રયત્નશીલ રહ્યા હતા. પણ ૧૯૨૦માં ડૉ. સાહાએ એક એવો અગત્યનો સિદ્ધાંત વિજ્ઞાનની દુનિયા સમક્ષ મૂક્યો કે તેનાથી બધી ગૂંચો પર સુંદર પ્રકાશ પડ્યો.

ડૉ. સાહાના આ સિદ્ધાંતના પ્રકાશન પહેલાં ઇંગ્લંડના સુપ્રસિદ્ધ વૈજ્ઞાનિક નૉર્મન લૉકિયારનો સિદ્ધાંત ખૂબ પ્રચલિત હતો. નૉર્મનના એ સિદ્ધાંત અનુસાર રશ્મિચિત્રોમાં રેખાઓ મોટી થઇ જવાનું કારણ સૂર્યનો અધિક તાપ છે એમ સાબિત થતું હતું. પરંતુ એ

આ માસનું પંખી



કાબર

એને 'કાબર' તો આપણે કહીએ છીએ; બાકી ઉત્તરહિંદમાં તો એ 'મેના' તરીકે જ ઓળખાય છે. જોકે મેનાના બે વિભાગોમાંથી તે 'અબોલ-મેના'માં ગણાય છે, કેમકે અનુકરણની એની શક્તિ એટલી જ સારી હોવા છતાં એનો કંઠ તીણો ને કર્કશ તથા એનો કલબલાટ પજવનારો હોય છે. આછા ધીમા સ્વરે એ કૂજન કરતી હોય ત્યારે એની વાણી મેના જેટલી જ મધુર બને છે.

હિંદુસ્તાનભરનું આ એટલું પરિચિત પંખી છે કે રૂપે કે રંગે એને ઓળખાવવું પડે એમ નથી. ચકલાં કબૂતર ને કાબર, એ ત્રણથી બચ્યો એને ભગવાને બચાવ્યો: કેમકે ત્રણે-ને મનુષ્યનો સહવાસ ખૂબ પ્રિય છે અને માણસના વસવાટમાં જ માળા બાંધી એને એ હેરાન પરેશાન કરી મૂકે છે.

સ્વભાવે જમીન પર જ રહેનારૂં હોઇ એનો આહાર મુખ્યત્વે જંતુ છે. મે થી ઑગસ્ટ સુધીના કાળમાં વાદળી રંગનાં ૪-૫ ઈંડાં એ મૂકે છે.

એમાં જ એક 'ઘોડાકાબર' કરીને જાત થાય છે. દેખાવે સામાન્ય કાબર જેવી જ. ભૂખરાં શરીર, નારંગી ચાંચ, પીળા પગ ને કાળી પાંખોથી એ તરત ઓળખાય છે. સ્ટેશનોનાં પ્લૅટફૉર્મનાં છાપરાંમાં અડ્ડા જમાવી બેઠેલી એ ત્રાસરૂપ મહામારી, એંજિનોના અવાજથી પણ ત્યાંથી ખસતી નથી. દિવસના ટોળે વળીને રહે, રાત્રે એક જ ઝાડ કે છાપરામાં ઊંઘે, છતાં એને માટે નવાઇની વાત એ છે કે માળા તો એ નદીતળાવની ભેખડોમાં જ બાંધે છે. આથી એને 'ગંગાકાબર' પણ કહે છે.

(શ્રી 'વનેચર'ના લેખ ઉપરથી સંપાદિત)

સિદ્ધાંત પરથી તો સૂર્યના વર્ણમંડળમાં ક્રમશ: જેમ ઉપર જતા જઇએ તેમ તેમ તાપ વધતો જાય છે એવું એક અસંભવિત તારણ નીકળતું હતું. ડૉ. સાહાએ આ વિષયમાં પોતાની શોધ આગળ વધારી રેખાઓ મોટી થવાનું મૂળ કારણ શોધી કાઢ્યું. હવામાનમાં જેમ જેમ ઉપર જતા જઇએ તેમ તેમ દબાણ ઓછું થતું જાય છે અને તેને લીધે ઉદ્ભવતા આયોનીઝેશનને લીધે આ રેખાઓ મોટી થાય છે, એ આખી વસ્તુ ડૉ. સાહાએ સમજાવી.

તેમના આ મૌલિક સિદ્ધાંતનું યોગ્ય મૂલ્યાંકન કરી કલકત્તા વિશ્વવિદ્યાલયે તેમને યુરોપ જવા માટે દસ હજાર રૂપિયાની શિષ્યવૃત્તિ આપી તેમનું બહુમાન કર્યું. આને લીધે ડૉ. સાહાને પશ્ચિમના કેટલાક અગ્રગણ્ય વૈજ્ઞાનિકોના સંપર્કમાં આવવાનો સુયોગ મળ્યો. એ જ વર્ષે એમને ગ્રિફિથ સ્મારક પુરસ્કાર પણ આપવામાં આવ્યો.

૧૯૨૦ની ૧૯મી સપ્ટેમ્બરે તેઓ ઇંગ્લંડ જવા નીકળ્યા. ત્યાં લંડનની સુપ્રસિદ્ધ ઈમ્પીરિયલ કૉલેજ ઑફ સાયન્સમાં પ્રો. ફાઉલરની પ્રયોગશાળામાં કામ કર્યું અને નક્ષત્રો તથા રશ્મિચિત્રો સંબંધી પોતાની મૌલિક શોધ દ્વારા 'ફિઝિકલ થીઅરી ઑાવ સ્ટેલર સ્પેક્ટ્રા' નામનો એક નવો સિદ્ધાંત વૈજ્ઞાનિક જગત સમક્ષ મૂક્યો. એમની આ નવી શોધથી વૈજ્ઞાનિક જગત મુગ્ધ બની ગયું અને નોબેલ પ્રાઇઝ વિજેતા જર્મન વૈજ્ઞાનિક નન્સ્ટે તો તેમને પોતાની પ્રયોગશાળામાં કાર્ય કરવા આગ્રહભર્યું નિમંત્રણ આપ્યું. એ જ સમય દરમિયાન મ્યૂનિચના પ્રો. સમરફીલ્ડે ભૌતિકશાસ્ત્રીઓની એક પરિષદમાં ડૉ. સાહાને તેમની શોધો પર વ્યાખ્યાન આપવા આમંત્ર્યા. જર્મનીમાં આ કામગીરીઓ બજાવી તે ઇંગ્લંડ પાછા ફર્યા ત્યારે તો વૈજ્ઞાનિક જગતમાં એ ખૂબ પ્રસિદ્ધિ પામી ચૂક્યા હતા અને ઇંગ્લંડના સર જે. જે થોમસન તથા રૂધરફોર્ડ જેવા પહેલી હરોળના વૈજ્ઞાનિકો પણ એમની શોધખોળમાં રસ લેવા લાગ્યા હતા.

હિંદુસ્તાન પાછા ફર્યા એટલે કલકત્તા વિશ્વવિદ્યાલયના વાઈસ ચેન્સલેર સર આસુતોષ મુખરજીએ વિજ્ઞાનની કૉલેજમાં ભૌતિક વિજ્ઞાનના આચાર્ય તરીકે તેમની નિમણૂક કરી.

૧૯૨૩માં તેઓ પ્રયાગ વિશ્વવિદ્યાલયમાં ભૌતિક વિજ્ઞાનના અધ્યક્ષ નિમાયા અને સતત પંદર વર્ષ સુધી આ પદ તેમણે પ્રશંસનીય રીતે સંભાળ્યું. ૧૯૩૮માં પ્રો. દેવેન્દ્રમોહન બસુ 'બસુ રીસર્ચ ઇન્સ્ટિટ્યૂટ'ના ડાયરેક્ટર તરીકે જતાં ડૉ. સાહા કલકત્તા વિશ્વવિદ્યાલયમાં બસુની જગાએ આચાર્ય તરીકે આવ્યા.

૧૯૨૭માં રૉયલ સોસાએટીએ તેમના એ મૌલિક કાર્ય માટે પોતાની સંસ્થામાં ફેલો તરીકે સ્વીકાર્યા. હિંદમાંથી ડૉ. સાહા પહેલાં શ્રી રામાનુજમ્, સર જગદીશ બોઝ અને સી વી. રામન્ એ ત્રણ જણને જ આ માનભરી પદવી આપવામાં આવી હતી. તે પછી આજ સુધીમાં ડૉ. બીરબલ શહાણી, ડૉ. કે. એસ કૃષ્ણન્ અને ડૉ. હોમી જે. ભાભા એ ત્રણને પણ આ માન મળ્યું છે.

૧૯૩૦માં બંગાળની રૉયલ એશિયાટિક સોસાએટીએ પણ 'ફેલો'ની માનભરી પદવી તેમને અર્પી. ૧૯૩૪માં મુંબઈમાં ભારતીય વિજ્ઞાન પરિષદના પ્રમુખ તરીકે તેમની વરણી કરવામાં આવી.

૧૯૩૫માં સુપ્રસિદ્ધ કાર્નેગી ટ્રસ્ટ તરફથી તેમને વિદેશયાત્રા કરી વાયુમંડળ સંબંધી શોધો માટે ફેલોશિપના સ્વરૂપમાં સારી એવી રકમ આપવામાં આવી. આ વખતની વિદેશયાત્રામાં એમણે ઘણા સમર્થ વૈજ્ઞાનિકો પાસે ઘણી અવનવી ચર્ચાઓ કરી પ્રકાશ પાડ્યો.

આટલી આંતરરાષ્ટ્રીય કીર્તિ કમાનાર આ વૈજ્ઞાનિકનું આંતરિક જીવન તદ્દન સાદું છે. સ્વભાવે એ અત્યંત નિખાલસ છે. ભૌતિક વિજ્ઞાનની સાથોસાથ ગણિતશાસ્ત્ર, રસાયણશાસ્ત્ર વગેરેનો પણ તેમને સુંદર અભ્યાસ છે. સ્વભાવથી પ્રાચીન ઇતિહાસ અને સંસ્કૃતિના ઉપાસક અને અભ્યાસી હોવાથી તેમણે હિંદની ભૂતકાલીન વૈજ્ઞાનિક પ્રગતિનું પણ સારું જ્ઞાન એકઠું કર્યું છે. હિંદુસ્તાનની ગરીબાઈ અને બેકારી ઘટાડવાના ઉપાય તરીકે ઉદ્યોગીકરણ અનિવાર્ય છે એમ તેઓ માને છે. શક્તિ અને સંગઠનની ઊણપને લીધે આ વીસમી સદીમાં પણ હિંદ મધ્ય યુગનું જીવન જીવી રહ્યું છે એ વાતનું તેમને દુ:ખ છે.

હિંદમાં અવનવા ઉદ્યોગોનાં સ્વપ્નાં અને યોજનાઓ તેમની આંખ સામે તરે છે. દેશભરમાં વહેતી મહાનદીઓની જલશક્તિની વિદ્યુત ઉત્પાદન માટેની યોજના તેમણે ઘડી છે. પોતાનાં જ્ઞાન અને શોધોને રાષ્ટ્રહિત માટે વાપરવા એઓ હમેશાં તત્પર હોય છે હિંદમાં વૈજ્ઞાનિક સંસ્થાઓ સ્થાપવામાં પણ તેમણે પ્રયત્નો કર્યા છે. તેઓ Indian Science News Association નામક સંસ્થા સ્થાપી તેના મુખપત્ર તરીકે પોતાની દોરવણી નીચે Science and Culture (સાયન્સ ઍન્ડ કલ્ચર) નામનું સામાયિક પણ ચલાવે છે.

ભવિષ્યમાં હિંદમાં નોબેલ પ્રાઈઝ જીતનાર ડૉ. સાહા હશે એવી કેટલાકની આશા અને અનુમાન સાચાં પડે એમ ઈચ્છીએ.

(શામળદાસ કૉલેજ મેગેઝીન) — લલિત ભટ્ટ

હરડે

દરેક રોગનું મૂળ કારણ પેટના મળ મનાય છે ને તેના કારણે પછી બીજાં અનેક દર્દો ઉત્પન્ન થાય છે. હરડે સામાન્યરીતે રેચક મનાય છે, પરંતુ આંતરડાંમાં જ્યાં સુધી દૂષિત મળ હોય છે ત્યાં સુધી જ તે રેચક અસર કરીને દોષોને સાફ કરે છે; પણ પછી તો ઝાડા બંધ થઈ જાય છે. મળમાંથી થતા ત્રણે દોષો (વાત, પિત્ત, કફ)નો નાશ કરવાનો હરડેમાં ગુણ છે. વળી હરડે મૂત્રાશયના વરમને પણ દૂર કરે છે. ઘણી વખત પેટમાં તથા હૃદય પર વાયુ અંગે થતાં દબાણો અને હૃદયના જુદીજુદી જાતના રોગો પર તેનું સેવન કરવાથી ઘણો ફાયદો થાય છે. આંતરડાંની શુદ્ધિ માટે તો તે શ્રેષ્ઠ ઔષધ મનાય છે. સંગ્રહણી અને મરડાનાં દરદો, કે જેમાં આમ પડતો હોય તેમાં, હરડેનું લાંબો વખત સેવન આંતરડાંનો સોજો દૂર કરી તે મટાડે છે. આંખના વ્યાધિમાં પણ હરડે અપાય છે. દમ માટે પણ લાંબો વખત સેવન કરવાથી હરડે હિતકારી બને છે. સાદી ખાંસી અને કફના દોષોનો તે નાશ કરે છે. ચામડીનાં સાદાં દર્દો પર તથા દીર્ઘકાળના સેવનથી કોઢ ઉપર તેનાથી ફાયદો થાય છે. આજના કેટલાક મહારોગો જે જગતની મહાન ઔષધિઓથી પણ ઘણી વખત સારા નથી થતા તે કેવળ હરડેના નિયમિત સેવનથી સારા થાય છે. તે ઉપરાંત કમળો, શૂળ, સોજા, આફરો, હેડકી અને બરોળ જેવા રોગો પણ હરડેથી મટે છે.

હરડેનો જુદીજુદી રીતે ઉપયોગ થાય છે, છતાં પણ ઉપર જણાવેલાં તમામ દરદો માટે કેવળ રાત્રે સૂતી વખતે બેઆની ભારથી ચારઆની ભાર સુધીની ફાકી નવશેકા પાણી સાથે ભરે તો આરામ થાય છે. હિંદમાં હરડે ઘણાં સ્થાનોમાં પેદા થાય છે. હીમજ અને હરડે એક જ ઝાડની પેદાશ છે. કાચી સૂકવીને તૈયાર થાય તેને હીમજ કહે છે, તેનાથી જરા મોટી તેને હરડાં કહે છે અને બધાંથી મોટા ફળને હરડે કહે છે. (ભારતી)

રેડિયો-છાપું

આજકાલ છાપું એ પ્રચારનું બહુ મોટું સાધન થયું છે. આપણે ત્યાં છાપાનો ખપ ફક્ત હજારથી મણાય છે, પણ રશિયા-અમેરિકામાં તો છાપાની લાખો નકલો ખપે છે. અત્યાર સુધી છાપાંઓને

ડર ફક્ત સરકારના જુલમનો જ હતો; પણ હવે છાપાંઓને માટે એક નવો જ ભય ઊભો થયો છે. તે ભય એ 'રેડિયો-છાપું'.

માર્કોનીએ જ્યારે રેડિયોની શોધ કરી ત્યારે તેની મદદથી ફક્ત 'તાર' મોકલાવી શકાતા. પછી રેડિયો ઉપર બોલેલું સંભળાવા લાગ્યું, અને ત્યાર પછી તો સ્ટુડિયોમાં થતાં દૃશ્યો પણ રેડિયોના પડદા પર દેખાવાં લાગ્યાં એ 'ટેલીવીઝન.' હવે આવતી કાલે આપણા ઘરનાં રેડિયોનું બટન દબાવતાં જ જગતની છેલ્લી ખબરોવાળું 'રેડિયો-છાપું' પટ દઈને રેડિયોમાંથી બહાર પડશે!

અમેરિકામાં આ 'રેડિયો-છાપા'નો પ્રયોગ પણ શરૂ થઈ ગયો છે. 'ફ્રિન્ચ ટેલી-કૉમ્યુનિકેશન ઈન્કૉર્પોરેટેડ' નામની એક કંપનીએ આ સાહસ કર્યું છે. ન્યૂ યૉર્કમાં ઑફિસોથી ભરચક એવી મોટી ૧૦૦ ઇમારતોમાં આ 'રેડિયો-છાપું' છાપનારા રેડિયો-સેટ્સ મૂકવામાં આવ્યા છે આ રેડિયો છાપાનું નામ 'એર એક્સપ્રેસ' રાખવામાં આવ્યું છે. કંપનીની મુખ્ય ઑફિસમાં તેનો પહેલો અંક તૈયાર કરવામાં આવે છે. તે અંક છપાઈને તૈયાર થાય કે તરત જ તેની પ્રતિમા ન્યૂ યૉર્કની ૧૦૦ ઇમારતોના રેડિયોસેટમાં દેખાય છે. ને તરત જ—ત્યાં ને ત્યાં, તે જ વખતે તેની સંખ્યાબંધ નકલો છપાઈને તૈયાર થાય છે. અને બટન દબાવતાં જ બહાર પડે છે.

'એર-એક્સપ્રેસ' એ ૮॥×૧૧ ઇંચના કદનાં ચાર પાનાંનું છાપું છે ને સવાર-સાંજ એમ બે વખત નીકળે છે. આ છાપાને રેડિયો મારફત મોકલાવતાં ફક્ત આઠ જ મિનિટ થાય છે એટલે જો ફ્રિન્ચ કંપનીનો એક રેડિયો-સેટ તમારે ઘેર બેસાડવામાં આવે તો ન્યૂ યૉર્કમા મુખ્ય ઑફિસે આઠ વાગ્યે તૈયાર થએલો તેનો અંક બરાબર આઠ ને આઠ મિનિટે તમારાં હાથમાં પડશે. ઉપરનો રેડિયો-સેટ જગતનાં સર્વ રેડિયો-સ્ટેશનોના કાર્યક્રમ સાંભળવામાં તથા ટેલીવીઝનનો કાર્યક્રમ જોવા માટે પણ ઉપયોગી થાય તેવો છે. (કિર્લોસ્કર)

આવતી કાલની સાયકલ

કેટલાક દિવસ પહેલાં લંડનમાં 'બ્રિટન કૅન મેઈક ઇટ'—(આ બ્રિટનમાં બને છે.) નામનું એક પ્રદર્શન ભરાયું હતું. તેમાં બી. જી. બૌડન નામના શાસ્ત્રજ્ઞે એક નવી જાતની સાઇકલ મૂકી હતી. તેની વિશેષતા એ હતી કે તેનાં પૈડાંની ધરીમાં જ એક ડાયનેમો અને એક મોટર બેસાડવામાં આવ્યાં છે સાઈકલ કોઇપણ ઢાળ ઊતરવા માંડે કે તરત જ તેના ડાયનેમોનાં ચક્રો ફરવા માંડે છે અને સામાન્યપણે નકામી જતી ગતિ-શક્તિ (મિકૅનિકલ એનર્જી)નું રૂપાંતર વીજળિક શક્તિમાં થઈ જાય છે. આ શક્તિને એકઠી કરી રાખવામાં આવે છે અને જ્યારે ઢાળ ચડવાનો હોય ત્યારે મોટર ચાલુ કરતાં જ એ વિદ્યુત-શક્તિનું રૂપાંતર ફરીથી ગતિ-શક્તિમાં થાય છે. આથી સાઈકલ ચલાવનારને બિલકુલ શ્રમ ન પડતાં સાઈકલ સહેલાઈથી ઉપર ચઢે છે. આમ, ઢાળ ઊતરતાં બ્રેક ઘસાતી નથી કે ઢાળ ચઢાવતાં હાંફવાની જરૂર પડતી નથી. આ ઉપરાંત બીજા પણ નાનાનાના સુધારા બૌડને કર્યા છે. તેણે એ સાઈકલનો આકાર મોટર સાઈકલ જેવો કર્યો છે. ફ્રેમમાં ભારે લોખંડની નળીઓને બદલે એરોપ્લેન બાંધવામાં વપરાતાં હલકાં પતરાંનો ઉપયોગ કર્યો છે, જેથી સાઇકલમાં ડાયનેમો તથા મોટરનાં ઘણાં યંત્રો વધવા છતાં પણ તેનું વજન એટલું ઓછું થયું છે કે આજની સાઈકલ કરતાં પણ વજનમાં તે હલકી થઈ છે અને એક હાથે સહેલાઇથી ઉચકી શકાય છે! બૌડનની આ સાઇકલ જલદી બજારમાં આવશે. (કિર્લોસ્કર)

હિંદના ભૂસ્તર-સર્વે ખાતાનો વિકાસ

એક મહાન ખંડ જેવડો આપણો આ દેશ જેટલો વિશાળ છે. તેટલો જ તે તેની ખનિજ-સમૃદ્ધિથી પણ ભરપૂર છે. પરંતુ આજ સુધી એ દિશામાં ખાસ જીવ જેવું વિકાસકાર્ય કંઈ થયું નથી. આપણા દેશની જમીનને આપણે પૂરી પિછાનતા નથી. તેની ભૂસ્તરીય રચના, તેમાં રહેલી સમૃદ્ધિ, તેના ખોદકામને લગતી વિદ્યા 'માઇનિંગ', વગેરે અગત્યની બાબતો ઉપર આપણા શિક્ષિતો કે યુવાનોનું પૂરૂં લક્ષ્ય ગયું નથી અને લગભગ અવિકસિત રહેલી એ દિશાના અભ્યાસ માટે ઘણા જ ઓછા વિદ્યાર્થીઓ રસ ધરાવે છે.

હવે દેશનો સ્વતંત્ર રાજવહીવટ પ્રજાના હાથમાં આવી રહ્યો છે એ તકે દેશની જે અનેક દિશાઓમાં રાષ્ટ્રીય દૃષ્ટિએ વિકાસ અને નિયોજન થઈ રહ્યાં છે તેમાં હિંદના ભૂસ્તર-વિજ્ઞાન ઉપર પણ આપણા અગ્રણી દેશચિંતકોનું ધ્યાન ખેંચાયું છે અને હિંદના 'ભૂસ્તર સર્વે' ખાતાનો શક્ય તેટલી વહેલી તકે વિકાસ કરાઈ રહ્યો છે. યુદ્ધ પહેલાં એ ખાતાના ગેઝેટેડ અધિકારીઓની સંખ્યા ૨૭ની હતી જ્યારે અત્યારે તે ૯૨ની છે અને તે પૈકીના માત્ર ૭ બિન હિંદીઓ છે. બિન-હિંદી 'ક્ષેત્ર અધિકારીઓ'ની સંખ્યા પાંચ છે અને હિંદી અધિકારીઓ તેમના કામની સાથે નિકટ રીતે સંકળાએલા છે. વળી સરકારે હિંદમાં ભૂસ્તર શિક્ષણની સુધારણા માટે ભલામણો કરવા એક સમિતિ નીમી હતી તેનો અહેવાલ તેણે હમણાં રજૂ કર્યો છે.

ભૂસ્તરવિદ્યા તથા ખાણને લગતી ઈજનેરી વિદ્યાનું શિક્ષણ આપતી એકમાત્ર અગ્રણી વિદ્યાસંસ્થા ધનબાદ ખાતેની 'ઇન્ડિયન સ્કુલ ઑવ માઇન્સ'નો વિકાસ વિચારાઈ રહ્યો છે. દેશમાં ખનિજવેત્તાઓ ઉત્પન્ન કરવા માટે શિવપુરની એન્જીનીઅરિંગ કૉલેજ તથા બનારસ હિંદુ વિદ્યાપીઠમાં ખનિજવિદ્યાને લગતી તાલીમની સગવડો છે. તાલીમ પામેલા વિદ્યાર્થીઓ બહાર પાડવાનું તેમનું અત્યારનું પ્રમાણ વર્ષના ૨૭ વિદ્યાર્થીઓનું છે, પણ ૧૯૫૦ સુધીમાં આ સંખ્યા બેવડી કરવાની ધારણા છે. ઉપરાંત બે ઉચ્ચ ટેકનીકલ સંસ્થાઓ સ્થાપવા માટેની પણ દરખાસ્ત કરવામાં આવી છે. જ્યારે એ સ્થપાશે ત્યારે તે વર્ષના આશરે ૪૦ વિદ્યાર્થીઓ બહાર પાડશે.

ભૂસ્તરવિદ્યા તથા ધાતુવિદ્યાના વિદેશ ખાતે અભ્યાસને માટે હિંદ સરકાર શિષ્યવૃત્તિઓ પણ આપે છે, અને તેઓ અભ્યાસ કરી પાછા આવ્યા બાદ સરકારી ખાતામાં અગર ખનિજ કે ધાતુઉદ્યોગોમાં નોકરીમાં જોડાવા માટે તેમને તક મળશે.

સરકાર તરફથી આજે બહાર મોકલવામાં આવેલા વિદ્યાર્થીઓની સંખ્યામાં ૨૨ ધાતુવિદ્યા માટેના, ૧૮ ભૂસ્તરવિદ્યા માટેના અને ૩ ભૂસ્તરભૌતિકવિદ્યા માટેના વિદ્યાર્થીઓ છે. તે ઉપરાંત બીજા નવા ૫ વિદ્યાર્થીઓની ધાતુવિદ્યા માટે, ૪ની ભૂસ્તરભૌતિકવિદ્યા માટે અને એકની ભમાપ-વિદ્યા માટે પસંદગી કરવામાં આવી છે.

આ ઉપરાંત હિંદ સરકારે હિંદના ભૂસ્તર વિષયક સર્વેના તેમજ ખનિજ વિષયક વૈજ્ઞાનિક કાર્યના વિકાસને લગતી એક પંચવર્ષીય યોજના ઘડી છે. યોગાનુયોગ એવો છે કે પાંચ વર્ષની આ યોજનાને ઇ. ૧૯૫૧માં પાંચ વર્ષ પૂરાં થશે તે જ વરસે આપણા દેશની ભૂસ્તરવિષયક સર્વેને પણ સો વર્ષ પૂરાં થશે. (એ ખાતાની સ્થાપના ઈ. ૧૮૫૧માં થઈ હતી.) હિંદી સરકારની અપેક્ષા છે કે એ શતાબ્દી વર્ષમાં આ પંચવર્ષીય યોજનાને પરિણામે એ ખાતાની પ્રગતિ અને સિદ્ધિ એ શતકને ટોચે પહોંચાડશે.

ચીનને માટે હિંદી વિદ્યાર્થીઓ

હિંદ અને ચીન વચ્ચેના સાંસ્કૃતિક સંબંધો મજબૂત વધારવાની દૃષ્ટિથી હિંદ સરકારે ચીનાઈ વિદ્યાપીઠોમાં ચીનાઈ ભાષા-સાહિત્ય, ફિલસૂફી, ઇતિહાસ, કલા-કારીગરી, સમાજશાસ્ત્ર અને પુરાતત્ત્વના

અભ્યાસને માટે બાર સ્કૉલરશિપો (શિષ્યવૃત્તિઓ) કાઢી છે.

૧૯૪૬ના ડીસેમ્બરમાં બોલાવવામાં આવેલી પસંદગી સમિતિની સલાહ પરથી આ શિષ્યવૃત્તિઓને માટે ૧૨ ઉમેદવારોની પસંદગી કરવામાં આવી હતી. તેઓ પૈકીના એકે ઑફર સ્વીકારી નથી. એક મહિલા વિદ્યાર્થિની સહિત બાકીના અગિયાર ૧૯૪૭ના એપ્રિલમાં ચીન જવાના હતા. પસંદ કરવામાં આવેલા ઉમેદવારોમાં 'કુમાર'ના વાચકોને પરિચિત ગુજરાતી કલાકાર શ્રી યજ્ઞેશ્વર શુક્લ પણ છે.

વિટામિન વિષે

લેખક
નટવરલાલ શાહ

[૪] વિટામિન 'સી'

માણસના શરીરની ચેતનાને માટે આ વિટામિન બહુ અગત્યનું ગણાય છે. સામાન્યરીતે લીલાં શાકભાજી, ટમેટાં, કોબીજ તેમજ સરગવાની શીંગ તથા તેનાં પાંદડામાં એ સારા પ્રમાણમાં છે. મૂળા, બટાટા, ગાજર અને ડુંગળીમાં પણ તે રહેલું છે. પરંતુ ખાસ તો લીંબુ, દ્રાક્ષ, નારંગી, મોસંબી વગેરે ખાટાં ફળોના રસ તેમજ છાલમાં તેનું પ્રમાણ વધારે છે; ને તેથી યે વધુ તેનું પ્રમાણ તાજાં લીલાં આમળાં અને ગુલાબ–ફળી (Rose-hipe)માં છે.

ફણગા ફૂટેલાં અનાજ તેમજ કઠોળમાં 'સી'નું પ્રમાણ ખૂબ વધી જાય છે. ૧૯૧૯માં બ્રિટિશ કમિટીએ બહાર પાડેલું કે ફણગા ફૂટેલાં અનાજમાં 'સી'નું પ્રમાણ વધીને શાકભાજીની બરોબરીએ આવે છે. ગાય, બકરી ને ભેંશનાં દૂધમાં તથા સ્ત્રીના ધાવણમાં 'સી'નું પ્રમાણ તે તે પશુના ખોરાકમાં આવતા 'સી'ના પ્રમાણ પર આધાર રાખે છે.

આ વિટામિન પાણીમાં તરત જ ઓગળી જાય છે. પણ તેને માટે ખાસ સાવચેતી લેવાની એ છે કે હવા અથવા પ્રાણવાયુની હાજરીમાં અને ખાસ કરીને 'ન્યૂટ્રલ' તેમજ 'આલ્કેલાઇન' પ્રવાહીમા અથવા થોડા જ પ્રમાણમાં ત્રાંબા તથા લોખંડની હાજરીમાં ગરમ કરવાથી તે નાશ પામે છે.

ફળો તેમજ શાકભાજીમાં 'ઍસ્કોર્બિક ઍસિડ ઑક્સિડેઝ' નામનો એક 'એન્ઝાઇમ' રહેલો છે તે પણ 'સી'નું પ્રમાણ ઓછું કરે છે; માટે ફળ તથા શાકભાજી ઝાડ પરથી ઉતાર્યા પછી તરત જ વાપરવાં જોઇએ યા ઠંડકમાં કે રેફ્રીજરેટરમાં રાખવાં જોઇએ. છતાં સૂકવવાથી, મુરબ્બો કરવાથી, મીઠા કે 'સલ્ફાઇટ' સાથે રાખવાથી તેનું પ્રમાણ ઠીકઠીક જળવાઈ રહે છે, અથવા તો ધીરેધીરે ઘટતું જાય છે.

અમેરિકાની નૅશનલ રીસર્ચ કાઉન્સિલની ખોરાક અને પોષણકાર્ય માટે નીમાએલી કમિટીએ પુખ્ત વયના મનુષ્ય માટે દૈનિક સામાન્ય જરૂરિયાત તરીકે આ વિટામિન ૭૫ મિલિગ્રામ નક્કી કર્યા છે. બાળપણ, વૃદ્ધાવસ્થા, ગર્ભાવસ્થા તેમજ સ્ત્રીઓને દૂધ ભરાવાના સમય દરમિયાન 'સી'ની જરૂરિયાત ઘણી જ વધારે રહે છે.

બૅક્ટીરિયા (સૂક્ષ્મ જંતુઓ) તેમજ ટૉક્સિનના હુમલાથી બચવા માટે શરીરને 'સી'ની ખાસ જરૂર છે. ક્ષય, ડીપ્થેરીઆ, ટાઇફૉઇડ, ન્યૂમોનિયા, ઉટાટિયું અને બીજાં થોડાં દર્દો દરમિયાન 'સી'ની જરૂરિયાત અનેકગણી વધી પડે છે અને આ દર્દો દરમિયાન મુખ્ય સારવારની સાથે 'સી'નું ઈન્જેક્શન નસમાં લેવાથી અગર 'સી' ની ટીકડીઓ ખાવાથી તે ખૂબ મદદગાર થાય છે.

ઘાં રૂઝવવામાં, હાડકાંના બંધારણમાં, દાંતના ડેન્ટીન તેમજ સૂક્ષ્મ રક્તવાહિનીઓને બરાબર રાખવામાં પણ 'સી'ની ખૂબ જ જરૂર પડે છે અને રાતા લોહીનાં કણ વધારવામાં પણ આ વિટામિન ઘણો અગત્યનો ભાગ ભજવે છે.

આ માસ (મે) ઈતિહાસમાં

તા. ૧ જગતને બીજા મહાયુદ્ધમાં હોમનાર હિટલરનું મૃત્યુ(?), ૧૯૪૫
તા. ૫ સામ્યવાદના આદ્યપ્રણેતા કાર્લ માર્ક્સનો જન્મ, ૧૮૧૮
તા. ૮ મ. ગાંધીજીના રાજકારણી ગુરુ ગોખલેજીનો જન્મ, ૧૮૬૬
તા. ૯ શહેનશાહ નેપોલિયનનું સેંટહેલિના બેટ પર અવસાન, ૧૮૨૧
તા. ૧૧ સત્તાવનના સ્વાતંત્ર્યયુદ્ધમાં હિંદી સિપાહીઓએ અંગ્રેજોને હરાવીને દિલ્હી પર પોતાનો વિજયી ઝંડો ફરકાવ્યો, ૧૮૫૭
તા. ૧૫ શ્રીરંગપટ્ટણ પાસે અંગ્રેજોને હાથે ટીપુની છેલ્લી હાર, ૧૭૯૧
તા. ૨૦ પહેલો યુરોપીયન વાસ્કો ડિ ગામા કાલિકટ ઊતર્યો, ૧૪૯૮
તા. ૨૨ ઈંગ્લંડમાં અંગ્રેજ સ્ત્રીઓને મતાધિકાર મળ્યો, ૧૯૨૮
તા. ૨૫ સમર્થ કેળવણીકાર આશુતોષ મુખરજીનું અવસાન, ૧૯૨૪
તા. ૩૧ દક્ષિણ આફ્રિકાનું યૂનિયન સ્થપાયું, ૧૯૧૦



આ માસની વ્યક્તિવિશેષ

ફ્લૉરેન્સ નાઈટિંગેલ

દરદીઓની શુશ્રુષાનો ઉત્તમ આદર્શ જગત આગળ મૂકી જનાર તથા 'લેડી ઑવ ધ લૅમ્પ'ના લોકપ્રિય નામથી દુનિયાભરમાં ખ્યાત થએલી આ પરોપકારી બાઇનો જન્મ ૧૮૨૦ની ૧૨મી મેએ ઈંગ્લંડમાં આગેવાન ગર્ભશ્રીમંત કુટુંબમાં ફ્લૉરેન્સ ગામે થયો હતો. નાનપણથી જ તેનું ઋજુ હૃદય દરદીઓની સુશ્રુષા માટે આતુર રહેતું, પણ એ કાળે નર્સનો ધંધો અપકીર્તિવાળો લેખાતો હોઇ માબાપ તેની વિરુદ્ધ હોવાથી તેણે ચોરીછુપીથી નર્સનું શિક્ષણ લીધું અને એક ઑસ્પિટલમાં સુપરિન્ટેન્ડેન્ટ નિમાઈ.

એવામાં ઇંગ્લંડ અને રશિયા વચ્ચે એ કાળે ચાલતા ક્રીમિયન યુદ્ધમાં ઘવાએલા તથા માંદા અંગ્રેજ સૈનિકોની સારવાર બરાબર ન થવાને લીધે તેમનું મૃત્યુપ્રમાણ ૪૨ ટકા પર પહોંચ્યું છે એવા સમાચાર છાપામાં વાંચીને તેનું હૃદય વલોવાઈ ગયું. તરત જ યુદ્ધકચેરી પર જઇ સૈનિકોની સારવાર કરવા પોતાને ક્રીમિયા જવા દેવાની તેણે પરવાનગી માગી ને ૧૮૫૪માં ૩૮ નર્સોની એક ટુકડી લઇને તે ત્યાં પહોંચી ત્યાં લશ્કરી ઑસ્પિટલની બધી વ્યવસ્થા પોતાને હાથ લઇ તેને એવી તો કાર્યક્ષમ બનાવી કે જોતજોતાંમાં મૃત્યુનું પ્રમાણ ૪૨ પરથી ૨ ટકા પર આવી ઊભું. દરદીઓની સારવાર પાછળ તે તનતોડ મહેનત લેતી. રોજના વીસવીસ કલાક દરદીઓની સેવામાં ખડે પગે રહેતી. દિવસના અખંડ પરિશ્રમ કરવા છતાં ય રાતના તે હાથમાં દીવો લઇને દરદીઓની ખબર લેવા નીકળતી. આથી જ તે 'લેડી ઑવ ધ લૅમ્પ'ના વ્હાલસોયા નામથી જાણીતી થઈ છે. ઘાયલ તથા માંદા સૈનિકો તેની હાજરીથી તથા પ્રેમભરી વાતચિતથી જ અરધા સારા થઈ જતા આ કાર્યમાં વચ્ચે તે ૧૨ દિવસ સુધી 'ક્રીમિયન ફીવર' નામના ભયંકર તાવમાં સપડાએલી, છતાં પોતાની જગ્યા છોડી જવાની તેણે સાફ ના પાડી.

યુદ્ધ પૂરૂં થયા પછી ૧૮૫૬માં તે ઇંગ્લંડ પાછી ફરી ત્યારે લોકોએ એ વીર સ્ત્રીને યોગ્ય એવું માન તેને આપ્યું અને ૫૦ હજાર પાઉન્ડની થેલી તેને અર્પણ કરી, જેમાંથી તેણે નર્સનું ઉત્તમ શિક્ષણ આપનારી શાળા શરૂ કરી. શેષ આયુ પોતાના ગામડામાં જ ગાળી ૧૯૧૦ની ૧૩મી ઑગસ્ટે એ સેવાભાવી સ્ત્રી અવસાન પામી.

સતી નાર ભોરીંગ-મણિ | શૂરા-શરણાગત,
કરપી-ધન ને સિંહ-મૂછ | મુએ જાય પર હથ.

રા.બ. રણછોડલાલ છોટાલાલે પોતાની બુદ્ધિની કેળવણી એવી સૂક્ષ્મરીતે કરી હતી કે નિત્યવ્યવહાર, વાર્તાલાપ આદિ બોલવા કરવાની ચોકસાઈમાં કદી ચૂકતા નહિ. મુત્સદ્દી પણ પૂરા. એમને પૂછીએ કે 'કેમ ભાઈસાહેબ, ઘેરથી આવ્યા?' તો તરત જવાબ ન દે ક્ષણભર થોભે; પછી કહે: 'હં? હા—ઘેરથી આવ્યો.' એ ક્ષણભર અવકાશમાં ગુપ્ત મનન કરી લે કે શા હેતુથી સામાએ આ પ્રશ્ન પૂછ્યો હશે?

કહેવતોના અર્થ: 'સુતારના ઘરનો દીવો.' ધીમાવેડાને કારણે કોઈ કામમાં અતિશય ઢીલ થાય તે દર્શાવવા માટે કટાક્ષ કરતી આ કહેવત પાછળ વાત છે કે એક સુતારે ખરે બપોરે પોતાની સ્ત્રીને દીવો કરવાનું કહ્યું. એ સાંભળીને પાસે બેઠેલા માણસે આશ્ચર્યથી તેનું કારણ પૂછતાં સુતારે જવાબ દીધો કે અત્યારથી કહીશ ત્યારે માંડ રાત પડતાં દીવો કરશે! એને મળતી બીજી કહેવતો: 'વાત કરતાં વાંઝણી વીઆય'; 'સોઢી શણગારે ત્યાં બજાર ઊઠી જાય'; 'આંધળીને પાથરતાં વહાણું વાય'; વગેરે

અનેકાર્થી શબ્દ: **દોરિયો:** એક જાતનું ઉપસેલા દોરાના વણાટવાળું કાપડ; પાણી ખેંચવાનું એક વાસણ; ગળાનું એક ઘરેણું. લાંબો પાતળો વાંસ.

ગણિત-ગમ્મત: કોઇ પણ પૂર્ણાંક સંખ્યાનો વર્ગ કરવો હોય તો તેની આજુબાજુની નજીકની સંખ્યાઓનો ગુણાકાર કરીને તેમાં ૧ ઉમેરવો; એટલે તે સંખ્યાનો વર્ગ આવી રહેશે. દાખલાતરીકે ૫નો વર્ગ કરવો હોય તો, ૫ ની આજુબાજુની નજીકની સંખ્યા ૪ ને ૬. તેમનો ગુણાકાર ૪×૬=૨૪; તેમાં ૧ ઉમેરતાં ૨૫; એટલેકે ૨૫=૫^{2} તેજ રીતે ૧૨નો વર્ગ કરવો હોય તો ૧૧×૧૩=૧૪૩+૧=૧૪૪=૧૨^{2}. તે જ રીતે ૧૯ નો વર્ગ: ૧૮×૨૦=૩૬૦+૧=૩૬૧=૧૯^{2}. —મ. નાં. ખત્રી

ચીનનો હુનાન પ્રાંત સુંદર રમણીઓ માટે પ્રસિદ્ધ છે. પણ ત્યાં લગ્નની બહુ ખટપટ નથી. ગામડાનો તરુણ પોતાની પ્રેમિકાને સોય મોકલે તે જો સામી તેમાં દોરો પરોવીને પાછી મોકલે એટલે સંમતિ મળી ગઇ ગણાય.

ઈટાલીમાં આવેલા સીમોનેટાના મહાલયની રચના એવી છે કે તેમાં કરેલા એક અવાજનો પડઘો ૩૧ વાર સંભળાય છે.

રંગતી વખતે રંગની ડોલ કે ટબલાંને મોઢે મધ્ય ભાગે એક જાડો મજબૂત દોરો બાંધી રાખજો. પીંછીમાં રંગ લેતી વખતે વધારાનો રંગ નીતારવા માટે પીંછીને ડોલની કિનારે લૂછવાને બદલે એ દોરા ઉપર નીતારશો તો રંગ બધો ડોલની વચ્ચોવચ્ચ જ પડશે, અને ડોલનાં પડખાં ખરડાઇને રંગ તથા ડોલ જેમ બગડે છે તે બગડશે નહિ.



અમેરિકાના પાટનગર વૉશિંગ્ટનની વસતિગણત્રી કચેરીમાં એક ઘંટ રાખવામાં આવ્યો છે. જે દર તરતેર સેકંડે વગાડવામાં આવે છે. અમેરિકામાં દર તેર સેકંડે એક બાળક જન્મે છે એવી ગણત્રી નીકળી છે તેના સૂચક તરીકે!

બાળકો ત્રણ માસનાં થાય ત્યાં સુધી આંસુ પાડી શકતાં નથી.

અમેરિકાના ટ્રેઝરી બિલ્ડિંગ (કોષ-કચેરી-મહાલય)ના corner-stoneમાં બાળકના વાળનું એક ઝુલ્ફું છે.

ઍન્ડ્રૂ જૅકસન પાસેથી કોઈકે કૈંક કિંમતી વસ્તુની માગણી કરી ત્યારે તેણે પોતાના પૌત્રના વાળની એક લટ કાપીને આપી.

સર ઍલેક્ઝાન્ડર ફ્લેમિંગે સાબિત કર્યું છે કે માણસનાં આંસુ અત્યંત જંતુનાશક હોય છે. તેણે એક નળીમાં ભરેલાં કેટલાંયે લાખ જંતુઓમાં એક જ ટીપું આંસુનું નાખ્યું અને બધા જંતુઓ ખલાસ થઇ ગયા.



કલાકણિકા: હિંદનો પ્રાચીન બખ્તરીટોપ



(આ માસનો કટાક્ષ) **શાહીનો પાટો** ('રેખા'માં ચકોર)
મ૦ ગાંધીજી અને જ૦ ઝીણાએ શાન્તિ માટે સંયુક્ત અપીલ બહાર પાડી છે.